વર્ષ : ૪૩ ❖ અંક : ૭
જુલાઇ - ૨૦૧૯

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત


Retail Price Rs. 10/- Each

# દિવ્યધ્વનિ


આધ્યાત્મિક મુખપત્ર




**ગુરુ કારીગર સારિખા, ટાંકી વચન વિચાર,**
**પથ્થર સે પ્રતિમા કરે, પૂજા લહે અપાર.**



શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org



# શ્રી સદ્ગુરુ મહિમા



આત્મા ઔર પરમાત્મા, અલગ રહે બહુ કાલ,
સુંદર મેલા કર દિયા, સદ્ગુરુ મિલા દલાલ.
ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિટે ન ભેદ,
ગુરુ બિન સંશય ના મિટે, જય જય જય ગુરુદેવ.
પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.
પારસ ઔર સુસંતમેં, બડો અંતરો જાન,
વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન.
સંતનકી સેવા કિયા, પ્રભુ રિઝત હૈ આપ,
જાકા બાલ ખિલાઈએ, તાકા રિઝત બાપ.
બલિહારી ગુરુ આપકી, પલ પલમેં કંઇ બાર,
પશુ મેટ હરિજન કિયા, કછુ ન લાગી બાર.
સાત સમુંદરકી મસિ કરું, લેખની કરું વનરાઈ,
સબ ધરતી કાગજ કરું, ગુરુગુણ લિખા ન જાય.
સંત બડે પરમારથી, સીતલ વાકો અંગ,
તપત બુઝાવત ઔરકી, દે દે અપનો રંગ.
ઝળતો બળતો આત્મા, સંત સરોવર જાય,
સત્સંગરૂપી લહેરમાં, તરત શીતળ થાય.
મોટામાં મોટો ગણાયો, ગુરુ તણો મહિમાય,
સદ્ગુરુને ઉરથી સેવતાં, ખરો ઈશ ઓળખાય.
ગુરુ ઐસા ચાહિયે, જૈસા પૂનમચંદ,
તેજ દિયે તપે નહિ, ઉપજાવે આનંદ.
ગુરુની મૌન વાણીથી, ધોવાય શિષ્યના ઉર,
પ્રકાશે અંગે અંગોમાં, આત્મજ્ઞાન તણું નૂર.
તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુઃખ,
કર્મરોગ પાતિક ઝરે, નિરખત સદ્ગુરુ મુખ.
સદ્ગુરુ મિલા તો સબ મિલા, નહિતર મિલા ન કોઇ,
માત, તાત અરુ સ્નેહીજન, સો તો ભવોભવ હોય.
દાદુ સતગુરુ સહજ મેં, કિયા બહુત ઉપકાર,
નિરધન ધનવંત કરિ લિયા, ગુરુ મિલા દાતાર.

-: પ્રેરક :-
શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-
શ્રી મિતેશ એ. શાહ
ફોન : (૦૭૯) ૨૭૫૦૩૯૫૬

-: સ્વત્વાધિકારી :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂ. ૪૦૦
આજીવન રૂ. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) પ્રભુસ્મરણ અને સત્સંગ . પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૬
(૩) આત્માની અદાલતમાં જાતતપાસ ..................... ......................ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯
(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન.. પ્રા. ચંદાબહેન પંચાલી...૧૧
(૫) શ્રી સામાયિક પાઠ ........... પૂજ્ય બહેનશ્રી .... ૧૪
(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ...શ્રી અશોકભાઈ શાહ .... ૧૬
(૭) મુન્યાચાર .............. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૦
(૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર .. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૨
(૯) આત્માની કર્મ શક્તિ .... શ્રી વલભજી હીરજી .... ૨૫
(૧૦) શ્રી સદ્‌ગુરુ : સંસ્કૃતિ .. શ્રી ગુણવંત બરવાળિયા .... ૨૬
(૧૧) બલિહારી ગુરુ આપકી .... શ્રી ભાનુબેન શાહ .... ૨૯
(૧૨) ગુરુપૂર્ણિમા .......... શ્રી પૂર્ણિમાબેન શાહ ....... ૩૧
(૧૩) પુસ્તક સમાલોચના ..... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૨
(૧૪) બાળવિભાગ ........... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૩
(૧૫) જીવનસુમન : દિવાળી પુસ્તિકા .................. ૩૫
(૧૬) સમાજ-સંસ્થા દર્શન ............................. ૩૭

**વર્ષ : ૪૩ જુલાઇ, ૨૦૧૯ અંક - ૭**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank :** Kotak Mahindra Bank
**Branch :** Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

શ્રી ‘આત્મસિદ્ધિ’ માં આપે લખ્યું છે -
“વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ.”

આમ તો દરરોજ આ ગાથા રોજ હું બોલું છું. આજે પણ બોલી પરંતુ ‘મોક્ષસ્વભાવ’ શબ્દ આવતાં મન વિચારે ચડ્યું ! અનંતકાળની રઝળપાટ પછી આપ મળ્યા, પ્રત્યક્ષ સદ્ગુરુદેવ મળ્યા. સાચો માર્ગ મળ્યો, પરંતુ મનમાં અશાંતિ થઇ ગઇ !

નવું ઘર લીધું હોય, ત્યાં ખૂબ ગમી ગયું હોય અને અચાનક કોઇ કારણસર છોડવાનું થાય, વર્ષો પછી કોઇ આત્મીય સ્વજન મળ્યા હોય અને થોડા સમયમાં તેમનો વિયોગ થાય તો મનમાં કેટલું દુઃખ થાય ! તેવું જ આજે મને ‘મોક્ષસ્વભાવ’ બોલતાં, તેનાથી થનારી મોક્ષપ્રાપ્તિની સંભાવનાથી થયું !

આપના ઉપદેશથી અમે અશુભભાવમાંથી શુભભાવમાં આવ્યા અને સાધનાના પંથે પ્રયાણ શરૂ કર્યું. પરંતુ જો મોક્ષની પ્રાપ્તિ થાય તો આપનો અને સદ્ગુરુદેવનો વિયોગ થશે. મોક્ષની આવી મોટી કિંમત ચૂકવવી પડશે ! આ અમને રૂચતું જ નથી. મારી તો ભાવના છે -

“હે પ્રભુ! તને મળ્યા પછી અમને મોક્ષની આશા રહી નથી,
લાખ લાખ ભવ થાય તો પણ નિરાશા રહી નથી.
મોક્ષ મળે તો તને ગુમાવું, એ વિચાર મને મૂંઝવે !
તારા વિના કેમ જીવવું, એ વિચાર મને સતાવે.
તારા અમૃતવચનોથી, તૃપ્તિનો જે અનુભવ થતો,
એવા અનુભવ વગરનો મોક્ષ મને નથી રૂચતો.
મોક્ષનું મને કામ નથી, પણ ભક્તિ તારી આપજે,
બીજું કંઇ આપવું હોય તો શક્તિ સેવાની આપજે.”


॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

**પત્રાંક ૨૧૩**

**મુંબઈ, ફાગણ સુદ ૪, શનિ, ૧૯૪૭**



આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઇ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઇ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે. માટે ફરી ફરી તે સત્પુરુષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.

સંસાર કેવળ અશાતામય છે. કોઇ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઇ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઇ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રન્થાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઇ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.

ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં પણ એવી કોઇ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરુષને અમે ફરી ફરી સ્તવીએ છીએ.

એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે; તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે, એવાં સત્પુરુષનાં અંતઃકરણ, તે જોઇ અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ.

હે પરમાત્મા ! અમે તો એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય. તેમ છતાં જૈન ગ્રંથોમાં ક્વચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય; તો આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ, અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષના જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.

હે પુરુષપુરાણ ! અમે તારામાં અને સત્પુરુષમાં કંઇ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે; કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહીં; એ જ તારું દુર્ઘટપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે. કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી, અને તારાથી પણ સરળ છે, માટે હવે તું કહે તેમ કરીએ.

હે નાથ ! તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરુષને વિશેષ સ્તવીએ છીએ. જગત આખું તને સ્તવે છે; તો પછી અમે એક તારા સામા બેઠા રહીશું તેમાં તેમને ક્યાં સ્તવનની આકાંક્ષા છે; અને ક્યાં તને ન્યૂનપણું પણ છે ?

**(અનુસંધાન પાના નં. ૮ પર...)**

# પ્રભુસ્મરણ અને સત્સંગ દ્વારા આત્મબળની વૃદ્ધિ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



ભગવાનની આજ્ઞા છે કે આપણે હંમેશાં સારા વિચાર કરવાં જોઈએ, પણ હંમેશાં સારા વિચારો ક્યારે આવે ? જો આપણે સત્સંગ કરીએ, સારું વાંચન કરીએ અને સદાચારના પ્રાથમિક નિયમો પાળીએ તો જ સારા વિચાર આવે. કહેવત છે ને કે -

*"જેવો સંગ તેવો રંગ."*

જે વ્યક્તિ વ્યસની હોય, અપશબ્દો બોલતો હોય, ગમે તેવું અવ્યવસ્થિત જીવન જીવતો હોય તેવાનો સંગ કરવો નહિ. અત્યારે લગભગ ૯૫% મનુષ્યો આવા હોય છે. માટે વિચારીને સંગત કરવી. જેમનામાં માનવીય ગુણો હોય તેવા ક્ષમાવાન, દયાવાન, ચારિત્રવાન, નિઃસ્પૃહ, પરોપકારી, મૈત્રી આદિ ભાવવાળા મનુષ્ય હોય તેઓનો સંગ કરવો. તેવા મનુષ્ય ન મળે તો શોધવા તથા રોજ પરમાત્માને પ્રાર્થના કરવી કે હે પ્રભુ ! મને સત્સંગ આપો. મને સત્પુરુષો અને સજ્જનોનો સંગ મળો. હે પ્રભુ ! મને સાચા વિચાર, સાચું સ્મરણ, સાચું ધ્યાન અને સાચી સમજણ આપો.

વારંવાર સારા વિચાર કરીએ એટલે સ્મરણ થાય અને સ્મરણ વારંવાર ભાવપૂર્વક કરવાથી ઘટ બને એટલે ધ્યાન થાય અને ધ્યાનનું ફળ તે સમાધિ છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃત પત્રાંક - ૫૬૯ માં કહ્યું છે,

*"જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મ-સમાધિ પ્રગટે."*

આ પ્રમાણે સુમિરનની ટેવ પાડવી. મંત્રસ્મરણની ટેવ પાડવી. મંત્રસ્મરણ દરેક જગ્યાએ કરી શકાય. ખાતાં - પીતાં, સૂતાં-ઉઠતાં, બેસતાં, હરતાં-ફરતાં, હૉસ્પિટલ, બેન્ક, કોર્ટ, ઈત્યાદિ ગમે તે સ્થળે, ગમે તે અવસ્થામાં ભગવાનના નામનું સ્મરણ કરી શકાય છે. 'આલોચના પાઠ'માં કહ્યું છે કે,

"ઘડી ઘડી પલ પલ સદા,<br>
પ્રભુ સ્મરણ કો ચાવ;<br>
નરભવ સફલો જો કરે,<br>
દાન શીલ તપ ભાવ."

આપણને કેવી રીતે ખબર પડે કે આ ભાઈ કે બહેન વારંવાર સારું સ્મરણ કરે છે ? તો તેના માટે દોહાની બીજી લીટીમાં કહ્યું છે કે - જેના જીવનમાં દાન, શીલ, તપ અને ભાવ હોય તેનું સ્મરણ સાચું છે. જેમ કોઈ બહુ સારી કસરત કરતો હોય, યોગ, દંડબેઠક, યોગાસન કરતો હોય, હટ્ટોકટ્ટો હોય તો તેની આવી ચેષ્ટાઓ તથા તેની શરીરની રચના જોઈને આપણને તરત જ ખ્યાલ આવી જાય કે આ ભાઈ પહેલવાન છે. એમ કોઈ જીવ જો ભાવપૂર્વક પરમાત્માનું સ્મરણ કરતો હોય તો તેનું જીવન બદલાઈ જાય છે. સદ્ગુણસંપન્ન બની ક્રમશઃ સાધનામાર્ગે આગળ વધતાં વધતાં આત્મજ્ઞાન અને આત્મસમાધિ પામે છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી શ્રીઆત્મસિદ્ધિ શાસ્ત્રની ગાથા-૪૧ માં કહે છે,

"જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;<br>
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ."

જ્ઞાન વર્ધમાન થતાં પૂર્ણ ખીલી ઊઠે છે અને શ્રદ્ધા દૃઢ થાય છે. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે,

"વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;

ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ.''

આવી ગહન વાત સમજવા માટે ગુરુગમસહિત જીવનસમર્પણ કરવું જોઇએ. આપણને જો ખાણીયું સોનું મળે તો આપણે તેને ફેંકી દઇએ પણ જો તે જ સોનાને અલગ અલગ સોળ ભઠ્ઠીઓમાં નાખીને તપાવવામાં આવે તો તે સોળવલીનું સોનું થાય. તેમ આપણે પણ જો સત્પાત્રતા સહિત સાધના કરીએ તો ધીમે-ધીમે સંત બની જઇએ. કબીરદાસજી કહે છે કે,

''કબીરો બિગડ ગયો, સાધુ કે સંગમેં કબીરો બિગડ્યો,
બિગડ બિગડ કે સંત ભયો, કબીરો બિગડ ગયો.''

આપણા જેવા સુધરેલા, પૈસાવાળા, ઊંચીજાતવાળા કાંઇ બગડીએ ખરા ? આપણે તો કહીએ કે 'ના સાહેબ, તમે બધા આવું બધું કરો. અમને તો સમય મળે તો અમે સિમલા, નૈનિતાલ, પંચગિની જઇને મોજમજા કરીએ. ભગવાન, ધર્મ, સદ્‌ગુણો, લોકોની સેવા આવું બધું અમારા જેવા પૈસાવાળાને ન હોય ! અમે તો ભણેલા-ગણેલા કહેવાઇએ ! તમે કહો છો કે મોક્ષમાર્ગે ચાલો, આગળ વધો એવું અમને ન ફાવે !!' મોક્ષમાર્ગ શું છે ? તે સદ્‌ગુરુ સમજાવે છે કે, પોતાની શક્તિ અને કર્મનો ઉદય એ બન્નેનું દ્વદ્વયુદ્ધ એટલે મોક્ષમાર્ગ.

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી મોક્ષમાર્ગ પ્રાપ્તિના અવરોધરૂપ બે મોટા દોષ બતાવતા કહે છે કે, ''જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.'' અહીં જીવનું કહેતા 'મારું' એમ સમજવું અને 'અનધિકારીપણું' એટલે મારામાં સત્પાત્રતા નથી એમ સમજવું. તે કેવી રીતે લાવવી ? તો હું ક્રોધ કરીશ નહીં કારણ કે હું ક્ષમા સ્વરૂપી આત્મા છું. મારે છળ-કપટ કરી પૈસા કમાવા નથી. હું પરિશ્રમપૂર્વક, ન્યાય-નીતિપૂર્વક પૈસા કમાઇશ. આમ, આવા સદ્‌ગુણો પ્રગટ કરવાં. 'સત્પુરુષના યોગ વિના સમજાતું નથી.' હવે, આપણે નિર્ણય કરવો કે આપણે વધારે ક્યાં રહેવું ? કોના સમાગમમાં રહેવું ? તો સંતોના સંગમાં રહેવું.

અધ્યાત્મયોગી એવા શ્રીકુંદકુંદસ્વામી જેવા મહાપુરુષ તો ૧૦ વર્ષની નાની વયે જ માતા-પિતાને કહે છે કે હું જાઉં છું. આપનો ખૂબ ખૂબ આભાર. આપે સંસ્કાર આપ્યા, શિક્ષણ આપ્યું, જે રીતે મને ઉછેર્યો તે બદલ આપનો મારા પર અનંત ઉપકાર છે, હું તમારી 'કિટ્ટા' નથી કરતો પરંતુ મારા આત્મકલ્યાણ માટે આપશ્રી મને રજા આપો. તમારે જ્યારે પણ મને મળવું હોય ત્યારે તમને છૂટ છે, મળવા આવી શકો છો એમ કહી ગુરુનું અનુગમન કરી ઘરેથી નીકળી ગયા. તેમને મા-બાપ પ્રત્યે કાંઇ દ્વેષ નહોતો અને આપણે ગૃહત્યાગ કરીને પછી જો એમ કહીએ કે - 'સાહેબ, હું તો મારા મા-બાપનું ક્યારેય મોઢું જોઇશ નહીં મને મોહ થઇ જાય તો !' 'તો ભાઇ ! તારો વૈરાગ્ય સાચો નથી કારણ કે તને માતા-પિતા, ભાઇ-બહેન, પતિ કે પત્નીને જોઇને મોહ થાય છે. હા, તું એમનો અપરિચય કરે તે બરાબર છે પણ તેના માટે પણ ''અંતર મેં જાગો, અપરિચય કરો, સિર્ફ ભાગો નહિ.'' તમે ભાગીને જંગલમાં જશો તો પણ કર્મનો ઉદય તમને છોડશે નહીં. તે તો તમારી સાથે જ રહેશે. આ કથન નિશ્ચયનયની અપેક્ષાએ છે પણ આપણે નિમિત્તને આધીન છીએ એટલે કુસંગતિથી અથવા આપણને નિર્બળ બનાવે તેવા નિમિત્તોથી દૂર રહેવું. પરમ તત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં તેના ઉત્તર રૂપે કહે છે કે,

''સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.''

જો જીવ સદ્‌ગુરુની આજ્ઞાનું પાલન કરે તો તને જિનદશા એટલે કે પરમાત્મા કેવા હોય તે સમજાય. ભગવાન તે નિમિત્તકારણ છે પણ તેઓ તો પરદ્રવ્ય છે એમ ગણી તેમનો નિષેધ કરવો નહિ. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિ-શાસ્ત્ર ગાથા - ૧૩૬ માં કહ્યું છે કે,

"ઉપાદાનનું નામ લઇ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત."

કોઇ એમ કહે કે 'સાહેબ હું પોતે જ આત્મા છું એટલે હું તો મારી જાતે જ આત્માનો અનુભવ કરીશ. એમાં વળી ભગવાન, સદ્ગુરુ કે સત્સંગ, સત્શાસ્ત્રોની શી જરૂર છે !' તો ભાઇ ! ભગવાને આવું કહ્યું જ નથી. ભગવાને કહ્યું છે કે, હે ભવ્યાત્મા! તું ધીરે ધીરે વૈરાગ્યની વૃદ્ધિ કર, ધીરે ધીરે પાપોથી નિવૃત્ત થા અને સદ્બોધનો પરિચય કર. જો સત્યોગ પ્રાપ્ત ન થાય તો પ્રાર્થના કરવી, વારંવાર પુરુષાર્થ કરવો અને પૂર્વે થયેલાં સત્પુરુષોના ચરિત્રોને યાદ કરી પોતાની વૃત્તિને અપ્રમત્ત કરવી.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે, એકલો ખેદ કરીને અટકી ન રહેતા. એટલે કે જો વિકારો થઇ જાય, ખોટા વિચારો આવી જાય કે કાંઇ ભૂલ-ચૂક થઇ જાય તો 'હવે, હું આપઘાત કરી લઉં' એવો વિચાર કરવો નહીં. તે કાંઇ યોગ્ય ઉપાય નથી. આગળ કહે છે કે એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે. પોતાનું નિર્વીર્યપણું જોઇને ઘણો જ ખેદ થાય છે અને આત્માને વારંવાર નિંદે છે, ફરી-ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઇ, ફરી મહંતપુરુષોના ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે. અહો ! સત્પુરુષના વચનામૃત, અહો! સત્પુરુષની મુદ્રા, અહો ! સત્પુરુષના ચરિત્રપ્રસંગો ! એમ આત્માને શૌર્ય ઉપજાવે છે.

જેમ ભાંગ પીવાથી નશો ચઢે અને તલવાર હાથમાં લેવાથી શૂરવીરતા ચઢે તેમ સત્સંગ કરવાથી આપણામાં બળ આવે છે. માટે આપણે પૂર્વે થયેલા મહાપુરુષોના જીવનચરિત્રો અને વર્તમાનમાં વિદ્યમાન હોય તેવા મહાપુરુષોના દર્શન કરવા જવું, તેમનો સમાગમ કરવો અને તેમની આજ્ઞા પ્રમાણે જીવન જીવવું તો ધીરે ધીરે આપણને આધ્યાત્મિક બળ મળશે, કર્મનું બળ ઘટશે અને એક દિવસ આપણે અનંત સુખનું ધામ એવા સ્વ-સ્વભાવને પ્રાપ્ત કરીશું. એમ દીર્ઘકાળ સુધી યથાર્થ બોધબીજનો પરિચય કરવો પડશે તો કામ થશે. ચાર જ્ઞાનના ધણી એવા ઋષભદેવ સ્વામીએ ૧૦૦૦ વર્ષ તપ કર્યું ત્યારે કેવળજ્ઞાન થયું. ભગવાન મહાવીર પણ ચાર જ્ઞાનના સ્વામી હતા. તેમણે પણ ૪૫૧૫ દિવસ મૌન પૂર્વક જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય અને તપસ્યામાં રહીને પૂર્ણપદ પ્રાપ્ત કર્યુ, તો આપણી તો વાત જ શી? આપણે પણ સાધનામાર્ગમાં ધીરજ રાખવી જોઇએ. શબરીએ ૪૮ વર્ષ ધીરજ રાખી હતી. શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૬ વર્ષ ધીરજ રાખી હતી તો આપણે પણ વારંવાર પ્રાર્થના કરવી. મહાપુરુષોના જીવન-ચરિત્રો વાંચવાં, તેમનો સમાગમ કરવો, તેમની આજ્ઞા પ્રમાણે જીવનને દિશા આપવી તો ધીરે-ધીરે અનાદિકાળના કુસંસ્કારો-વાસનાઓનો ક્ષય થશે અને પરમ આનંદના ધામ એવા સહજ ચૈતન્યસાગરનો અનુભવ થશે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

**શ્રી સદ્ગુરુપ્રસાદ...**

(પાના નં. ૫ પરથી ચાલુ...)

જ્ઞાનીપુરુષો ત્રિકાળની વાત જાણતાં છતાં પ્રગટ કરતા નથી, એમ આપે પૂછ્યું; તે સંબંધમાં એમ જણાય છે કે ઇશ્વરી ઇચ્છા જ એવી છે કે અમુક પારમાર્થિક વાત સિવાય જ્ઞાની બીજી ત્રિકાળિક વાત પ્રસિદ્ધ ન કરે; અને જ્ઞાનીની પણ અંતર-ઇચ્છા તેવી જ જણાય છે. જેની કોઇ પણ પ્રકારની આકાંક્ષા નથી, એવા જ્ઞાનીપુરુષને કંઇ કર્તવ્યરૂપ નહીં હોવાથી જે કંઇ ઉદયમાં આવે તેટલું જ કરે છે.

અમે તો કંઇ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય, અને અમને એવા જ્ઞાનનો કંઇ વિશેષ લક્ષ નથી; અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ અને અસંગતા, એ પ્રિય છે. એ જ વિજ્ઞાપન.

'વેદાંત ગ્રંથ પ્રસ્તાવના' મોકલાવ્યું હશે, નહીં તો તરત મોકલાવશો.

વિ. આજ્ઞાંકિત

પરમનો સ્પર્શ - ૧૦૯

# આત્માની અદાલતમાં જાતતપાસ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જિંદગી પોતાની, પણ જીવવાનું બીજાના વિચારથી ! આ કેવું પરમ આશ્ચર્ય કે આ ધરતી પર શિશુનો જન્મ થાય છે અને એ જેમ જેમ સમજણો થાય છે, તેમ તેમ એના પર વિચારો, માન્યતાઓ અને ધારણાઓનો વરસાદ વરસે છે. એનું શરીર પોતીકી શક્તિથી વિકસે છે, પરંતુ એનું મન પારકા વિચારોના ભારથી લદાતું જાય છે. માતાપિતાના વિચારો, સમાજની માન્યતાઓ અને જડ ધારણાઓ એના મગજને ઘેરી વળે છે. એની મૌલિક સર્જનાત્મકતાને રુંધવા માટે એને પાછું ગોખાવવામાં આવે છે કે 'આમ જ હોય અને આમ જ થવું જોઈએ.'

સમય જતાં એ વ્યક્તિ પારકાની દૃષ્ટિએ જગત જોશે, કારણ કે એની પોતાની દૃષ્ટિ તો ખીલી જ નથી. એના શક્તિશાળી ચિત્તના કમળની બધી પાંદડીઓ બિડાયેલી છે. એ જેમ મોટો થશે તેમ તેમ માન્યતાઓ લઈને જીવશે અને પછી સતત પોતાની એ માન્યતાને ખેડૂત બળદનું પૂછડું આંબળે, એ રીતે આંબળ્યા કરશે. એને મળેલી ધારણાઓથી એ એના મનોજગતનો કિલ્લો રચશે. સ્થિતિ એ આવે છે કે માણસ વિચારો, સૂત્રો અને અનુભવોની ગોખણપટ્ટી કરીને જીવતો હોય છે. વખત આવ્યે એ જ ગોખેલાં સૂત્રોનું પોપટિયું ઉચ્ચારણ કરતો હોય છે અને ધીરે ધીરે એની વાણીના ઉચ્ચારણ અને એના હૃદયની ભાવના વચ્ચે વધુ મોટીને મોટી ખાઈ રચાતી જાય છે. એ સૂત્રોનું વારંવાર રટણ કરે છે. ધર્મગુરુઓનાં વચનો કે ધર્મગ્રંથોનાં વાક્યોને ચ્યુઈંગમની જેમ ચગળાવ્યા કરે છે, પરંતુ ખરે વખતે એ નિષ્ફળ જાય છે. જીવનની કસોટીના પ્રસંગોએ આ ઉછીનાં લીધેલાં વચનો એને માર્ગ બતાવી શકતા નથી.

એણે જે કંઈ જ્ઞાન સંપાદિત કર્યું છે, એ તો કોઈ બીજાની પાસેથી પ્રાપ્ત કરેલું હોય છે અથવા તો કોઈ ગ્રંથમાંથી વારંવાર રટણ કરીને પામ્યો હોય છે. આનો અર્થ એટલો કે આમાં એની આત્મપ્રતીતિનો કોઈ અંશ હોતો નથી. આત્મપ્રતીતિના રણકાર વિનાનું આત્મજ્ઞાન અંતે અનર્થ સર્જે છે.

શુભજીવન જીવવા માગતી વ્યક્તિઓ હોય, સદાચારથી પોતાની ગુણસમૃદ્ધિની સમાજમાં સુવાસ ફેલાવવા ચાહતો માણસ હોય કે પછી મોક્ષપ્રાપ્તિના પરમ ધ્યેયને લક્ષ્યમાં લઈને નીકળેલો કોઈ સમર્થ સાધક હોય, પણ બધાને માટે સૌથી મહત્ત્વની બાબત એ આત્મપ્રતીતિ છે. બીજાની ઉછીની લીધેલી પ્રતીતિ એને પોતાને પચતી નથી. કાં તો એ વિચાર સ્થૂળ ભૂમિકાએ રહે છે અથવા તો એ વિચાર માત્ર વિચાર જ રહે છે, પણ પણ આચારમાં પરિવર્તીત થતો નથી. આ આત્મપ્રતીતિ પામવા માટે ત્રણ બાબત મહત્ત્વની છે અને તે છે આત્મદૃષ્ટિ, આત્મનિરીક્ષણ અને આત્મવિશ્લેષણ.

ભારે સાવધાનીથી આ આત્મદૃષ્ટિ કેળવવાની હોય છે. એ સાવધાનીની વાત કરતાં સંત કબીરે એમના બીજકની ૧૮૮મી સાખીમાં કહ્યું છે,

*'ફહમ આગે ફહમ પીછે, ફહમ દાહિને ડેરી ।*
*ફહમ પર જો ફહમ કરે, સો ફહમ હૈ મેરી ॥'*

'આગળ સાવધાની, પાછળ સાવધાની, જમણી બાજુ સાવધાની, ડાબી બાજુ સાવધાનીની જરૂર છે અને સાવધાની એ મારી જ સાવધાની છે.'

આનો અર્થ જ એ કે વ્યક્તિએ સાવધાની રાખવી જોઈએ. એણે સતત એ તપાસવું જોઈએ કે હું કોઈ ઊંડી ખીણમાં ગબડી રહ્યો છું કે પછી કોઈ પર્વત પર આરોહણ કરી રહ્યો છું. જીવનની આ સાવધાની એને આત્મદૃષ્ટિ આપે છે. એ બાહ્યદૃષ્ટિથી દૂર જઈને પોતાની ભીતરમાં જોવા માટે પ્રયાસ કરે છે. આને માટે વ્યક્તિએ કેટલાંક સ્વપ્નોમાંથી જાગવાનું હોય છે અને એ જાગ્યા પછી અંતરનિરીક્ષણ કરવાનું હોય છે. એના મન સાથે કેટલાંક સ્વપ્નો જડાઈ ગયાં હોય છે. યુવાનીમાં એ સતત મોહનાં કે ધનલાલસાનાં સ્વપ્નાં સેવતો હોય છે. વાસ્તવિકતા તો ઠીક, પણ એણે પોતે પોતાના મોહની એક રંગીન દુનિયા ઊભી કરી હોય છે. આવે સમયે એને પોતાના મોહની

તપાસ કરવી પડે.

માત્ર એ જ્ઞાન મોહને દૂર કરવા માટે પૂરતું નથી કે મોહ વિનાશક છે, સુખીજીવનનો નાશક છે. મનમાં વિવેકના અંધાપાનું સર્જન કરે છે. ધૃતરાષ્ટ્ર જેવાના પુત્રમોહને કારણે મહાભારતનો મહાસંહાર થયો અથવા તો રાજા દશરથની કામેચ્છાને પરિણામે રામને ચૌદ વર્ષનો વનવાસ મળ્યો. આથી જ ધર્મગ્રંથોએ મોહને મારક કહ્યો છે, માયાવી કહ્યો છે.

સ્વયં વેદવ્યાસે મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે, 'બુદ્ધિનો નાશ જ મોહ છે. એ ધર્મ અને અર્થ બન્નેને નષ્ટ કરે છે. એનાથી મનુષ્યમાં નાસ્તિકતા આવે છે અને એ દુરાચારમાં પ્રવૃત્ત થાય છે.'

મોહ વિશે આપણા મનમાં મહર્ષિ વેદવ્યાસનાં વચનો હોય અને છતાં એ મોહ જાગે ત્યારે માણસ એને શરણે જતો હોય છે. એ મોહનાં ધર્મસૂત્રો જાણે છે, પણ એની પાસે એને જીવનમાં પરોવવાનો સોયદોરો હોતો નથી. આમ, માત્ર જાણકારી એ ક્યારેય મોહથી ઊગારનારી બનવાની નથી. ક્રોધ, લોભ, માયા, કષાય આ બધાનું 'જાણપણું' પૂરતું નથી, કારણ કે જીવનની અગ્નિપરીક્ષાના સમયે આ જાણકારી કશાય કામની હોતી નથી.

આ તો જીવા પગીની જાણકારી જેવી જાણકારી છે. આ જીવો પગી રોજ એની ડેલીએ બેસીને એની વીરતાની બડાશ લગાવતો હતો. કાળઝાળ બહારવટિયાનો એક સમયે કઈ રીતે સામનો કર્યો હતો એ મૂછે વળ ચડાવીને સહુને કહેતો હતો. ગામના શેઠ હીરાભાઇને ત્યાં લગ્ન હતા, ત્યારે એમણે જીવા પગીને જાનના ચોકીદાર તરીકે સાથે લીધા. રસ્તામાં બે બહારવટિયા આવ્યા એટલે જીવા પગીએ મૂછે તાવ દઇને કહ્યું, 'એ બિચારાને ખબર નહીં હોય કે જીવા પગી સાથે છે અને જાનનું રખોપું એમનું છે.'

ખભે બંદૂક ચડાવી જીવા પગી લૂંટારાને ધમકી આપવા લાગ્યા, ત્યારે લૂંટારાઓએ કહ્યું, 'મરવાના હઇશું તો મરીશું, માથા સાટે માલ ખવાય. વાત ટૂંકી કરો અને ગાડાં છોડો.'

જીવા પગીએ એક પછી એક ધમકી આપવા માંડી, પણ કશું કર્યું નહીં. એ પછી બહારવટિયાઓએ માલ કાઢવાનું કહ્યું, ત્યારે જીવાપગીએ હીરા શેઠને કહ્યું, 'કંઇ વાંધો નહીં, કાઢી આપો માલ. ભલે એ ય જોઇ લે કે આપણે એમની આંખમાં ધૂળ નાખીને કેટલો બધો માલ લઇ જઇએ છીએ.'

બહારવટિયાઓએ કિંમતી માલ ભેગો કરીને પોટલું બાંધવા માંડ્યું, ત્યારે હીરા શેઠે કહ્યું, "પગી! આ તો માલ બાંધે છે."

"તે ભલેને બાંધે; આપણે બાંધવો ટળ્યો. બાકી એ લઇને અહીંથી એક ડગલું આગળ ભરી શકે એ વાતમાં માલ શું ? હું જીવો પગી. એક-એકના અઢાર અઢાર કટકા થવાના છે. એકે ઓછો નહીં. ઘણા ભેટ્યા હશે, પણ જીવો પગી ભેટ્યો નહીં હોય."

બહારવટિયા પોટલું બાંધીને ઘોડે ચડવા માંડ્યા. શેઠ કહે, "પગી, આ તો માલ લઇને ઘોડે ચઢવા માંડ્યા !"

"તે ભલેને ચડે. ભલેને બિચારા બે ઘડી મજો માણે. બાકી એનું ઘોડું એક ડગલુંય આગળ વધે તો એના ચારેચાર ટાંટિયા જુદા સમજો. બાપડા પછી જીવા પગીના પગ ચાટશે. અલ્યા, ટૂંકમાં સમજો. હું જીવો પગી."

બહારવટિયાઓએ ઘોડા હાંકી મૂક્યા. શેઠ કહે, "પગી, ઘોડા તો ગયા."

પગી કહે. "હા શેઠ. માળા ભારે બહાદુર હોં, જરાય ડર્યા કે રોકાયા જ નહીં ને ! બાકી હીરા શેઠ ! આપણે સંબંધ આજકાલનો નથી. સાચું કહેજો મેં એમને બિવડાવવામાં કંઇ બાકી રાખી ખરી !"

બીજાનાં વચનો, બોધ કે ગુરુવાણીને ગોખનારા પાસે આત્મપ્રતીતિનો અભાવ હોય છે. કોઇ ખૂનનો ગુનો થયો હોય ત્યારે ગુનો ઉકેલનાર અધિકારી બધાનાં નિવેદનો લે છે, પરંતુ અંતે તો પોતે જાતે તપાસ કરે છે.

આમ, જાતતપાસ એ પહેલી વાત છે. માત્ર જાણવું એ પૂરતું નથી. જો જાત તપાસ નહીં કરી હોય, તો મનમાં ભલે એ સૂત્ર ગોખેલું હોય કે 'મોહ એ જીવનનો મારક છે', પરંતુ મોહ જોતાં જ મન એની પાછળ દોડી જશે. આથી આપણા મોહ, દ્વેષ, ક્રોધ, વેર, ઈર્ષ્યા પ્રતિ આત્મદૃષ્ટિ કરીએ, ત્યારે જ એને ઓળખી શકાય. એ વિના હૃદયમાં પડેલા દોષોની કશી જાણ થાય નહીં. (ક્રમશઃ)

●●●

### શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

### (ક્રમાંક - ૬૮)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

શ્રી સૌભાગ્યભાઈના પરમાર્થ હૃદયસખા, શ્રી અંબાલાલભાઈના પરમાર્થ હિતૈષી તથા શ્રી લઘુરાજસ્વામીના સૌખ્યદાતા પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી માંગલ્યસ્વરૂપ છે. શ્રદ્ધાના સમ્રાટ કૃપાળુદેવ અભ્યંતર પરિણામ અવલોકન હાથનોંધ-૨ ક્રમાંક નવમાં જિન સૂક્ષ્મતા આલેખે છે કે "હે મુનિઓ ! જ્યાં સુધી કેવળ સમવસ્થાનરૂપ સહજ સ્થિતિ સ્વાભાવિક ન થાય ત્યાં સુધી તમે ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો. જીવ કેવળ સ્વાભાવિક સ્થિતિમાં સ્થિત થાય ત્યાં કાંઇ કરવું રહ્યું નથી. જ્યાં જીવના પરિણામ વર્ધમાન, હીયમાન થયા કરે છે ત્યાં ધ્યાન કર્તવ્ય છે. અર્થાત્ ધ્યાનલીનપણે સર્વ બાહ્યદ્રવ્યના પરિચયથી વિરામ પામી નિજસ્વરૂપના લક્ષમાં રહેવું ઉચિત છે. ઉદયના ધક્કાથી તે ધ્યાન જ્યારે જ્યારે છૂટી જાય ત્યારે ત્યારે તેનું અનુસંધાન ઘણી ત્વરાથી કરવું. વચ્ચેના અવકાશમાં સ્વાધ્યાયમાં લીનતા કરવી. સર્વ પરદ્રવ્યમાં એક સમય પણ ઉપયોગ સંગ ન પામે એવી દશાને જીવ ભજે ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય" પરમકૃપાળુદેવનું આંતરિક અવલોકન ભીતરના ચૈતન્યલોકનું પ્રકાશન છે. સદ્ગુરુના અનુગ્રહે આંશિકપણે લક્ષગત થાય છે.

આપણે શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત સમાધિતંત્રગ્રંથનું રસપાન કરી રહ્યા છીએ. સમગ્ર ગ્રંથ નિજ પરિણતિને પ્રોત્સાહિત કરે છે. પુરુષાર્થ પ્રેરે છે. શ્લોક ૪૦ ની વિચારણા ચાલે છે-

**यत्र काये मुनेः प्रेम ततः प्रच्याव्य देहिनम् ।**
**बुद्धया तदुत्तमे काये योजयेत् प्रेम नश्यति ॥४०॥**

અર્થાત્ જે શરીરમાં મુનિને-અંતરાત્માને પ્રેમ હોય એવા શરીરાદિથી ભેદવિજ્ઞાન દ્વારા આત્માને પાછો હઠાવીને એનાથી ઉત્તમ એવી કાયા એટલે ચિદાનંદમય-જ્ઞાનમય કાયામાં લગાવવો. એમ કરવાથી બાહ્ય શરીર અને ઇન્દ્રિય વિષયો તરફનો પ્રેમ એટલે રાગનો વિકલ્પ નાશ પામે છે.

**વિશેષાર્થ :** ગતાંકમાં ભાવાર્થ વિચાર્યો તથા **यत्र काये मुनेः प्रेम** - આ શબ્દોનો વિશેષાર્થ વિચાર્યો. અહીં બીજા શબ્દોને સમજવા આયાસ કરીએ. અંતરાત્માને ચારિત્ર મોહવશ બાહ્ય ઇન્દ્રિયોમાં અને શરીરાદિમાં પ્રેમ-રાગ થાય તો ભેદવિજ્ઞાનના પ્રયોગથી ઉપયોગને શુદ્ધાત્મામાં જોડવો. ભેદવિજ્ઞાન અમોઘ અસ્ત્ર છે.

(૧) **बुद्धया** :- 'જ્ઞાનસાર' ગ્રંથના વિવેકઅષ્ટકમાં ભેદવિજ્ઞાનને સમજાવે છે

**कर्म जीवं च संश्लिष्टं सर्वदा क्षीरनीरवत् ।**
**विभिन्नी कुरुते योडसौ मुनिहंसौ विवेकवान ॥**

અર્થાત્ દૂધ અને પાણીની જેમ જ્ઞાનાવરણ આદિ આઠ કર્મો અને જીવ સાથે રહેલા છે. તેને મુનિરૂપ રાજહંસ લક્ષણ આદિના ભેદથી ભિન્ન કરે તે વિવેકવાન કહેવાય છે. નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મથી અંતરાત્મા ભેદજ્ઞાન કરે છે. જડ અને ચેતનના લક્ષણો ભિન્ન ભિન્ન છે. દેહના અધ્યાસથી આત્માને દેહ માની લે છે. દેહ અચેતન છે. આત્મા ચેતન છે. દેહ મૂર્તિક છે. આત્મા અમૂર્તિક છે. દેહ પુદ્ગલ દ્રવ્ય છે. આત્મા ચેતન દ્રવ્ય છે. સ્વભાવભેદે ભેદ છે. આ પ્રગટ લક્ષણથી અંતરાત્મા ભેદજ્ઞાન કરે છે. પ્રજ્ઞાછીણીને બન્નેની સાંધમાં લગાવે છે, જેથી બન્નેનો ભેદ પ્રગટપણે સમજાય છે. આત્માનો અનુભવ થાય છે.

શ્રી સમયસાર મોક્ષઅધિકાર ગાથા-૨૯૪

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**पण्णा छेदणएण दु छिण्णा णाणत्तमावण्णा ॥२९४॥**

**: હરિગીત :**

"જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,
પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે."

આચાર્યશ્રી ફરમાવે છે કે હે અંતરાત્મા ! શરીરાદિ કે ઇન્દ્રિયોના વિષયોમાં પ્રેમ થાય ત્યારે શુદ્ધાત્માને ધ્યાવવો. શરીરાદિ કે ઇન્દ્રિયોના વિષયમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ અર્થાત્ રાગ-દ્વેષ થઇ જાય ત્યારે ભેદ-વિજ્ઞાનના બળથી જડ અને ચેતન બંને દ્રવ્યથી ભેદજ્ઞાન કરતાં રાગદ્વેષ બુદ્ધિ નાશ પામે છે. રાગદ્વેષને દૂર કરવાનો આ એકજ ઉપાય છે. શાસ્ત્રોમાં આવે છે કે જે સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. (તેના) ભેદવિજ્ઞાનના અભાવથી જીવો બંધાયા છે માટે ભેદવિજ્ઞાનના બળે રાગદ્વેષથી છૂટાશે.

સંસારમાં પણ જે જીવો શરીરાદિ અને આત્માની ભિન્નતા જાણતા નથી તેઓ શરીરમાં રોગ આવે તો મને રોગ થયો કે ઇન્દ્રિયના વિષયોમાં અલ્પતા કે બહુલતા આવે તો રાગ-દ્વેષની પરંપરા ચાલે છે. ભેદજ્ઞાનની કદાચ ક્ષયોપશમથી જાણકારી હોય પણ જ્યારે પોતા ઉપર એ ઘટના બને છે ત્યારે શરીર અને આત્મા ભિન્ન છે એવું ભેદજ્ઞાન રહેતું નથી. માટે જડ અને ચેતનના લક્ષણો જાણી તે પ્રમાણે જીવન બનાવવું તે હિતકારક છે.

(૨) **ततः प्रच्याव्य देहिनम्** - બાહ્ય ભાવોથી આત્માને વ્યાવૃત્ત = પાછો હઠાવી ને સ્વમાં રસરુચિ, ભેદજ્ઞાનથી આત્મામાં સ્થિર થવું. પૂર્વ સંસ્કારોને વધુ સમય વાગોળતા તે સંસ્કારથી મુક્ત થવું કઠિન બને છે.

'લઘુતત્ત્વસ્ફોટ' માં અમૃતચંદ્રાચાર્યે સ્તુતિ નવ શ્લોક-૨૫ માં શુદ્ધ હૃદયના ભાવો ભર્યા છે. જે સંસાર-ભાવથી થાકી ગયો છે તેની વાત છે. હે ભગવાન ! સમસ્ત સંસારમાં ભ્રમણ કરીને હું બહુ થાકી ગયો છું. દીનભાવથી, હૃદયના પવિત્ર ભાવથી કહું છું કે મારી સર્વ શક્તિ લગાવીને હું આપના શરણમાં આવ્યો છું. આપ જ મારું સર્વસ્વ છો. આપને પ્રાપ્ત કર્યા પછી અન્યથી મારે કોઇ પ્રયોજન નથી. આપના શરણે આવવાથી મારું પ્રયોજન સિદ્ધ થશે જ. અહીં સાધકના ભક્તિસભર ભાવો પ્રગટ થયા છે.

**देहिनम्** = આત્માને બધાથી વ્યાવૃત્ત કરવો. અન્ય બાહ્ય ભાવોમાંથી પાછો વાળીને નિજ સ્વરૂપમાં જોડવો, જોડ્યા પછી નિજ સ્વરૂપમાં સ્થિર થવું અંતરાત્માને કોઇવાર શરીરાદિમાં પ્રેમ થઇ જાય તો તેનાથી પાછા વળવું અને આત્મામાં જોડાવું. આ એક જ ઉપાય છે. સંસારભાવથી થાક્યો હોય તો ભેદવિજ્ઞાન થઇ શકે છે, નહિ તો ભ્રાન્તિમાં માની લે કે મારે ભેદજ્ઞાન ચાલે છે. જેનું ભેદજ્ઞાન ચાલતું હોય તેના પરિણામો શાંત અને સ્વસ્થ હોય છે. નિજ અવલોકનથી સત્ય સમજાય છે તથા સ્વ-ભૂમિકાની યથાર્થતા બેસે છે.

(૩) **तत् उत्तमे काये योजयेत् - उत्तमे काये** એટલે સ્થૂળ બાહ્યશરીર તે કાયા નહિ પણ ચિદાનંદમય-આનંદમય કાયા-તેમાં જોડી દેવો. કોઇ વાર અંતરાત્મા શરીરાદિમાં કે ઇન્દ્રિયોના વિષયોમાં લોભાઇ જાય, તેને પ્રેમ કરવા લાગે ત્યારે આચાર્યદેવ બોધ આપે છે કે ચારિત્રમોહ વશાત્ શરીરાદિમાં પ્રેમ થાય ત્યારે ઉત્તમ કાય એવા આત્મસ્વરૂપમાં ઉપયોગને જોડી દેવો. તેનાથી રાગનો નાશ થાય અને આત્મા નિજમાં જામી જાય. સ્વરૂપમાં સ્થિર થાય. શ્રીજ્ઞાનભૂષણજી 'તત્ત્વજ્ઞાન તરંગિણી'ના અધિકાર-૧૩ ના શ્લોક ૨૩માં મુખ્ય કર્તવ્ય શું છે તે દર્શાવ્યું છે કે "આ સદ્ગુરુની આજ્ઞા છે સમસ્ત સિદ્ધાન્તોનો આ જ સાર છે. કર્તવ્યોમાં મુખ્ય કર્તવ્ય આ છે કે પોતાના ચિદ્રૂપ આત્મામાં વિશુદ્ધિ કરવી."

આત્મસ્વભાવની પ્રાપ્તિ સિવાય કંઇ પણ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી. સ્વભાવની સિદ્ધિ તે આત્મવિશુદ્ધિ. અંતરાત્માને કોઇવાર પુરુષાર્થનો મંદતાને કારણે શરીરાદિમાં પ્રેમ થાય કે આ શરીરને સાચવીને રાખું. આ શરીરને ખોરાક આદિ વડે પુષ્ટ કરું અથવા પાંચ ઇન્દ્રિયોના વિષયમાં જોડાઇ જવાય. સિદ્ધદશા સુધી તો પુરુષાર્થની મહિમા સાધકને આવશ્યક છે. અનંતાનુબંધીનો દોષ નથી લાગતો, ચારિત્રમોહનો દોષ લાગે છે તેથી ભેદવિજ્ઞાન દ્વારા અન્યભાવોથી વ્યાવૃત્ત થઇ આત્મસ્વરૂપમાં જોડાઇ જવું. એક તરફથી ઉપયોગ ઓછો થાય તો બીજા તરફ ખેંચાઇ જાય છે માટે નિરંતર આત્મજાગૃતિમાં જીવવું પરમ આવશ્યક છે. નિરંતર સ્વ અવલોકન કરી પુરુષાર્થની ધારાને તીક્ષ્ણ સતેજ રાખવી.

(૪) **પ્રેમ નશ્યતિ** - પ્રેમ-રાગ-સ્નેહ-મોહ નાશ પામે છે. અંતરાત્મા સ્વસ્વરૂપમાં રહેવાનો પુરુષાર્થ સાધે છે. મોહવશાત્ શરીરમાં પ્રેમ થઇ જાય તો ભેદવિજ્ઞાનના બળે સ્વસ્વરૂપમાં રહેવાનો પુરુષાર્થ કરવો. જેને આત્મામાં રસ જામે છે તે બધાથી વ્યાવૃત્ત થઇ સ્વમાં જોડાય છે. ચૈતન્ય સ્વરૂપમાં ઉપયોગને જોડવો તે જ રાગ-દ્વેષને ટાળવાનો ઉપાય છે. આ સિવાય બાહ્ય પદાર્થો તરફ વલણ રાખીને રાગ-દ્વેષ ટાળવા માગે તો તે કદી ટળી શકે નહિ. પહેલા તો દેહાદિથી ભિન્ન ને રાગાદિથી પણ ભિન્ન એવા ચિદાનંદ સ્વરૂપનું ભાન કર્યુ હોય તેનેજ તેમાં ઉપયોગની લીનતા થાય, પરંતુ જે જીવ દેહાદિની ક્રિયાને પોતાની માનતો હોય કે રાગથી લાભ માનતો હોય તેનો ઉપયોગ તે દેહથી ને રાગથી પાછો ખસીને ચૈતન્યમાં વળે જ ક્યાંથી? જ્યાં લાભ માને ત્યાંથી પોતાના ઉપયોગને કેમ ખસેડે ? ન જ ખસેડે.

માટે ઉપયોગને પોતાના ચિદાનંદ સ્વરૂપમાં એકાગ્ર કરવા ઇચ્છનારે પ્રથમ તો પોતાના સ્વરૂપને દેહાદિથી ને રાગાદિથી અત્યન્ત ભિન્ન જાણવું જોઇએ. જગતનાં કોઇપણ બાહ્ય વિષયોમાં કે તે તરફના રાગમાં ક્યાંય સ્વપ્નેય મારું સુખ કે શાંતિ નથી, અનંત કાળ બહારના ભાવો કર્યા પણ મને કિંચિત્ સુખ ન મળ્યું. જગતમાં ક્યાંય મારું સુખ હોય તો તે મારા નિજસ્વરૂપમાં જ છે, બીજે ક્યાંય નથી. માટે હવે હું બહારનો ઉપયોગ છોડીને મારા સ્વરૂપમાં જ ઉપયોગને જોડું છું. આવા દૃઢ નિર્ણયપૂર્વક ધર્મી જીવ વારંવાર પોતાના ઉપયોગને અંતરસ્વરૂપમાં જોડે છે ! ચૈતન્ય સ્વભાવનો મહિમા અને બાહ્ય ઇન્દ્રિય વિષયોની તુચ્છતા જાણીને, માનીને પોતાના ઉપયોગને વારંવાર ચૈતન્ય ભાવનામાં જોડવાથી પર પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે અને વીતરાગી આનંદનો અનુભવ થાય છે.

ચિદ્રૂપનું સ્મરણ પણ અંતરની રસ રુચિ, ઉલ્લાસ, ઉમંગ, હિંમત હોય તો કાર્યકારી બને છે. જ્ઞાયકદેવનું સ્મરણ પણ અંતર અસ્તિત્વની રુચિનું દર્શન કરાવે છે. શ્રી જ્ઞાનભૂષણજી 'તત્ત્વજ્ઞાન તરંગિણી'ના અધ્યાય-૨ ગાથા-૨ માં જણાવે છે કે ચિદ્રૂપનું સ્મરણ મનુષ્યોને મોક્ષરૂપ વૃક્ષનું બીજ છે. સંસારરૂપ સમુદ્રમાં નૌકા સમાન છે. દુઃખરૂપવનને બાળવામાં અગ્નિ છે. કર્મથી ભય પામેલાને કર્મરૂપ શત્રુથી બચવાના આશ્રયસ્થાનરૂપ કિલ્લો-દુર્ગ છે. વિકલ્પરૂપ ધૂળને ઉડાડવા વાયુ સમાન છે. પાપોને રોકનાર છે. મોહજય માટે શસ્ત્ર છે. નરક, તિર્યંચ આદિ અશુભ પર્યાયરૂપ રોગનો નાશ કરનાર ઔષધ છે. તપ, વિદ્યા આદિ અનેક ગુણોનું નિવાસસ્થાન છે. "જો ચૈતન્યપરમશુદ્ધ આત્માનું સ્મરણ અનેક સદ્‌ગુણોનું નિવાસ છે તો ચિદાનંદમય કાયમાં નિવાસ તે અપૂર્વ છે. મહિમાવાન છે."

બાહ્ય પ્રેમ નાશ કેમ પામે તે માટે પૂજ્યબેનશ્રી ચંપાબેનની ચૈતન્ય તળમાંથી નીકળતી સરસ્વતી કહે છે કે "એક સત્-લક્ષણ આત્મા એનો જ પરિચય રાખજે. 'જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ'. તું લોકાગ્રે વિચરનારો લૌકિક જનનો સંગ કરીશ તો તારી પરિણતિ પલટી જવાનું કારણ થશે. જેમ જંગલમાં સિંહ નિર્ભયપણે વિચરે તેમ તું લોકથી નિરપેક્ષપણે તારા પરાક્રમથી-પુરુષાર્થથી અંદર વિચરજે.... લોકોના ભયને ત્યાગી, ઢીલાશ છોડી, પોતે દૃઢ પુરુષાર્થ કરવો. લોક શું કહેશે એમ જોવાથી ચૈતન્ય લોકમાં જઇ શકાતું નથી. સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે. નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો બસ ! એ જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે"

"જ્યાં દેહ પ્રેમ મુનિને, ત્યાંથી ચિત્ત ખસેડીને;
બુદ્ધિથી બોધમૂર્તિમાં, બાંધતા પ્રેમ જાય તે"

**- પૂ.બ્રહ્મચારીજી**

"તનમાં મુનિને પ્રેમ જો, ત્યાંથી કરી વિયુક્ત;
શ્રેષ્ઠ તને જીવ જોડવો, થશે પ્રેમથી મુક્ત."

**- શ્રી છોટાલાલભાઈ ગાંધી**

सबन्ध स्वीय तनसे यदि प्रेम का हो,
योगी सुदूर उससे सहसा अहा ! हो ।
विज्ञान रूप तन में निज को लगावें,
तो देह-प्रेम नशता, तब मोक्ष पावें ।।४०।।

**આચાર્ય વિદ્યાસાગરજી મહારાજ**

परम पूज्य श्री अमितगति आचार्य विरचित

# श्री अमितगति सामायिक पाठ

એક અનુચિંતન

પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી

**(શ્લોક - ૧૦)**

**यदर्थमात्रा पदवाक्यहीनं**
**मया प्रमादाद्यदि किंचनोक्तम् ।**
**तन्मे क्षमित्वा विदधातु देवी,**
**सरस्वती केवलबोधलब्धिम् ॥१०॥**

**अन्वयार्थ :** यदि = જો, કદાચ, मया = મારાથી, प्रमादात् = પ્રમાદવશ, यत् = જો, अर्थ मात्रा पदवाक्य = અર્થ, માત્રા અને વાક્યથી, हीनम् = રહિત, किंचित् = જરા પણ-કાંઈપણ, उक्तम् = કહેવાઈ ગયું હોય, मे = મારા, तत् = તે અપરાધને, क्षमित्वा = ક્ષમા કરીને, सरस्वतीदेवी = જિનવાણી માતા, केवलबोधलब्धिम् = કેવળજ્ઞાનરૂપી લબ્ધિને, विदधातु = પ્રદાન કરો.

**● ગુજરાતી પદ્યાનુવાદ :**

મુજ વચનવાણી ઉચ્ચારમાં તલભાર વિનિમય થાય તો,
જો અર્થ-માત્રા-પદ મહીં, લવલેશ વધઘટ હોય તો;
યથાર્થ વાણીભંગનો દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળબોધનો.

**● ગદ્યાનુવાદ - ભાવાર્થ :**

મારાથી પ્રમાદવશ કદાચ અર્થ માત્રા અને વાક્યમાં કાંઈ ત્રુટિ રહી ગઈ હોય તો હે સરસ્વતીદેવી ! મારા તે અપરાધને ક્ષમા કરીને, મને કેવળજ્ઞાન રૂપી લબ્ધિ પ્રદાન કરો.

**● વિશેષાર્થ :**

હવે ઉત્તમ સાધક-મુનિમહારાજ વાણી સંબંધી પોતાના દોષોનું પ્રાયશ્ચિત્ત કરી જિનવાણી માતા પાસે પોતાનામાં કેવળજ્ઞાન પ્રગટે તેવી પાત્રતા આપવા માટે વિનંતી કરે છે - પ્રાર્થના કરે છે.

પૂર્વાચાર્યોએ અને જ્ઞાનીપુરુષોએ વિવિધ પ્રકારના દોષો ટાળીને સામાયિક કરવાની આજ્ઞા કરી છે. તેનું સુંદર આલેખન પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'શ્રીમોક્ષમાળા' શિક્ષાપાઠ ૩૭-૩૮-૩૯ માં આપેલ છે, જે નીચે પ્રમાણે છે :-

**● મનના દશ દોષ :-**

૧. અવિવેકદોષ - એવો વિચાર કે આનાથી શું ફળ થશે ?

૨. યશોવાંછાદોષ - અન્ય લોકો પ્રશંસા કરે એવી ઈચ્છા.

૩. ધનવાંછાદોષ - ધનની ઈચ્છાથી સામાયિક કરવું.

૪. ગર્વદોષ - સામાયિક કરે છે તેનો ગર્વ કરવો.

૫. ભયદોષ - સામાયિક નહીં કરું તો લોકો નિંદા કરશે તેવો ભય.

૬. નિદાનદોષ - લૌકિક ફળની ઈચ્છાથી સામાયિક કરવું.

૭. સંશયદોષ - સામાયિકનું પરિણામ આવશે કે નહીં ?

૮. કષાયદોષ - કષાય કરીને સામાયિક કરવા બેસી જવું - વૃત્તિ કષાયોમાં રાખવી.

૯. અવિનયદોષ - વિનય વગર સામાયિક કરવું.

૧૦. અબહુમાન દોષ - સામાયિક વ્રત પ્રત્યે - અહોભાવ ભક્તિભાવ ન હોવો.

● **વચનના દસ દોષ :-**

૧. કુબોલદોષ - સામાયિકમાં કુવચન બોલવું.

૨. સહસાત્કારદોષ - સાહસથી અવિચારપૂર્વક વાક્ય બોલવું.

૩. અસદારોપણદોષ - બીજાને ખોટો બોધ આપવો.

૪. નિરપેક્ષદોષ - શાસ્ત્રની દરકાર વિના બોલવું.

૫. સંક્ષેપદોષ - સૂત્રના પાઠ ઈત્યાદિ ટૂંકમાં બોલી જવા.

૬. ક્લેશદોષ - કોઈથી કષાય કરવાં.

૭. વિકથાદોષ - ચાર પ્રકારની વિકથા કરવી. ભોજનકથા, સ્ત્રીકથા, રાજકથા, દેશકથા.

૮. હાસ્યદોષ - કોઈની હાંસી-મશ્કરી કરવી.

૯. અશુદ્ધદોષ - સૂત્રપાઠ ન્યૂનાધિક અને અશુદ્ધ બોલવા.

૧૦. મુણમુણદોષ - બોલવામાં ગડબડ કરે.

● **કાયાના ૧૨ દોષ**

૧. અયોગ્યઆસનદોષ - અવિનયપૂર્વક બેસવું.

૨. ચલાસનદોષ - વારંવાર ઊઠવું પડે તેવાં આસને બેસવું.

૩. ચલદૃષ્ટિદોષ - આંખો ચંચળ રાખે.

૪. સાવદ્યક્રિયાદોષ - કાંઈ પાપક્રિયા કરે.

૫. આલંબનદોષ - પ્રમાદ થાય તેવું આસન.

૬. આકુંચનપ્રસારણદોષ - હાથપગ સંકોચે-લાંબા કરે.

૭. આલસદોષ - અંગ મરડે.

૮. મોટન દોષ - આંગળીઓના ટચાકા વગાડે.

૯. મલદોષ - શરીર ઉપર ચળ કરે-ખંજવાળે આદિ.

૧૦. વિમાસણદોષ - ગળામાં હાથ મૂકી બેસે.

૧૧. નિદ્રાદોષ - સામાયિકમાં ઊંઘ આવવી.

૧૨. વસ્ત્રસંકોચદોષ - ઠંડી આદિથી વસ્ત્ર સંકોચવા.

સામાયિકના પાંચ અતિચાર પણ કહ્યાં છે તે ઉપરના દોષોમાં આવી જાય છે છતાં તેને ટાળવા માટે જુદા પણ કહ્યાં છે.

(૧) મનોયોગદુષ્પ્રણિધાન - મનની અન્યથા પ્રવૃત્તિ.

(૨) વચનયોગદુષ્પ્રણિધાન - વચનની અન્યથા પ્રવૃત્તિ.

(૩) કાયયોગદુષ્પ્રણિધાન - કાયાની સ્થિરતા ન રહેવી.

(૪) અનાદર-ઉત્સાહ ન થવો.

(૫) સ્મૃત્યનુપસ્થાન-સામાયિક પાઠનું વિસ્મરણ થઈ જવું.

મહાપુરુષો વૈજ્ઞાનિક હતા. તેઓએ સામાયિકનું જઘન્ય પ્રમાણ બે ઘડી (૪૮ મિનિટ) નું બાંધ્યું છે. આ વ્રત સાવધાનીપૂર્વક, વિનય તથા ઉત્સાહપૂર્વક કરવાથી અપૂર્વ ફળ આપે છે. આત્મવિશુદ્ધિ થવાથી પરમ શાંતિ મળે છે.

● **બોધ :**

ઉપર પ્રમાણે મહાપુરુષો પોતાનાથી થયેલા દોષોનું અંતઃકરણપૂર્વક પ્રાયશ્ચિત્ત કરીને પોતાના દોષોનું વિસર્જન કરે છે અને પોતાને વિશેષ આત્મવિશુદ્ધિ પ્રગટે તેવું ઉત્કૃષ્ટ સામાયિક થાય તેવી પરમાત્માને પ્રાર્થના કરે છે. આપણે આપણી કક્ષાએ વિશુદ્ધપણે સામાયિક કરવાનો નિરંતર અભ્યાસ કરવો જોઈએ.

**શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ**

**ગુરુદેવ તમારી ગરવી છે ગરિમા,**
**કહ્યો ન જાય ગુરુ તત્ત્વનો મહિમા,**
**શબ્દોને હોય છે સદાય સીમા,**
**મારા અંતરના ભાવ છે અસીમા.**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

## ૧૪ મા તીર્થંકર શ્રી અનંતનાથ સ્વામી સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** શ્રી વિમલનાથ સ્તવનમાં ગણિશ્રી દેવચંદ્રજીએ કહ્યું હતું કે "તુજ દરિશણ થકી હું તર્યોજી." - પણ એ દરિશણ માટે કોઇ અવલંબન તો જોઇએ ને ? તો તે અવલંબન છે વીતરાગ ભગવંતની મૂર્તિ, પ્રતિમા. આ પંચમકાળમાં જ્યારે સાક્ષાત્ તીર્થંકર પ્રભુનો વિરહ છે ત્યારે શ્રી દેવચંદ્રજી જેવા મહાપુરુષો પોતાની અનન્ય પ્રભુભક્તિથી તે કાળને ચોથા કાળમાં પલટાવી દે છે. કઇ રીતે ? તો *"જિન પડિમા જિન સારખી"* એ ન્યાયે સ્થાપના નિક્ષેપથી પ્રભુની પ્રશમરસ ઝરતી, શાંત, વીતરાગી, નિર્વિકારી મુદ્રાના દર્શન પ્રભુની મૂર્તિમાં કરીને હું સમવસરણમાં પ્રત્યક્ષ પ્રભુના દર્શન કરી રહ્યો છું એવા ભાવ લાવીને પ્રભુ સાથે અનુસંધાન કરી લ્યે છે ! શ્રી યશોવિજયજી પણ કહે છે ને કે *"આરો સારો રે મુજ પાંચમો, જિહાં તુમ દર્શન દીઠ વાલ્હેસર."* પણ આવા ઉત્કૃષ્ટ ભાવ પ્રભુની પ્રતિમાના અવલંબનથી જ શક્ય બને છે અને તેથી જ જેમને પ્રતિમાના મહિમાની થોડી ઘણી શંકા હોય તે માટે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'પ્રતિમા સિદ્ધિ' નામનો ગ્રંથ લખ્યો હતો. દુર્ભાગ્યવશ તેના થોડા જ પાનાંઓ ઉપલબ્ધ છે, જેનો ઉલ્લેખ શ્રી વચનામૃતજી પત્રાંક-૪૦, પૃષ્ઠ ૧૭૩ થી ૧૭૫ માં છે. તેમાં શ્રીમદ્જીએ ઘણી તટસ્થતાથી પ્રતિમા-પૂજનનો મહિમા ગાતા કહ્યું છે કે, *"જિન પ્રતિમા અને તેનું પૂજન શાસ્ત્રોક્ત, પ્રમાણોક્ત, અનુભવોક્ત અને અનુભવમાં લેવા યોગ્ય છે."*

પ્રસ્તુત સ્તવનનું ગાન કરતાં માનસપટ ઉપર એક ચિત્ર ઊભું થાય છે કે જાણે દેવચંદ્રજી શ્રી અનંતનાથ ભગવાનની મૂર્તિ સમક્ષ એકલા બેસી સ્વયં સ્તવનનું ગાન કરતાં કરતાં અને મૂર્તિ નીરખતાં દેહભાન ભૂલી, પ્રભુના ગુણોનું ચિંતન અને તેથી પોતામાં થતા અપૂર્વ ભાવોની અનુભૂતિ કરી રહ્યાં છે જેનું વિશદ વર્ણન અહીં છે. ભવાટવીથી મુક્તિ, મિથ્યાત્વનો નાશ, આસ્રવભાવોનો ત્યાગ, રત્નત્રય અને સંવર-નિર્જરાની પ્રાપ્તિ, આત્મિક ગુણોનો આસ્વાદ-એમ પ્રભુમૂર્તિના દર્શનમાત્રથી સ્થાપના નિક્ષેપથી ભાવનિક્ષેપ બનતાં કલ્યાણની પરંપરા સર્જાય છે. તો હવે દેવચંદ્રજીની આ ભાવયાત્રામાં જોડાઇએ:

**મૂરતિ હો પ્રભુ, મૂરતિ અનંત જિણંદ,**
**તાહરી હો પ્રભુ, તાહરી મુજ નયણે વસીજી;**
**સમતા હો પ્રભુ, સમતા રસનો કંદ,**
**સહેજે હો પ્રભુ, સહેજે અનુભવ રસ લસીજી. ૧**

**શબ્દાર્થ :** હે અનંતનાથ જિનેશ્વર! તારી મૂર્તિ મારી આંખોમાં વસી ગઇ છે. હે પ્રભુ, તું સમતારસનો કંદ છે અને સહજપણે આત્માનુભવના રસથી પ્રકાશિત છે, પરિપૂર્ણ છે, ભરપૂર છે. (નયણે = નયનમાં, આંખોમાં; કંદ = મૂળિયું; લસીજી = પ્રકાશિત, છલકવું; લસવું = (શબ્દકોશમાં) - પ્રકાશવું, ઝળહળવું).

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજી કેવી એકાગ્રતાથી, ત્રાટક ધ્યાન કરીને શ્રી અનંતનાથ પ્રભુની મૂર્તિ નિહાળતાં હશે કે તેઓ કહે છે કે, હે પ્રભુ, તારી મૂર્તિ મારી આંખોમાં વસી ગઇ છે. એવી વસી ગઇ છે કે મારી નિંદરડી જ ઊડી ગઇ છે ! એવી વસી ગઇ છે કે પછી દરેક કાર્ય કરતાં એ જ નજર સામે તરી આવે છે. દેવચંદ્રજીની ભક્તિમાં એટલું ઊંડાણ છે કે પ્રભુના સ્વરૂપને માત્ર નિહાળી રહ્યાં નથી પણ જાણે તેને આંખોથી પી રહ્યાં છે. તો પ્રભુના સ્વરૂપમાં એવું તેમણે શું જોયું કે નયણે વસી ગયા છે ? તીર્થંકર નામકર્મથી પ્રભુનું મુખકમળ તો સૌંદર્યથી ભરપૂર છે જ, પરંતુ દેવચંદ્રજી તો પ્રભુનું આંતરિક સૌંદર્ય જોઇને ઘેલા થયા છે. તે છે : (૧) પ્રભુ **"સમતા રસનો**

**કંદ''** છે અને (૨) **''સહેજે અનુભવ રસ લસીજી.''** પ્રભુ સમતારસના કંદ એટલે મૂળિયા છે; એવા મૂળિયા કે તેમાંથી સમયે સમયે સમતારસ પ્રવહે છે અને અનંતકાળ પ્રવહતો રહેશે; જેમાં રાગ-દ્વેષનો કે મોહ-ક્ષોભનો અંશમાત્ર નથી કારણ કે મોહનીય કર્મના સર્વનાશથી અને પરિપૂર્ણ સ્વભાવમાં સ્થિરતા અને પરિતૃપ્તપણામાંથી તે સમતા ઊપજી છે. વળી પ્રભુ સ્વાનુભવ રસનો ભરપૂર અનંત આનંદ સહજપણે, વિના પ્રયત્ને માણી રહ્યા છે. પ્રભુના મુખ ઉપર તે સ્વાનુભવપ્રકાશ 'લસી' રહ્યો છે, ઝળહળી રહ્યો છે. પ્રભુનું આવું સ્વરૂપ દેવચંદ્રજીની આંખોમાં એવું લસી ગયું છે કે હવે જાણે ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે, પ્રસંગે પ્રસંગે એ જ નજર સામે આવતાં સંસારીભાવોથી વાળી લેવાય તેવી આત્મદશા થઇ વૃત્તિ સહજપણે અંતર્મુખ થાય છે.

રાધાએ જેમ શ્રીકૃષ્ણને તેમ દેવચંદ્રજીએ અનંતનાથને હૃદયમાં જાણે લૉક કરી દીધાં છે ! એક વખત શ્રી નારદજી ગંગાકાંઠેથી પસાર થતાં હતાં ત્યાં શું જુએ છે કે એકાંતમાં રાધા ક્યારેક ધ્યાન કરી રહી છે તો ક્યારેક અનુલોમ-વિલોમ આદિ પ્રાણાયામ! આશ્ચર્ય થાય છે કે હંમેશાં ભક્તિરસમાં ઝૂલતી, નાચતી, કૂદતી રાધાને આ યોગમાર્ગનું ભૂત ક્યાંથી વળગ્યું ? જઇને પૂછ્યું તો રાધા કહે છે, ''શું કરું ? આ નિર્દય કાનુડો મારા હૃદયમાં એવો તો ઘુસી ગયો છે કે જવાનું નામ જ નથી લેતો ! તેની પાછળ હું એવી ઘેલી થઇ છું કે કોઇ કાર્યમાં ધ્યાન જ નથી જતું ! તેથી મને થયું કે કંઇક આવું ધ્યાન, પ્રાણાયામ વગેરે કરું અને કદાચ તે મારા મનમાંથી દૂર હટી જાય ! શ્રી નારદજી તો આશ્ચર્યચકિત થાય છે કે આજે અહીં તો ઊલટી ગંગા વહે છે ! દેવચંદ્રજીની આંખોમાં પણ પ્રભુ આવી જ રીતે વસી ગયા લાગે છે ! અને તેથી જ પ્રભુમૂર્તિના દર્શનથી થતા અનેકાનેક લાભનું વર્ણન બે ઉપમાઓ વડે કરતાં આગળ કહે છે :

**ભવદવ હો પ્રભુ, ભવદવ-તાપિત જીવ,**
**તેહને હો પ્રભુ, તેહને અમૃતઘન સમીજી;**
**મિથ્યા હો પ્રભુ, મિથ્યાવિષની ખીવ,**
**હરવા હો પ્રભુ, હરવા જાંગુલિ મન રમીજી. ૨.**

**શબ્દાર્થ :** ભવના દાવાનળમાં તપતા જીવો માટે આપની મૂર્તિ અમૃતની મેઘવર્ષા સમાન છે. મિથ્યાત્વરૂપી ઝેરની મૂર્છાનું હરણ કરવા જાંગુલિમંત્ર સમાન આપની મૂર્તિ મારા મનમાં રમી રહી છે. (ભવદવ = સંસારરૂપી દાવાનળ, અગ્નિ; તાપિત = તપેલા, દાઝેલા; અમૃતઘન = અમૃતની મેઘવર્ષા; સમીજી = સમાન, તેના જેવું; મિથ્યા વિષ = મિથ્યાત્વરૂપી ઝેર; જાંગુલિ = સર્પ-વિષનું હરણ કરનાર એક મંત્ર)

**વિશેષાર્થ :** અજ્ઞાનદશામાં અનંતા ભવભ્રમણ કરતો **''ભવ-દવ તાપિત''** આ જીવ ભવાટવીના દાવાનળમાં આધિ, વ્યાધિ, ઉપાધિ અને જન્મ, જરા, મરણના ત્રિવિધ તાપથી નિરંતર બળી રહ્યો છે, અને આ આગ ખરેખર તો જીવના રાગની આગ છે એમ શ્રી દૌલતરામજી 'છહ ઢાળા' ના અંતે કહે છે અને તેથી આપણે જ પોતાના અજ્ઞાનથી ઉત્પન્ન કરેલ રાગની આગ પ્રભુની મૂર્તિમાં વીતરાગતાના દર્શનથી બુઝાય જાય છે અને પરમ શીતળતા આપે છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પણ મોક્ષમાળા શિક્ષાપાઠ-૧૯ માં સંસારને અગ્નિની ઉપમા આપતાં ફરમાવે છે કે *''અગ્નિથી કરીને જેમ મહા તાપની ઉત્પત્તિ છે, એમ સંસારથી પણ ત્રિવિધ તાપની ઉત્પત્તિ છે. અગ્નિથી બળેલો જીવ જેમ મહા વિલવિલાટ કરે છે, તેમ સંસારથી બળેલો જીવ અનંત દુઃખરૂપ નરકથી અસહ્ય વિલવિલાટ કરે છે.''* આવા દુઃખરૂપ પરિભ્રમણની વચ્ચે 'બહુ પુણ્યકેરા પુંજથી' મળેલ આ મનુષ્યભવમાં આપણા મહાભાગ્ય છે કે જિનેશ્વર ભગવાનના દર્શનનો લાભ તેમની મૂર્તિ દ્વારા થાય છે. તેમના સમતારસના કંદમાંથી નીતરતો સમતારસ અમૃતનો ઘન, મેઘ વરસાવી આપણા રોમેરોમને સ્પર્શી પરમ શીતળતા, પરમ આત્મિક શાંતિનો અનુભવ કરાવે છે; એવો પ્રભુની પરમશાંત મુદ્રાના 'AURA' નો, તેજપુંજનો પ્રભાવ છે. તેથી દેવચંદ્રજી પ્રભુની મૂર્તિને **''અમૃતઘન સમી''** કહે છે. વળી આ અમૃતની વર્ષા મારા મિથ્યાત્વરૂપી ઝેરનો નાશ કરવા સમર્થ છે. જેમ જાંગુલિમંત્રથી સર્પનું ઝેર ઊતરી જાય છે તેમ હે

પ્રભુ, તારી મૂર્તિ મારા મનમાં રમી જતાં મારા મિથ્યાત્વરૂપી ઝેરની મૂર્છા ઊતરી જાય છે. સર્પનું ઝેર તો એક ભવ મૃત્યુ પમાડે, પરંતુ જીવને અજીવ અને અજીવને જીવ માનવારૂપ અને સત્‌દેવ-ગુરુ-ધર્મ તત્ત્વની વિરાધનારૂપ મિથ્યાત્વના ઝેરથી તો હું અનંતા ભવ રખડ્યો અને આ ભવમાં પણ તેણે ક્ષણે ક્ષણે ભયંકર ભાવમરણ કરાવ્યું. મારું અપાર સદ્‌ભાગ્ય કે તારી મૂરતિના દર્શન થતાં તેમાંથી ઝરતા શાંતરસે તો મારા મિથ્યાત્વરૂપી કાળકૂટ વિષને હરી લીધું, કારણ કે મૂર્તિના દર્શન થતાં તારા બોધનું તત્ત્વદર્શન થયું, સદ્‌ગુરુએ આપેલા બોધનું સ્મરણ થયું, જેનાથી મારા મૂળ આત્મસ્વરૂપનું દર્શન થયું. સમ્યગ્‌દર્શન પ્રાપ્ત કરાવી મિથ્યાત્વરૂપી ઝેરનો નાશ કરવામાં સમર્થ આ રીતે તારી મૂર્તિ જાંગુલિમંત્ર - વિષહરણ મંત્ર સમાન છે.

**ભાવ હો પ્રભુ, ભાવ ચિંતામણિ એહ,**
**આતમ હો પ્રભુ, આતમ સંપત્તિ આપવાજી;**
**એહિ જ હો પ્રભુ, એહિ જ શિવસુખગેહ,**
**તત્ત્વ હો પ્રભુ, તત્ત્વાલંબન થાપવાજી.૩.**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપની મૂર્તિ આત્મસંપત્તિ આપવામાં ભાવ-ચિંતામણિ છે અને મોક્ષસુખનું ઘર છે, મંદિર છે. વળી તત્ત્વના આલંબનમાં સ્થિર થવાનું શ્રેષ્ઠ સાધન છે. (શિવસુખ = મોક્ષસુખ; ગેહ = ઘર, મંદિર, ધામ; તત્ત્વાલંબન = તત્ત્વનું આલંબન; થાપવાજી = સ્થાપવા, તેમાં સ્થિર થવા) શ્રી વિજયકલાપૂર્ણસૂરીજીના શબ્દાર્થનું મુખ્ય અવલંબન લીધું છે.)

**વિશેષાર્થ :** પ્રભુની મૂર્તિના દર્શનથી શ્રી દેવચંદ્રજીને શું શું થાય છે તેની વાત તેઓશ્રી કરી રહ્યાં છે અને આપણને તેમાંથી પ્રેરણા મળી રહી છે. તેઓ પ્રભુની મૂર્તિને **'ભાવ ચિંતામણી'** કહે છે. ચિંતામણિ એક એવું રત્ન છે કે તે હાથમાં આવતાં કોઈપણ ચિંતિત અર્થાત્‌ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થઈ જાય છે. પણ દેવચંદ્રજીના હાથમાં તો એક જુદું જ ચિંતામણિ રત્ન આવ્યું છે. તે છે ભાવ ચિંતામણિ ! દેવચંદ્રજીને સંસારના નશ્વર સુખો પ્રાપ્ત કરાવનાર ચિંતામણિની કંઈ પડી નથી. તેઓ તો શાશ્વત મોક્ષસુખના અભિલાષી છે. તે પ્રાપ્ત કરવા સર્વ શુભથી માંડીને ઉત્કૃષ્ટ શુદ્ધ ભાવો અંતરમાં પ્રગટે એવી તેમની અભિલાષા છે. તે મોક્ષસુખ આપનાર સર્વ ભાવો અને જ્ઞાનાનંદ આદિ અનંત 'આતમસંપત્તિ' પ્રભુની વીતરાગી મુદ્રાના દર્શન થતાં આપોઆપ અંતરમાં પ્રગટવા લાગે છે. એ રીતે પોતાની સમસ્ત મોક્ષસંબંધી ઇચ્છાપૂર્તિ થતી હોવાથી પ્રભુની મૂર્તિના અવલંબનને તેઓ 'ભાવ ચિંતામણિ' કહે છે. લૌકિક ચિંતામણિથી તો જગતની વસ્તુ પ્રાપ્ત કરવા જેટલી ચિંતા, ઇચ્છા કરવી પડે છે, પરંતુ ભાવ-ચિંતામણિથી તો પ્રભુદર્શન થતાં જ વિના માંગ્યે, મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે તેથી જ અહીં પ્રભુની મૂર્તિને **'શિવસુખગેહ'** - મોક્ષસુખનું ધામ, ઘર, મંદિર કહ્યું છે, જેમાંથી નિરાકુળ સુખ વહીને આપણને પણ નિરાકુળ પ્રસન્નતાનો અનુભવ કરાવે છે. વળી, આ ભાવ ચિંતામણિની ખૂબી એ છે કે તેના પ્રભાવમાં હવે જગતની કોઈપણ વસ્તુ માંગવાની ઇચ્છા જ રહેતી નથી, એવા સંતોષધનની પ્રાપ્તિ થાય છે !

પ્રભુની મૂર્તિ "તત્ત્વાવલંબન થાપવામાં" પણ સહાયક છે. પ્રભુએ જે સાત તત્ત્વ આદિ તત્ત્વજ્ઞાન આપ્યું છે તે તત્ત્વના અવલંબનને સ્થિરપણે હૃદયમાં સ્થાપન ત્યારે કરી શકાય છે કે, જ્યારે આપણે એકાગ્ર અને શાંતચિત્તે પ્રભુની મૂર્તિ સમક્ષ બેસીને તે તત્ત્વોનું ચિંતન કરીએ. આમ, તત્ત્વાલંબનમાં સ્થિરતા થતાં બીજા પણ કેવા અપૂર્વ લાભ થાય છે તે હવે કહે છે :

**જાયે હો પ્રભુ, જાયે આસ્રવચાલ,**
**દીઠે હો પ્રભુ, દીઠે સંવરતા વધેજી;**
**રત્ન હો પ્રભુ, રત્નત્રયી ગુણમાલ,**
**અધ્યાતમ હો પ્રભુ, અધ્યાતમ સાધન સધેજી. ૪.**

**શબ્દાર્થ :** પ્રભુને જોતાં જ આસ્રવની ચાલ જતી રહે છે, સંવરભાવો વધવા લાગે છે અને અધ્યાત્મમાર્ગનું સાધન પ્રાપ્ત થવાથી રત્નત્રયરૂપી ગુણોની માળા ઉપલબ્ધ થાય છે.

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી કહે છે કે હે અનંતનાથ પ્રભુ, આપની મૂર્તિના દર્શન થતાં જ **"જાયે**

**આસ્રવચાલ''** મારા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ પાંચ કારણોથી થતા આસ્રવભાવોની ચાલ થંભી જાય છે. સમતારસના કંદ સમી પ્રભુની મૂર્તિ સમક્ષ બેઠાં હોઇએ ત્યારે ક્રોધ, માન, માયા, લોભ આદિ આસ્રવભાવોનો મારા હૃદયમાં પ્રવેશ ન જ થઇ શકે ને ? તેમ વળી પ્રભુની મૂર્તિ નયનમાં વસી ગઇ હોવાથી જ્યારે પ્રભુદર્શનથી દૂર હોઇએ ત્યારે પણ પંચેન્દ્રિયના વિષયોમાં હવે રસ જ પડતો નથી. આત્મસંપત્તિ મળી જતાં સંસારના સર્વ ભોગ હવે તુચ્છ લાગે છે. આસ્રવની ચાલ નષ્ટ થતાં હવે કર્મબંધ થાય તેવા પરિણામ કે પ્રવૃત્તિ થતી જ નથી. વળી, પાપઆસ્રવની વાત તો દૂર રહી પરંતુ પુણ્ય-આસ્રવથી મળતી દેવલોક આદિ ગતિની પણ ખેવના રહી નથી કારણ કે હું તો તારી જેમ પંચમગતિ, મોક્ષનો જ કામી થયો છું. આસ્રવની ચાલ રોકાઇ જતા કર્મો આવતાં રોકાઇ જાય છે અને તેથી કેવું અપૂર્વ કાર્ય બને છે ! **''પ્રભુ દીઠે સંવરતા વધે જી''** - આસ્રવના, કર્મબંધના જે પાંચ કારણો ઉપર બતાવ્યા તેનાથી વિપરીત સંવરભાવો 'પ્રભુદીઠે' પ્રગટે છે. મિથ્યાત્વથી વિપરીત સમ્યક્ત્વ, અવિરતિથી વિપરીત ઇન્દ્રિય અને મનનો સંયમ, પ્રમાદની સામે સતત આત્મજાગૃતિ, કષાયની સામે અકષાયી જ્ઞાનસ્વભાવનો નિરંતર લક્ષ અને અનુભવ તથા યોગની ક્રિયા સામે અનાવશ્યક મન, વચન, કાયાની પ્રવૃત્તિનો નિરોધ-આ સર્વ સંવરના કારણો પ્રભુ દીઠે, પ્રભુની નિશ્રામાં સહજપણે સેવાય છે. એટલું જ નહિ, અણુવ્રત, મહાવ્રત, સમિતિ, ગુપ્તિ (મુનિ કે ગૃહસ્થની શક્તિ અને મર્યાદા પ્રમાણે) આદિ સાધનોથી એ સંવરભાવો પુષ્ટ થાય છે અને સંવર આવ્યા પછી નિર્જરા સહજપણે બને છે અને કર્મોની સમ્યક્-નિર્જરા થતાં મોક્ષ હાથવેંતમાં ! પ્રભુ દીઠે કલ્યાણની પરંપરા અહીં અટકતી નથી. ગણિશ્રી કહે છે **'રત્નત્રયી ગુણમાલ'** અને **'અધ્યાતમ સાધન સધેજી'** - અધ્યાત્મનું, આત્માની નિકટ જઇ તેની અપરોક્ષ અનુભૂતિ કરવાનું સર્વોત્કૃષ્ટ સાધન - તે છે રત્નત્રયરૂપ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર - આ ત્રણ રત્નોરૂપી ગુણોની માળા જે મોક્ષમાર્ગનો મૂળભૂત પાયો છે તેની આ પ્રભુપ્રેમી સાધકને ઉપલબ્ધિ થાય છે. ખરેખર તો આ રત્નત્રયની પ્રાપ્તિથી જ નિશ્ચય સંવર-નિર્જરા થતાં સાધક મોક્ષમાર્ગમાં વાયુવેગે આગળ ધપે છે.

પ્રભુભક્તિના રંગમાં થતાં બીજા અનેક પારમાર્થિક લાભની વાત ગણિશ્રી દેવચંદ્રજી અંતિમ ત્રણ ગાથાઓમાં કહેશે, જે આપણે યથાવસરે જોઇશું.

(ક્રમશઃ)

**ભારતીય ગુરુ પરંપરાના સંદર્ભે શ્રી સદ્ગુરુ...**

(પાના નં. ૨૮ પરથી ચાલુ...)

શ્રાવક કવિ ઋષભદાસ, પૂ. આનંદઘનજી ઉપાધ્યાય યશોવિજયજી, આ. સમયસુંદર, યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી, જ્ઞાનવિમલસૂરિજીની સજ્ઝાઈઓ, શ્રી ચિદાનંદજી, પાર્શ્વચંદ્રસૂરિ, કમલસુંદર ગણી, ઉદયગિરિના યોગેશ્વર-જગગજીવનસ્વામી, મુનિ સંતબાલજી, પરમ દાર્શનિક જયંતમુનિએ પોતાની રચનાઓમાં ગુરુમહિમા ગાયો છે.

સાધનાના દરેક તબક્કામાં ગુરુ, શિષ્યો અને ભક્તિના સહાયક બને છે. ગુરુ અહંકાર દૂર કરાવી પાત્રતા પ્રગટાવે છે.ગુરુ આપણા જીવનમાં વિનય ધર્મનું આરોપણ કરે છે અને સાધના માટે લીધેલા સાધન અંગે માર્ગદર્શન આપે છે. ગુરુઆજ્ઞાથી લીધેલ સાધનથી સાધ્ય સુધી પહોંચવામાં સરળતા રહે છે.

દાર્શનિક સંદર્ભે ગુરુદક્ષિણા વિશે ચિંતન કરવા જેવું છે.શિષ્યે હૃદયમાં ભાવ પ્રગટ કરવા જોઈએ કે, 'જે કાંઈ મને મળ્યું છે તે ગુરુકૃપાએ જ મળ્યું છે, માટે સર્વ ગુરુનું જ છે તો હું તેમને ગુરુદક્ષિણા આપનાર કોણ? ગુરુને અર્પણ થયા પછી અહંનું વિસર્જન થયું છે, મનનું મૃત્યુ થયું છે. આ જગતમાં આત્માથી શ્રેષ્ઠ કશું જ નથી અને મને આત્માનું દર્શન કરાવનાર તો ગુરુ જ છે, જેથી આત્મા પણ તેનો જ છે તો હું ગુરુને શું આપી શકું? આમ, લઘુતાભાવ પ્રગટ થાય તો જ શિષ્યત્વ આદર્શ બની શકે છે.

''દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.''

● ● ●

# મુન્યાચાર (સકલચારિત્ર)
(ક્રમાંક - ૮)

બા.બ્ર. સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## નિશ્ચય ચારિત્રનું સ્વરૂપ અને માહાત્મ્ય તથા પ્રાપ્તિનો ઉપાય

चारित्तं खलु धम्मो । धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो ।
मोहक्खोहविहिणो परिणामो । अप्पणो हु समो ॥७॥
— પ્રવચનસાર

चारित्रं खलु धर्मो । धर्मो यस्तत्साम्यमिति निर्दिष्टम् ।
मोहक्षोभविहीनः परिणाम । आत्मनो हि साम्यम् ॥७॥
— પ્રવચનસાર

**અર્થ :** વસ્તુતઃ ચારિત્ર જ ધર્મ છે. તે ધર્મ સામ્યભાવ સ્વરૂપ છે એમ કહ્યું છે. મોહ (દર્શનમોહ) અને ક્ષોભ (ચારિત્રમોહ, રાગ-દ્વેષ)થી રહિત આત્માના પરિણામ જ સામ્યભાવ છે.

શ્રીમદ્ કુંદકુંદદેવની ઉપરોક્ત ગાથાથી સ્પષ્ટ થાય છે કે ચારિત્ર જ વાસ્તવિક ધર્મ છે અર્થાત્ સાક્ષાત્ ધર્મ છે. સમ્યગ્દર્શનને ધર્મનું મૂળ કહ્યું છે તથા સમ્યગ્જ્ઞાનને દર્શન અને ચારિત્રનું કારણ કે આધાર કહ્યું છે પરંતુ ચારિત્રને તો સાક્ષાત્ ધર્મ જ કહ્યો છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું પ્રયોજન પણ સમ્યક્ચારિત્રની સિદ્ધિ જ છે કારણ કે ચારિત્ર સાક્ષાત્ પરમાનંદસ્વરૂપ છે. આપણું એક માત્ર ધ્યેય શાશ્વત આનંદની પ્રાપ્તિ છે અને તેનો એક માત્ર ઉપાય ચારિત્રની સાધના છે કારણ કે ચારિત્ર આનંદગુણને પ્રગટ કરે છે. જો શ્રદ્ધા અને જ્ઞાન હોય પરંતુ અંતરંગ પરિણામ શાંત, નિરાકુળ, રાગ-દ્વેષરહિત ન હોય તો તે શ્રદ્ધા અને જ્ઞાનની સાર્થકતા સિદ્ધ થતી નથી. શ્રદ્ધા અને જ્ઞાનની સાર્થકતા ત્યારે જ છે કે જ્યારે તત્ત્વાર્થોને જેવા છે તેવા જાણીને અને માનીને સમત્વભાવના આશ્રયથી સ્વરૂપસ્થ થવાય, જેથી શાંત - નિરાકુળ પરમાનંદની ઉપલબ્ધિ થાય. આ સ્વરૂપસ્થ થવું તે જ વાસ્તવમાં ચારિત્ર છે અને ચારિત્ર જ જેનું પરમસામ્યભાવ લક્ષણ છે દર્શનમોહ અર્થાત્ અજ્ઞાન (મિથ્યાત્વ) અને ચારિત્રમોહ અર્થાત્ રાગ-દ્વેષથી રહિત પરિણામ થવાથી પરમાનંદસ્વરૂપ છે કારણ કે આત્માના સહજાનંદ ગુણના ઘાતક રાગ-દ્વેષ, ક્રોધાદિ કષાયભાવ છે, જેને ચારિત્રમોહ કહે છે. આ કષાયભાવોનું મૂળ વસ્તુસ્વરૂપનું વિપરીત શ્રદ્ધાનરૂપ અજ્ઞાન (મિથ્યાત્વ) ભાવ છે; જેનાથી પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ થાય છે, જેને દર્શનમોહ કહે છે. આ બંનેના સદ્ભાવમાં ચારિત્રગુણ વિપરીત પરિણમન કરે છે, જેને મોહ-ક્ષોભ પરિણામ કહે છે. તેનાથી રહિત થવાથી જ સહજાનંદની પ્રાપ્તિ સંભવ છે, જેનો ઉપાય ચારિત્રની સાધના છે. વિશેષ ધ્યાતવ્ય એ છે કે જો દર્શનમોહ નષ્ટ થઈ ગયો હોય પરંતુ ચારિત્ર મોહરૂપ રાગ-દ્વેષ-કષાયભાવોનો નાશ થયો ન હોય તો પણ આપણું મૂળ પ્રયોજન સાચા આનંદની પ્રાપ્તિ અસંભવ છે. ચારિત્રપરિણામ આ રાગ-દ્વેષ, કષાયોનો નાશ કરવાનું અનન્ય કારણ છે. તેથી પરમાનંદના પિપાસુઓને સામ્યભાવરૂપ ચારિત્ર જ સર્વપ્રકારેણ ઉપાદેયભૂત છે. આ જ સારભૂત વાત છે. એમ જાણીને શું કરવું જોઈએ? ચારિત્રની ઉપાસના કરવી જોઈએ. તેના માટે શું કરવું જોઈએ ? આત્મધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ કારણ કે મોક્ષના બંને હેતુ (વ્યવહાર ચારિત્ર અને નિશ્ચય ચારિત્ર) માટે ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ એવી શ્રી જિનેન્દ્રની આજ્ઞાથી શ્રીમદ્ નેમિચંદ્રાચાર્ય 'દ્રવ્યસંગ્રહ'માં આ પ્રમાણે કહે છે :

**दुविहं पि मुक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।**
**तम्हा पयत्तचित्ता जूयं झाणं समब्भसह ॥४७॥**

**द्विविधं अपि मोक्षहेतुं ध्यानेन प्राप्नोति यत् मुनि: नियमात्**
**तस्मात् प्रयत्नचित्ता: यूयं ध्यानं समभ्यसत ॥४७॥**

**અર્થ :** મુનિ ધ્યાન કરવાથી નિયમથી નિશ્ચય અને વ્યવહાર આ બન્ને સ્વરૂપ મોક્ષમાર્ગને પામે છે. તે કારણે હે ભવ્યો ! તમે ચિત્તને એકાગ્ર કરીને ધ્યાનનો અભ્યાસ કરો.

આત્મધ્યાનની સિદ્ધિ માટે શું કરવું જોઈએ ? આત્મધ્યાનની સિદ્ધિ માટે 'ઇચ્છા નિરોધ' જેનું લક્ષણ છે એવા તપનું અનુષ્ઠાન, વીતરાગશ્રુતનો ગહન અભ્યાસ તથા અહિંસાદિ વ્રતોનું દૃઢતાથી પાલન કરવું જોઈએ કારણ કે ઉપરોક્ત ત્રણ વિશેષતાઓથી યુક્ત ધ્યાતા જ ધ્યાનરથ પર આરૂઢ થઈને તેની ધુરા સંભાળી શકે છે, એવો જિનાજ્ઞાથી આચાર્યદેવ ઉપદેશ આપે છે.

**तवसुदवदवं चेदा ज्झाणरहधुरंधरो हवे जम्हा ।**
**तम्हा तत्तियणिरदा तल्लद्धीए सदा होह ॥५७॥**
**तप:श्रुतव्रतवान् चेता ध्यानरथधुरन्धर: भवति यस्मात् ।**
**तस्मात् तत्त्रिकनिरता: तल्लब्ध्यै सदा भवत ॥५७॥**

**અર્થ :** તપ, શ્રુત અને વ્રતનો ધારક જે આત્મા છે તે જ ધ્યાનરૂપી રથની ધુરાને ધારણ કરનાર થાય છે. આ કારણે હે ભવ્યજનો ! તમે ધ્યાન પ્રાપ્તિના અર્થે નિરંતર તપ, શ્રુત અને વ્રત આ ત્રણેમાં તત્પર થાઓ.

આત્મધ્યાનની સિદ્ધિ માટે તપ, શ્રુત અને વ્રતની શી જરૂર છે ? જો તમે એવું પૂછો તો તેનું સમાધાન આ પ્રમાણે છેઃ જ્યાં સુધી મનમાં ઇચ્છા છે ત્યાં સુધી નિરાકુળતા અસંભવિત છે. નિરાકુળતા વિના આત્મધ્યાન અસંભવિત છે તથા જ્યાં સુધી વસ્તુસ્વરૂપનું અજ્ઞાન છે ત્યાં સુધી ધ્યાન માત્ર તરંગરૂપ છે, યથાર્થ નથી અને જ્યાં સુધી હિંસાદિ પરિણામરૂપ અશુભોપયોગ છે ત્યાં સુધી ધ્યાનની ભૂમિકાને યોગ્ય આવશ્યક વિશુદ્ધિના અભાવમાં યથાર્થ ધ્યાનની ઉપલબ્ધિ અસંભવિત છે. ઉપરોક્ત ત્રણે દોષોને ક્રમશઃ તપ, શ્રુત અને વ્રત દ્વારા દૂર કરી શકાય છે. તપ દ્વારા મનને વાસનારહિત કરીને ચિત્તના વિક્ષેપને દૂર કરી શકાય છે. વીતરાગશ્રુત દ્વારા તત્ત્વાર્થોનું યથાર્થ જ્ઞાન કરીને યથાર્થ વસ્તુસ્વરૂપના જ્ઞાન દ્વારા અજ્ઞાનને દૂર કરી શકાય છે, જેથી આત્મા યથાર્થ આત્મભાવને પકડી શકે. વ્રતો દ્વારા આત્માને પાપ પરિણામોરૂપ અશુદ્ધિથી નિવારી વિશુદ્ધ કરાય છે, જેથી ધ્યાનને યોગ્ય પવિત્ર ભાવોરૂપ ભૂમિકા બની શકે. આ પ્રકારે તપ, શ્રુત અને વ્રત આ ત્રણે દ્વારા જ યથાર્થ આત્મધ્યાનની સિદ્ધિ સંભવ છે. માટે મન, વચન, કાયની સંપૂર્ણ શક્તિ લગાવીને નિરંતર તપ, શ્રુત અને વ્રતોમાં તલ્લીન રહેવું જોઈએ. આ જ પરમકર્તવ્ય છે.ચારિત્રની સિદ્ધિ માટે ધ્યાન જ એકમેવ ઉપાય છે. તે પવિત્ર ધ્યાનનું સ્વરૂપ આગલા 'સમ્યક્તપ' પ્રકરણમાં સમજીશું.

---

**ગુરુપૂર્ણિમા ....**

(પાના નં. ૩૧ પરથી ચાલુ...)

ગુરુવંદનની ભાવનાથી (શૃંગાર મંજરીના સાંસારિક ચાર પુત્રો) ને કેવળજ્ઞાન થયું. ભાવપૂર્વક ગુરુવંદન કરવાથી શીતલાચાર્યને પણ કેવળજ્ઞાન થયું.

### ગુરુ એટલે

જે પ્રત્યક્ષ ન હોવા છતાં મને પળ પળ પાસે હોવાની પ્રતીતિ કરાવે છે, પળ પળ પ્રેરણા આપે છે, પળ પળ કૃપા વરસાવે છે ! હે ગુરુદેવ ! આપના દરેક શબ્દમાં અમારું શ્રેય છે. આપની કરુણામાં અમારું કલ્યાણ છે. આપના આશીર્વાદમાં અમૃતના પાન છે. આપની પ્રેરણામાં અમારી પ્રગતિ છે. આપના સ્નેહમાં જીવનની સંજીવની છે. આપની આજ્ઞામાં રહેવું એ અલૌકિક આનંદ છે.

જ્યારે એક આત્મા ગુરુના શરણમાં જાય છે, ત્યારે અલ્પ સમયમાં તેની ઇચ્છાઓ અને અવગુણો નાશ પામે છે, અને તે લક્ષ્ય સુધી પહોંચી શકે છે. જીવનમાં જો સદ્‌ગુરુ સમાન ભોમિયા ન હોય તો સંસારઅટવિમાંથી ભવપાર કોણ કરાવે ?

જો ગુરુ હોય તો માર્ગ અને અંતિમ મંજિલ સહજપણે પ્રાપ્ત થાય છે. ગુરુની આજ્ઞાના આરાધનથી 'સ્વ' ની અને 'સ્વ' થી સિદ્ધત્વની પ્રાપ્તિ થઇ શકે છે. ● ● ●

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૨)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## મંગલાચરણ

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**यस्य स्वयं सुरगुरु गॅरिमाम्बुराशेः,**
**स्तोत्रं सुविस्तृतमति र्न विभुर्विधातुम् ।**
**तीर्थेश्वरस्य कमठस्मय धूमकेतो -**
**स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ॥२॥**

● **અન્વયાર્થ :**

**यस्य गरिमा अम्बुराशेः स्तोत्रं विधातुम्,**
**सुविस्तृतमति सुरगुरुः स्वयं न विभुः ।**
**तस्य कमठस्मय धूमकेतोः तीर्थेश्वरस्य,**
**एष अहं किल संस्तवनं करिष्ये ॥२॥**

● **શબ્દાર્થ : यस्य** - જેઓનો, **गरिमा** - મહિમા, ગુણો, **अम्बुराशेः** - મહાસાગર સમાન છે, **स्तोत्रं** - સ્તોત્ર સ્તુતિને, **विधातुम्** - રચવાને માટે, **सुविस्तृतमतिः** - સુવિશાળ (મહાન) બુદ્ધિવાળા, અતિમતિમાન, **सुरगुरुः** - દેવોના ગુરુ (બૃહસ્પતિ), **स्वयं** - પોતે, ખુદ, **न** - નથી, **विभुः** - સમર્થ, **तस्य** - તે, **कमठ** - કમઠ, વ્યંતરદેવ મેઘમાળી, **स्मय** - અહંકારનો, **धूमकेतोः** - (નાશ કરવામાં) ધૂમકેતુ (અગ્નિ) સમાન, **तीर्थेश्वरस्य** - તીર્થંકર (પાર્શ્વનાથ) પ્રભુના, **एष** - આ, એવા, **अहं** - હું (આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિ), **किल** - સાચે જ, ખરેખર, આશ્ચર્ય, **संस्तवनं** - સ્તુતિ સ્તવનને, **करिष्ये** - કરીશ, રચીશ.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

(હરિગીત)

**સાગરસમા જેના મહિમાની સ્તુતિ કરવા વિષે,**
**વિશાળબુદ્ધિ સુરગુરુ તે છેક શક્તિહીણ દીસે;**
**વળી કમઠકેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે,**
**તીર્થેશની સ્તુતિ કરીશ જ તેમની હું તો ખરે. .... (૨)**

(મંદાક્રાંતા)

**જેને બુદ્ધિ અતિશય વરી દેવગુરુ સમાન,**
**તેઓથીયે નવ થઈ શકે આપના ગુણગાન;**
**જે છે અગ્નિસમ કમઠના ગર્વનાશે અધીશ,**
**નિશ્ચે એવા જિનવરતણી સ્તુતિને હું કરીશ .... (૨)**

● **ભાવાર્થ :** ગુણમહિમાના અપાર સાગરસમા, જેમની સ્તુતિ કરવા અત્યંત બુદ્ધિશાળી દેવોના ગુરુ ખુદ બૃહસ્પતિ પણ સમર્થ નથી, કમઠના અહંકારનો નાશ કરવામાં ધૂમકેતુ (અગ્નિ) સમાન એવા તીર્થંકર (પાર્શ્વનાથ) પ્રભુની હું (આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિ) ખરેખર (સાચે જ, આશ્ચર્ય) સ્તુતિ (કલ્યાણમંદિર સ્તોત્ર) કરીશ (રચીશ).

● **વિશેષાર્થ / પરમાર્થ :** મંગલાચરણરૂપ આરંભના બે શ્લોકમાં આચાર્યશ્રી સ્તુતિ-સ્તોત્રનો હેતુ દર્શાવે છે. રચનાના પ્રારંભમાં દેવની સ્તુતિ કરવામાં કર્તાનો હેતુ આરંભેલ શુભ કાર્ય એ દેવના પ્રભાવથી નિર્વિઘ્ને પૂર્ણ થાય એમ હોય છે. આચાર્યશ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિથી આરંભ કરે છે. ઉપલક્ષથી તેમના શાસનદેવ-દેવીઓ ધરણેંદ્રદેવ, પદ્માવતીદેવી અને પાર્શ્વયક્ષને આહ્‌વાન કરે છે. તેમના આશિષથી આરંભેલ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ તો થાય છે પરંતુ ઉત્તમ પણ નીવડે છે.

આચાર્યશ્રી કહે છે કે જે કોઈ રૂડાભાવથી પાર્શ્વપ્રભુને વંદન, નમસ્કાર કરશે તે જીવનું એકાંતે કલ્યાણ જ થશે. આ લોકમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ પામશે અને પરલોકમાં સુગતિ થશે. જિનેશ્વર ભગવાન આવા એકાંત કલ્યાણના કરનારા (ઉત્તમ નિમિત્ત) હોવાથી તેમને 'કલ્યાણના મંદિર' કહ્યા.

**संस्तवनं करिष्ये** - અનંત ગુણોના સ્વામી શ્રી પાર્શ્વનાથ પ્રભુની હું સ્તુતિ કરીશ એમ આચાર્યશ્રી કહે છે. અહીં ભવિષ્યકાળનો ઉપયોગ દર્શાવે છે કે આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિજી તેમના ક્ષયોપશમ

પ્રમાણે સ્તુતિ કરશે. પરમાત્માની સ્તુતિ અને તેમના ગુણોની કીર્તના કરવી એ અત્યંત કઠિન કામ હોવા છતાં આચાર્યશ્રીના હૃદયમાં પાર્શ્વપ્રભુ પ્રત્યેની પરમ પ્રીતિ અને અપૂર્વ ભક્તિ હોવાથી, તેઓશ્રીએ સ્તુતિ રચવાનો સંકલ્પ કરેલ છે.

સુરગુરુના પક્ષે (ચરણ-૨ માં) 'સ્તોત્ર' કહેલ છે અને આચાર્યશ્રીના નિજપક્ષે (ચરણ-૪ માં) 'સ્તવન' કહેલ છે. સામાન્ય રીતે બન્ને એકાર્થવાચક પર્યાયવાચી શબ્દો હોવા છતાં ભાવોમાં સૂક્ષ્મ અંતર છે. 'સ્તોત્ર' શબ્દ અન્ય જીવો માટે, રક્ષાવાચી, પરોપકારવૃત્તિવાળો, કઠિન અને સૂક્ષ્મ અહંકારનો જનક છે. જ્યારે 'સ્તવન' સ્વલક્ષે, મૃદુ, ભાવભક્તિથી ભરપૂર હૃદયમાંથી જન્મે છે.

**તીર્થેશ્વરસ્ય** એટલે તીર્થંકરની ..... સ્તુતિ કરીશ. 'તીર્થ' એટલે (૧) પ્રથમ ગણધર (વર્તમાન શાસનમાં ગૌતમસ્વામી), અથવા (૨) જિનશાસન (બાર અંગરૂપ શ્રુત, પ્રવચન), અથવા (૩) ચતુર્વિધ સંઘ. તેમના ઇશ્વર = સ્વામી / નાયક તે તીર્થેશ્વર એટલે તીર્થંકર પ્રભુ.

પાર્શ્વનાથ પ્રભુના ગુણો અને તેનો મહિમા અપરંપાર છે. જેમ સમુદ્રના જલકણો-જલબિંદુઓ ગણી શકાય નહિ અને તેનો પાર પામી શકાય નહિ તેમ પરમાત્માના વિશાળ ઉદધિસમા અનંતગુણો કથનથી કથી શકાય નહિ, વાણીથી વર્ણવી શકાય નહિ. તેનો મહિમા ચોમેર પ્રસરેલ છે, જે અમાપ અને અસીમ છે. પાર્શ્વપ્રભુએ છેલ્લા ભવમાં કમઠ તાપસના અભિમાનને ઓગાળી નાંખ્યું અને લોકોને અંધશ્રદ્ધામાંથી મુક્ત કર્યા. નાગ-નાગણીને આગમાં બળતા બચાવી, નવકાર સંભળાવી, શુભ ધ્યાનમાં ચડાવી તિર્યંચગતિમાંથી દેવગતિમાં મોકલ્યા (નિમિત્ત). કમઠ (મેઘમાળી વ્યંતરદેવ) ના ગર્વને બાળનારા કહીને આ સ્તોત્ર ૨૩મા તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથની સ્તુતિરૂપે રચવામાં આવ્યું છે તેમ સ્પષ્ટ કર્યું. તેમના ગુણોની સ્તુતિ કરવા ખુદ દેવોના ગુરુ બૃહસ્પતિ પણ અસમર્થ છે, એમ કહીને જિનપ્રભુનું અત્યંત માહાત્મ્ય બતાવ્યું.

**યસ્ય** શબ્દ દ્વારા પ્રભુનું અનંત ગુણાત્મક શક્તિરૂપ દિવ્ય ભાવસ્વરૂપ કહેલ છે. પાર્શ્વપ્રભુનું સામાન્ય કથાનક શબ્દોમાં સમાયું છે પરંતુ તેઓનું આંતરિક અનંતજ્ઞાનરૂપ મોહાતીત સ્વરૂપ છે તેને આપણે તો શું પણ સુરગુરુ પણ શબ્દોમાં વ્યક્ત કરવા સમર્થ નથી. તેથી જ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'અપૂર્વ અવસર' માં કહ્યું કે,

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો .... (૨૦)**

**ગરિમામ્બુરાશિ** માં અમ્બુરાશિનો અર્થ જળ-સમૂહ છે. ભારતીય સંસ્કૃતિમાં પવિત્ર વસ્તુઓમાં પાણીને અતિ ઉત્તમ કહેવામાં આવેલ છે. મહિમા અને ગુણોને વ્યક્ત કરવા માટે 'ગરિમા' શબ્દમાં માત્ર મોટાઇનો જ અર્થ નથી, તેની સાથે ઉત્તમતા અને પવિત્રતા પણ છે. 'ગરિમા' શબ્દ ગુણવાચક ઉપરાંત શુદ્ધિ અને સિદ્ધિવાચક છે. તેમાં માહાત્મ્ય તથા વ્યાપક કીર્તિના ભાવ પ્રગટ થાય છે. આચાર્યશ્રીએ લઘુવ્યાપક અલંકારથી કાવ્યરસનું પાન કરાવેલ છે. પ્રભુચરણની લઘુતા સાગરની વિશાળતાથી પણ જાણે અધિક છે !

જૈન શાસ્ત્રોમાં બૃહસ્પતિનો કોઇ ઉલ્લેખ નથી. આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિજીએ વ્યવહારિક દેવનું અવલંબન લઇને શક્યાશક્ય અલંકારનો પ્રયોગ કર્યો છે. લોકોકિત પ્રસિધ્ધ છે કે કાવ્યમાં આ પ્રકારના પ્રસંગમાં બૃહસ્પતિનું અવલંબન લેવામાં આવે તે પરંપરા એક અલંકારરૂપ શોભા છે. વળી સામાન્ય જનસમૂહનો વિદ્વત્વર્ગ બૃહસ્પતિને વધારે ઓળખે છે.

ચારે ગતિમાં લબ્ધિ, સિદ્ધિ તથા બુદ્ધિ દેવલોકમાં વધારે હોય છે. વિશેષ પુણ્યના ભોગવટા માટે આ દેવગતિ નિર્માઇ છે. દેવો તેમની બુદ્ધિ-શક્તિ માટે પ્રખ્યાત છે. એમાંય તેમના ગુરુની બુદ્ધિ તથા શક્તિ માટે તો કહેવું જ શું ? દેવોમાં શ્રેષ્ઠ ઇંદ્ર અને તેમના ગુરુ બૃહસ્પતિને પ્રભુના ગુણો તથા શક્તિનું વર્ણન કરવા માટે હજાર જીભ પણ ઓછી પડે છે !

અહીં કવિ (આચાર્યશ્રી) ની વિનયશીલતાની સાથે સ્વપ્રજ્ઞતાની પ્રચ્છન્ન (ગર્ભિત) રૂપમાં ગર્વોક્તિ પણ છે. 'બૃહસ્પતિ જે નથી કરી શકતા તે હું કરીશ' આ પ્રચ્છન્ન ગર્વોક્તિ છે અને પ્રત્યક્ષરૂપે 'જે સ્તુતિ બૃહસ્પતિ પણ નથી કરી શકતા તે હું કેવી રીતે કરી શકું ?' આ તેમની વિનયશીલતા છે. આ લાઘવ ગર્વોક્તિ અલંકાર છે. લઘુતાની સાથે પ્રબળતાનો આભાસ કરાવવો તે આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિજીના કાવ્યસૌષ્ઠવનો નમૂનો છે.

પાર્શ્વનાથ અને કમઠને દસ-દસ ભવના ઋણાનુબંધ હતા તેમાં કમઠે ચાર વાર મરણાંત ઉપસર્ગ કર્યા અને છેલ્લા ભવમાં પાંચમીવાર મરણાંત ઉપસર્ગ કરવા તૈયાર થયો. પ્રભુનો જીવ તો ક્ષમાભાવ અને સમતા ધારણ કરી સહન કરતો હતો. શલાકાપુરુષ તીર્થંકરના જીવનું આયુષ્ય નિરૂપક્રમી (ફેરફાર વિહીન) હોય છે. ધરણેંદ્રદેવ તથા પદ્માવતીદેવી પૂર્વભવનો ઉપકાર વેદીને વહારે આવ્યા (પ્રભુને ક્યાં જરૂર હતી?). બધા ઉપસર્ગોને સમભાવે જીતીને પ્રભુ પોતાનું અવ્યાબાધ આત્મિક સુખ પ્રગટાવીને સર્વજ્ઞ થયા.

પહેલા ભવમાં કમઠ મરૂભૂતિ (પાર્શ્વનાથનો જીવ) નો મોટોભાઈ હતો. કષાયના આવેગમાં બંધુને દગો દઈને વૈરી બની ગયો. છેલ્લા દસમાં ભવમાં તાપસ બન્યો અને પાર્શ્વકુમારે તેના અજ્ઞાન (જીવહિંસારૂપ યજ્ઞ-ધર્મ) ને ઉઘાડું પાડતા (નાગ-નાગણીના બળતા જીવોને ઉગારવાના હેતુથી) કમઠ તાપસે વૈરનો ભયંકર અનુબંધ કરી દીધો અને એ અનુબંધ તેના અહંકારનું મૂળ બન્યો. તીવ્રગ્રંથિના રૂપમાં કમઠના અશુભ ભાવોએ તેને અહંકારની મૂર્તિ બનાવી દીધો. (વ્યંતર) દેવયોનીમાં જવા છતાં પણ આ અહંકાર પાર્શ્વપ્રભુને ધ્યાનાવસ્થામાં જોતા તીવ્ર ભાવથી જાગૃત થયો. આ હતો કમઠનો **સ્મય** (ગર્વ).

ભગવાન મહાવીરના જીવનમાં એક બાજુ હિંસક દૃષ્ટિવિષ ચંડકૌશિક ભયંકર સર્પ હતો અને સામે અહિંસક દયાસભર ભગવાન મહાવીરનું કરુણાશીલ હૃદય હતું. આખરે ઉત્તમ કરુણા અને નિષ્કામ વાત્સલ્ય સામે સર્પના પ્રકોપનો પ્રલય થઈ ગયો અને મહાવીર પ્રભુએ ચંડકૌશિકનું કલ્યાણ કર્યુ.

એવી રીતે અહીં પણ એક બાજુ પ્રચંડ પ્રવેગી કમઠનો અહંકાર હતો અને સામે પાર્શ્વપ્રભુની ક્ષમાયુક્ત પ્રશાંત મુદ્રા હતી. ભલે નાદાન કમઠનું કલ્યાણ ન થયું, પરંતુ પ્રભુના ધૈર્ય અને સમતા ટકરાઈને કમઠના અહંકારનો નાશ થઈ ગયો. કમઠને ભાગવું પડ્યું અને ધરણેંદ્રને સેવાની તક મળી.

પરમાત્માનું અભ્યંતર સ્વરૂપ અનિર્વચનીય છે અને સુરગુરુ પણ તેનું આખ્યાન કરી શકતા નથી. એવું દિવ્ય સ્વરૂપ આધ્યાત્મિક વિકાસનું ચરમબિંદુ છે, જ્યાં વચનાતીત દશા પ્રગટે છે. ત્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળનો અનુબંધ નથી, કેવળ ભાવસ્વરૂપ છે. આ છે પરમાત્માનું અકથ્ય સ્વરૂપ જે કેવળજ્ઞાનગમ્ય છે અને તેની અનુભૂતિ કરવી તે આ શ્લોકનો અધ્યાત્મસાર છે.

આ શ્લોકમાં આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિજીની વિદ્વત્તા, ભક્તિ, વિનયશીલતા, શબ્દસૌષ્ઠવતા, કાવ્યરસિકતા અને ઉત્તમ આત્મદશાના દર્શન થાય છે.

જે કાર્ય દેવોના ગુરુ કરી શક્યા નથી તે કરવા આચાર્યશ્રી પ્રવૃત્ત થયા છે. તેમાં તેમની બડાઈ નથી, પણ તેમને મન આ પ્રભુસ્તુતિનું કાર્ય અત્યંત પવિત્ર અને પ્રેરણાદાયી હોવાને લીધે ગમે તેવી મર્યાદિત શક્તિ સાથે પણ આરંભ કર્યો છે. આચાર્યશ્રી પોતે કરવા ધારેલા કાર્યના મહાનપણાથી અને પોતાની મર્યાદાથી સંપૂર્ણ જાણકાર હતા. તે હવે પછીના શ્લોકોથી જણાય છે.

કલ્યાણમંદિર સ્તોત્રના શ્લોકોમાં આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિ પ્રથમના બે ચરણમાં પોતાનો હેતુ અને છેલ્લા બે ચરણમાં તે હેતુને સ્પષ્ટ કરતાં દૃષ્ટાંતો સુંદર ઉપમાઓ સાથે આપે છે.

અંતમાં સર્વ જીવ પ્રભુના ગુણગાન કરીને અધ્યાત્મવિકાસ સાથે આત્માનુભૂતિ કરે તે મંગલ ભાવના સાથે શ્રી જિનાજ્ઞા વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

# આત્માની કર્મ શક્તિ (૪૫)

વલભજી હીરજી 'કેવલ'

આત્મામાં એવી શક્તિ છે કે પોતાનું જે કાર્ય થયું તે મય પોતે વર્તે છે. કર્મ એટલે કે જ્ઞાનભાવમય જે કાર્ય થયું તે કર્મ આત્માથી જુદું નથી. આત્મા ભાવમય છે. તે ભાવ સિદ્ધરૂપ છે. એટલે કે તે સમયે કર્મપણે પ્રાપ્ત થયેલો ચોક્કસ ભાવ છે. તે કર્મપણે થાય એવી શક્તિ આત્મામાં પોતામાં છે. પર્યાયમાં કર્મપણે જે ભાવ પ્રાપ્ત થયો છે તે રૂપે આત્મા પોતે પરિણમ્યો છે. અનંતગુણોમાં સ્વાભાવિક કાર્ય પ્રગટે તે કાર્યરૂપે આત્મા પરિણમે એવી આત્માની કર્મશક્તિ છે.

કર્મ એટલે કાર્ય. નિર્મળ પર્યાય તે આત્માનું કાર્ય છે. આત્મામાં છ કારક પોતાના છે. એટલે આત્માની પર્યાય પોતાથી જ સિદ્ધ છે, તે સ્વપર્યાયરૂપ કાર્યનો કર્તા આત્મા છે. શુદ્ધભાવરૂપ પ્રણમેલો આત્મા તે જ ઉત્કૃષ્ટ સાધન-જ્ઞાનની એક અંતર્મુખ પર્યાય પૂરા દ્રવ્ય-ગુણ-પર્યાયને પ્રસિદ્ધ કરે છે. નિર્મળભાવરૂપે પરિણમવાનું કાર્ય સમ્યક્દૃષ્ટિ કરે છે. આવા કાર્યરૂપે થવાની શક્તિ આત્મામાં છે તેને અહી 'કર્મશક્તિ' કહી છે. પરના કર્મપણે આત્મા થતો નથી. રાગના કર્મપણે આત્મા થતો નથી. નિર્મળા અવસ્થા સાથે આત્મા તન્મય હોવાથી આત્મા જ કર્મ છે. પોતે જ કર્તા ને પોતેજ પોતાનું કર્મ. શુદ્ધકાર્યને જ આત્માનું કર્મ કહ્યું છે. શુદ્ધ ગુણમાં શુદ્ધ પર્યાયરૂપ થવાની તાકાત છે. આત્મપર્યાય સુધરવાનું કામ પોતાની કર્મશક્તિથી થાય છે. આત્મા પોતે નિર્મળશક્તિથી ભરેલો પૂર્ણ કલશ છે.

જ્ઞાનગુણ વડે આત્મા પોતે સ્વયંભૂપણે સ્વ-પર પ્રકાશપણે પરિણમે છે. શ્રદ્ધાગુણ વડે આત્મા પોતે સ્વયંભૂપણે નિજસ્વરૂપની શ્રદ્ધારૂપે પરિણમે છે. ચારિત્રગુણ વડે આત્મા પોતે પોતામાં સ્થિર થવારૂપ પરિણમે છે. આનંદગુણ વડે આત્મા પોતે પોતાના નિરાકુળ અતીન્દ્રિય આનંદરૂપે પરિણમે છે. આમ, અનંતગુણોના સ્વકાર્યરૂપ કર્મપણે આત્મા પોતાની શક્તિથી પરિણમે છે. વિકારી કર્મરૂપ થાય એવી કોઇ શક્તિ આત્મસ્વભાવમાં નથી.

આત્માના સ્વભાવમાં જ જ્ઞાન સાથે એવી કર્મત્વશક્તિ છે કે તે શક્તિના બળે આત્મા પોતે તે કર્મરૂપે પરિણમે છે. પોતાની પર્યાયરૂપ જે કર્મ છે તે મયે આત્મા પોતે જ થાય છે. એવી તેની કર્મત્વશક્તિ છે. ચોથા ગુણસ્થાનકથી માંડીને ધર્મીને આવી દશા હોય છે.

કેવળજ્ઞાનની ઉત્પત્તિના કાળે આત્મા પોતે સ્વયંભૂ તેના છ કારકરૂપ થઇને કેવળજ્ઞાનરૂપે ઊપજ્યો છે. પોતે જ તે સમયે તેવા કર્મરૂપે પરિણમ્યો છે. આત્માના જ્ઞાનનિધાન અચિંત્ય છે. જ્ઞાનભાવની સાથે વર્તતી કર્મશક્તિની આ વાત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ શુદ્ધભાવરૂપ જે આત્માનું કાર્ય છે તેને પણ કર્મ કહેવાય છે. જ્ઞાનસ્વભાવી આત્માનું તે ખરું કર્મ છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધી જેટલી શુદ્ધપર્યાય થઇ તે બધી આત્માની કર્મશક્તિ વડે થઇ છે. આત્મામાં જ એવી કર્મત્વશક્તિ છે કે તે સમ્યગ્દર્શનાદિ પર્યાયરૂપ થાય છે. જ્ઞાન-આનંદ-વીર્ય-પ્રભુતા એ બધા કાર્યોને કરવાની તાકાત વિકલ્પમાં નથી. આત્મા જ પોતાની કર્મ-શક્તિ વડે તે-તે નિર્મળભાવોને પ્રાપ્ત કરે છે પોતામાંથી જ

(ક્રમશઃ)

ભારતીય ગુરુ પરંપરાના સંદર્ભે

# શ્રી સદ્‌ગુરુ : સંસ્કૃતિનો આધારસ્થંભ

**ગુણવંત બરવાળિયા**

શૈશવકાળમાં બાળકની માતા જ તેની ગુરુ હોય છે. મા ઘરના પરિસરમાં રહીને પોતાના બાળકને શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે છે, પરંતુ વિશ્વના વિશાળ ફલક પર તેની વિકાસયાત્રા માટે પોતાના સ્તરની વ્યક્તિને શોધે છે અને તે છે માસ્તર. આમ, જીવનમાં માના સ્તર પર જો કોઈપણ હોય તો તે છે માસ્તર.... એટલે વિદ્યાગુરુ.

પોતાના બાળકના જ્ઞાનની ક્ષિતિજના વિસ્તાર માટે મા પોતાનું બાળક શિક્ષકને સોંપી દે છે. પ્રથમ શિક્ષક માતા, અને પછી જીવનમાં વિદ્યાગુરુનો પ્રવેશ થાય છે.

ગુ = અંધકાર , રુ = દૂર કરનાર

અવિદ્યાનો અંધકાર દૂર કરી, જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી, મુક્તિનું મંગલ પ્રવેશદ્વાર જે ચીંધે તે સદ્‌ગુરુ છે. જેમને સત્‌નો સાક્ષાત્કાર થયો છે એવા સદ્‌ગુરુને ભારતવર્ષના શાસ્ત્રોએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ઉપમા આપી નવાજ્યા છે, કેમકે જીવનમાં સદ્‌ગુણોના સર્જક ગુરુને બ્રહ્મા ગણ્યા છે. સદ્‌ગુણોના પોષક ગુરુને વિષ્ણુ તુલ્ય ગણ્યા છે અને દોષોના વિનાશક મહાદેવ જેવા માન્યા છે. આ ત્રણ દેવોની ઉપમા યથાર્થ છે.

વિદ્યાગુરુ વિદ્યાદાન દ્વારા આપણા વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે; જે જ્ઞાન નોકરી, ધંધા કે વ્યવસાય દ્વારા જીવનનિર્વાહ ચલાવવા ઉપયોગી થાય છે. વળી, ભૌતિક સુખસંપત્તિ અને પ્રતિષ્ઠાનું ઉપાર્જન પણ તેના દ્વારા થઈ શકે છે. ઉપરાંત, વિદ્યાગુરુએ આરોપેલ ધર્મનીતિના સંસ્કારો આપણામાં રહેલી સુષુપ્ત ચેતનાને જાગૃત કરવાનું કાર્ય કરે છે. આમ વિદ્યાગુરુ માનવીનો આખો ભવ સુધારે છે.

પુરુષાર્થ અને પુણ્યના યોગથી ભૌતિક સમૃદ્ધિ સંપન્ન થઈ હોય તો તે સમૃદ્ધિને કઈ રીતે ભોગવવી, તેનો વિવેક ધર્મગુરુ જ શીખવી શકે અને ભૌતિક સમૃદ્ધિ વિના પણ, ખૂબજ પ્રસન્નતાથી કઈ રીતે જીવી શકાય તે વિદ્યા તો માત્ર ધર્મગુરુ દ્વારા જ પામી શકાય.

ભારતીય ગુરુ પરંપરામાં હજારો વર્ષથી ભક્તો - શિષ્યોના હૃદયમાં ગુરુમહિમાનું ગાન, રટણ અને જાપનું અસ્ખલિત સાતત્ય છે.

**गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः ।**
**गुरुसॉक्षात् परब्रह्म तस्मै श्री गुरुये नमः ॥**

આ સંસ્કૃતિએ ગુરુનો પરમતત્ત્વ રૂપે સ્વીકાર કર્યો છે.

આધ્યાત્મિક તત્વનાં રહસ્યો પામવા માટે તેમજ માત્ર આ ભવ જ નહિ પરંતુ ભવપરંપરા સુધારવા માટે જીવનમાં ધર્મગુરુનું મહત્ત્વ અનન્ય છે.

“બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત,
સેવે સદ્‌ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત્
બુઝી ચહત જો પ્યાસ કો, હૈ બુઝન કી રીત,
પાવે નહી ગુરુગમ બિના, એહિ અનાદિ સ્થિત.”

- શ્રીમદ્ રાજચંદ્રજી

આપણા વિદ્વાન વ્યાખ્યાતા ડૉ. પૂજ્ય મહાસતી તરુલતાજીએ ‘હું આત્મા છું’ પુસ્તકમાં યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રની આ મહાન રચનાને અદ્‌ભુત રીતે સમજાવતાં કહ્યું છે કે “બિના નયનની વાત એટલે જે અનુભવ ઈંદ્રિયોથી થઈ શકતો નથી, ઈન્દ્રિયાતીત છે એવો આત્માનુભવ. આપણા ચર્મચક્ષુઓ જગતના સર્વ રૂપી પદાર્થો જોઈ શકે છે, પણ અરૂપી એવો આત્મા આ નયનોમાં સમાતો નથી. તેને જોવો જાણવો હોય તો અંતરચક્ષુ ઉઘાડવા પડશે. અંતરનો થયેલો ઉઘાડ, અંતરની અનુભવદશાની પ્રાપ્તિની તીવ્ર લગન જ આત્માનો સાક્ષાત્કાર કરાવી શકે. પણ એ લગન લગાડે કોણ ? બ્રહ્મજ્ઞાનના ભોમિયા કે જેમણે પોતે

આત્માનુભવ કરી લીધો છે. માટે હે માનવ! આત્માનુભવી સદ્‌ગુરુના ચરણોમાં ચાલ્યો જા. તેમના ચરણનું ગ્રહણ કરવાથી પરમાનંદને પામી શકાશે.

સંત કબીરજીએ પણ સદ્‌ગુરુને જીવનમાં પ્રથમ સ્થાને મૂક્યા - પ્રસ્થાપ્યા છે

ગુરુ ગોવિંદ દોઉ ખડે, કિસકે લાગું પાય?

બલિહારી ગુરુ આપની, ગોવિંદ દિયો બતાય.

આમ, સહુ સંતોએ એકી અવાજે સદ્‌ગુરુના શરણને સ્વીકાર્યું છે. સદ્‌ગુરુ વિના સાધનામાર્ગે વિકાસ થઈ શકતો નથી.

ગુણપૂજક જૈનપરંપરામાં વિશુદ્ધિની દૃષ્ટિએ સિદ્ધ ભગવંતનું સ્થાન ઊંચું છે. શ્રી તીર્થંકર દીક્ષા લેતા પહેલાં સિદ્ધોને નમસ્કાર કરે છે પરંતુ નમસ્કાર મહામંત્રમાં પહેલા નમસ્કાર અરિહંત પ્રભુને અને પછી સિદ્ધ પ્રભુને કરીએ છીએ કારણકે આપણને સિદ્ધનું સ્વરૂપ સમજાવનાર જો કોઈ હોય તો તે ઉપકારી અરિહંત ભગવાન છે. મહાન સદ્‌ગુરુ રૂપે જો અરિહંત ભગવાને સિદ્ધનું સ્વરૂપ ન બતાવ્યું હોય તો આપણે જાણી શક્યા ન હોત અને એવી સિદ્ધદશાની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવા કોઈ જીવ પ્રેરાયો પણ ન હોત.

આમ, 'પ્રત્યેક જીવ પુરુષાર્થ કરીને પરમાત્મા થઈ શકે છે' એ બતાવનાર અરિહંત પ્રભુને સિદ્ધ ભગવંત કરતાં પણ પ્રથમ સ્થાન આપ્યું છે.

વર્તમાન ગુરુની અનિવાર્યતા છે કારણ, આ કાળમાં, આ ક્ષેત્રે અરિહંતદેવ આપણી વચ્ચે સદેહે નથી ત્યારે આપણા માટે જો કોઈ સચોટ અને સબળ અવલંબન હોય તો તે માત્ર એક જ છે અને તે છે સદ્‌ગુરુ.

જિનેશ્વરે શાસ્ત્ર પ્રરૂપ્યા, ગુરુ ગણધર તથા તેમની શિષ્ય પરંપરાએ ઉપદેશસૂત્ર - સિદ્ધાંતને આગમરૂપે ગૂંથ્યા. આમ, સદ્‌ગુરુને કારણે આગમરૂપી અમૂલ્ય વારસો મળ્યો. શાસ્ત્રોમાં માર્ગ બતાવ્યો છે. મર્મ બતાવ્યો નથી. મર્મ તો સદ્‌ગુરુના અંતરમાં પડ્યો છે. ગુરુ આપણા દોષ જોઈ આપણને જાગૃત કરે, ભૂલીએ ત્યાં ફરી ગણવાની પ્રેરણા આપે, પરમહિતકારી મિત્ર, કરુણાનિધાન સદ્‌ગુરુ, હિતબુદ્ધિએ શામ, દામ, દંડ, ભેદરૂપ નીતિ આચરીને પણ સાધકને સાચા રસ્તે ચડાવે. ગુરુ શિલ્પી છે. શિલામાંથી નકામો ભાગ દૂર કરી શિલ્પી સુંદર બનાવે તેમ ગુરુ શિષ્યના દુર્ગુણો દૂર કરીને તેને જીવનસૌંદર્ય બક્ષે છે.

જ્ઞાન તો પ્રત્યેક માનવીના આત્માનો પ્રથમ ગુણ છે, પરંતુ જ્ઞાનાવરણીય કર્મથી આત્મા જ્યાં સુધી લેપાયેલો છે ત્યાં સુધી તેને સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ નથી. આ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય ગુરુના ઉપદેશ વિના શક્ય નથી.

''અહિલ્યા થઈને સૂતું છે,અમારું જ્ઞાન અંતરમાં,

ગુરુ! મમ રામ થઈ આવો, તમારા સ્પર્શ ઝંખુ છું.''

સદ્‌ગુરુના સ્પર્શમાત્રથી જ્ઞાન પ્રગટ થવાની માર્મિક વાત કવિએ કહી છે. કબીરજીએ તો સદ્‌ગુરુને જ્ઞાનરૂપી લોચન ઉઘાડનાર કહ્યા છે.

સદ્‌ગુરુકી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર

લોચન અનંત ઉઘાડિયા, અનંત દિખાવણહાર.

આવા સદ્‌ગુરુ મેળવવા માટે આપણને અંતરના અતલ ઊંડાણમાંથી જિજ્ઞાસા, ઝંખના જાગવી જોઈએ. ગુરુપ્રાપ્તિની અભિલાષા રોમરોમમાંથી પ્રગટ થવી જોઈએ. સહરાના રણમાં પ્રવાસ કરતાં પ્રવાસીને તરસ લાગે શીતલ જળ માટે કેવી ઉત્કૃષ્ટ ઈચ્છા થાય છે, એ જ રીતે સદ્‌ગુરુ!

તમોને ઝંખુ છું પ્રખર સહારાની તરસથી...

સદ્‌ગુરુ જેવા મહાન રત્નને જીરવી શકે તેવી પાત્રતા પણ કેળવવી જોઈએ. આ તો સિંહણના દૂધ જેવી વાત છે. વિનય, હિતશિક્ષાની પાત્રતા અને ગુરુ પ્રત્યે આદર, અતૂટ શ્રદ્ધા આદર્શ શિષ્યના ગુણો છે. આવા આદર્શ શિષ્ય માટે સદ્‌ગુરુનું શરણું કલ્પવૃક્ષની શીતળ છાયા સમાન છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે કુગુરુ કાગળની કે પથ્થરની નાવ જેવા હોય છે. કાગળની નાવ જેવા ગુરુ પોતે ડૂબે ને બીજાને ડૂબાડે; પથ્થરની નાવ જેવા

ગુરુ પોતે ડૂબે ને બીજાને પણ ડૂબાડે, જ્યારે સદ્‌ગુરુ કાષ્ટની નાવ જેવા હોય છે કે જે પોતે તરે અને બીજાને પણ તારે છે. જ્ઞાનીઓએ ગુરુને પનિહારી સમાન અને સોનાની ખાણના ખાણીયારૂપે રહ્યા છે.

કૂવામાં પાણી ઘણું છે. તરસ્યો પ્રવાસી કાંઠે ઊભો છે. પાણીના દર્શનથી તેની તૃષા તૃપ્ત થવાની નથી. પનિહારી દોરડું સિંચી ઘડામાં પાણી ભરી બહાર લાવે અને તેને કપડા વડે ગાળી પ્રવાસીની તૃષા તૃપ્ત કરે છે, તેમ શાસ્ત્રનું જ્ઞાન કૂવાના પાણી જેવું છે. ગુરુ તેનું ચિંતન-મનન-પરિશીલન કરી આપણા માટે યોગ્ય બનાવી આપે છે અને આપણી જ્ઞાનપિપાસાને તૃપ્ત કરે છે. જેમ પનિહારી કોઈપણ તરસ્યા વટેમાર્ગુને નાત, જાત - પાતના ભેદ વગર તૃષાતૃપ્ત કરે છે. તેવા જ છે કરુણાવંત જ્ઞાની ગુરુજન.

વળી, સોનાની ખાણમાં માટીમિશ્રિત સોનાને પુરુષાર્થ દ્વારા અનેક પ્રક્રિયાથી ચોવીસ કેરેટની શુદ્ધ સોનાની લગડી ખાણીયા બનાવે છે, તેમ જ્ઞાની ગુરુજન શાસ્ત્રનાં અગાધ રહસ્યોને સરળ ભાષામાં આપણી સમક્ષ રજૂ કરી મોક્ષનો માર્ગ સુલભ કરી આપે છે. સદ્‌ગુરુના અંતરમાં અખૂટ અનુકંપાનું ઝરણું વહેતું હોય છે. તેથી સંસ્કાર અને સાચી સમજણ ગુરુ પાસેથી મળે છે. અધ્યાત્મજ્ઞાન અને જીવનનાં ઉચ્ચ મૂલ્યો ગુરુ દ્વારા સાંપડે છે. આપણી આર્યસંસ્કૃતિમાં ગુરુને પ્રભુના પ્રતિનિધિ અને ધર્મસંસ્કૃતિના સંરક્ષક, આધારસ્તંભ અને પોષક માનવામાં આવ્યા છે. સદ્‌વિદ્યા, બ્રહ્મવિદ્યા ને સદ્‌ગુણો ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય છે. નમ્રતા, સેવાભાવ, વિનય, વિવેક એ બધું ગુરુની કૃપાથી જ થાય છે.

દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણેય પરમ મંગલકારી છે. આ ત્રણ તત્વો તારક છે, પરંતુ આમાં ગુરુનું મહત્વ અવર્ણનીય છે. ત્રણેમાં ગુરુનું સ્થાન એટલા માટે સર્વોપરી છે કે દેવ અને ધર્મ તત્વની સમજણ કરાવનાર ગુરુ જ છે.

ગુરુ ભવ્ય જીવોને બોધ આપે છે. ગુરુના માર્ગદર્શન અને સદ્‌બોધના સ્પંદનો જ જ્ઞાન પ્રાગટ્ય માટે ઉપકાર છે. ગુરુથી જ સમ્યક્ પંથની પ્રાપ્તિ થાય છે. ગુરુથી જ સમસ્યાનું સમાધાન થાય છે. ગુરુની આરાધના તારે છે ને પાર ઉતારે છે. ગુરુરૂપી નાવમાં બેસીને જ સંસારસાગર તરી શકાય છે.

સંસારના સમુદ્રમાં તોફાન આવે અને જીવનનૌકા જ્યારે તેમાં અટવાઈ જાય ત્યારે ખૂબ પ્રયત્ન કરવા છતાં ખરાબે ચડેલી નાવ કિનારા તરફ જઈ શકતી નથી ત્યારે મૂંઝાયેલા શિષ્યના હૃદયમાંથી પોકાર ઉઠે છે -

"હું તો હલેસાં મારતો થાકી ગયો છું હે ગુરુ!<br>
નાવિક બનીને આવજો આ જીવનનૈયા તારવા."

સાચા હૃદયના આ પુકારથી ગુરુ અવશ્ય માર્ગ બતાવે છે.

ગુરુ કુંભાર છે. જેમ કુંભાર ઘડાનું ઘડતર કરે તેમ ગુરુ શિષ્યનું ઘડતર કરે છે. બહારથી ભલે ટપલા મારે પણ અંદરથી મૃદુ હાથના સ્પર્શથી ઉષ્માભર્યો ટેકો આપે છે. કુંભાર જેમ વધારાની માટી દૂર કરી ઘડાને સુંદર ઘાટ આપે છે તેમ ગુરુ શિષ્યની ભૂલોને, ક્ષતિઓને દૂર કરી યોગ્યતા બક્ષે છે.

બહારથી ગુરુનું સખત કે કડક અનુશાસન હોય પરંતુ અંદરથી શિષ્ય પ્રતિ દયાવાન ગુરુ મૃદુભાવ રાખે છે.

કબીર સાચું જ કહે છેઃ

'યહ તન વિષ કી વેલડી, ગુરુ અમૃત કી ખાણ;<br>
શીશ દીયે જો ગુરુ મીલે, તોભી સસ્તા જાન'.

ભારતીય સંતો, ભજનિકો અને દાર્શનિક કવિઓએ ગુરુમહિમાનાં ગીતો ગાયાં છે. રવિભાણ સંપ્રદાયના સંતો, મહાપંથી સંતો, પરબ પરંપરાના સંતો, દાસી જીવણ, લક્ષ્મીસાહેબ, સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્કુળાનંદસ્વામી, શંકરાચાર્યની વિવેક ચૂડામણિ, કાશ્મીરના લલેશ્વરીની રચનાઓ, ગંગાસતી, હોથી, દેવાયત, ડુંગરપરી, નરસિંહ, મીરાં, ધરમદાસ, સંતકવિ અખો, નાનકવાણી અને પ્રીતમદાસે ભરપૂર ગુરુગુણ ગાયા છે. જૈન શ્રાવક કવિઓ અને જૈન આચાર્યોની રચનાઓ ગુરુગુણદર્શન કરાવે છે.

**(અનુસંધાન પાના નં. ૧૯ પર...)**

# બલિહારી ગુરુ આપકી

ભાનુબેન ડી. શાહ

પુનિત પર્વોની પધરામણી, પરમ પવિત્ર સંબંધોની મધુરસ્મૃતિ, મનને આનંદમાં ઝબોળી દે છે. ગુરુપૂર્ણિમા એટલે શિષ્યના વ્યક્તિત્વને પૂનમના ચંદ્રની જેમ સંપૂર્ણ સોળે કળાથી ખિલાવીને નિરાંતનો દમ લે તેવો સોહામણો, સુંદર, સદ્‌ગુરુનું ઋણ ઉતારવાની યાદ અપાવતો દિવસ. 'ગુરુ' શબ્દ કોઇ જોડણીકોષમાં મળે નહીં; મળે તો તે દ્રવ્ય શબ્દ છે, હૃદયના જોડણીકોશમાંથી પ્રાપ્ત થતો ભાવાત્મક શબ્દ 'ગુરુ' છે. સમગ્ર યાદ મનના ઉત્તમોત્તમ ભાવ સાથે જોડાયેલી છે.

જગતની મોટાભાગની વ્યક્તિઓનું જીવન તૈયાર કરવામાં સદ્‌ગુરુનો હિસ્સો પ્રથમ સ્થાને છે. માવતર બાળકને પૃથ્વીના પટ પર પદાર્પણ કરાવે છે, જ્યારે સદ્‌ગુરુ તેને આ પટલ પર જીવન કઇ રીતે જીવવું, સંકટોમાં સમાધાન કેમ શોધવા, અંતે પ્રભુ સાથે પ્રીત જોડીને પ્રભુમય બનવું અને છેલ્લા શ્વાસ સુધી ભક્તિને વળગી રહેવું તેની કેળવણી, તાલીમ આપે છે. બાળકનું પ્રાથમિક જીવન માતાથી ઘડાય છે, ત્યારબાદનું જીવન માહિતીદાતા ગુરુથી આગળ વધે છે અને વિનયવિવેક, સંસ્કાર, ઉદારદિલી, સર્જનહારમાં આસ્થા, શ્રદ્ધા વગેરેના લાભદાયી, ફળદાયી બીજ સદ્‌ગુરુની કૃપા કરુણાથી બાળકના અંતઃકરણમાં રોપાય છે. દેહની અંતિમ અવસ્થા સુધી શાંત, સ્થિર, સ્વસ્થ, સ્વચ્છ, સુખપૂર્ણ, નીતિબદ્ધ, પ્રભુભક્તિમય જીવન કઇ રીતે જીવી શકાય, આત્માને હળુકર્મી બનાવીને, સન્મતિ પામીને સદ્‌ગતિ કઇ રીતે મેળવી શકાય તેવા સદ્‌બોધનો સમગ્ર યશ સદ્‌ગુરુને ફાળે જાય છે.

સદ્‌ગુરુ દુઃખિયાનું દુલારુ સુખ છે, ખેદખિન્ન વ્યક્તિ માટે હર્ષ-હોંશ છે, બીમાર માટે રામબાણ ઔષધિ છે. મૃતપ્રાયઃ વ્યક્તિ માટે સંજીવની છે, હતાશા-નિરાશામાં ઘેરાયેલી વ્યક્તિ માટે અમર આશા છે, આઘાતથી ભાંગી પડેલા માનવી માટે સાંત્વના-દિલાસો છે. એકાકી જીવન જીવતાં એકલપંડ માટે સથવારો-સંગાથ છે, ભૂખ્યાજનોનું પેટ ઠારતું પ્રભુ-દેશના રૂપ સદાવ્રત છે, તરસ્યા માટે વીતરાગ વચન રૂપી સંતોષ આપતું શીતળ જળ છે. ગુરુ શું નથી ? તેઓ જ સર્વેસર્વા છે. ગુરુ સકલ જનોનો સહારો છે, રૂડો રૂપાળો આશરો છે.વર્તમાન સમયના ગુરુ-ગણમાં મમત્વ, પ્રેમ, દુલાર, વહાલ, જ્ઞાનની ક્ષુધા જાગૃત કરવી વગેરે ખૂટે છે. સૌને પ્રત્યક્ષ બેઠેલા જીવતા-જાગતા વિદ્યાપ્રાપ્તિ માટે પધારેલા બાળકોમાં રસ નથી. પૈસા મળી જાય તો બાળકો ભણે કે ન ભણે, આપણે શું ? આવી જડ માન્યતા ઘર કરી ગઇ છે તેથી બાળકો અધ્યયનમાં પાછા પડે છે. નીરસ થઇ જાય છે. તેની કિંમત શું છે તેનો ખ્યાલ પામતા નથી. ગુરુ હંમેશાં સત્ત્વશીલ, પ્રયોગશીલ હોવા જોઇએ, જે શિષ્યને હોંશથી સમજાવવામાં, અજમાવવામાં સંનિષ્ઠ અને કાર્યરત રહે. વર્ગને સ્વર્ગમાં ફેરવવા શ્રમ કરતા રહે. તેઓનો શિષ્ય પ્રતિ એકજ મૂલ્યવાન ઉદ્દેશ હોય. "મંજિલ મિલે, ન મિલે, તું આગે ચલતા ચલ." પુરુષાર્થમાં પરોવાયેલાઓને અવશ્ય મંજિલ મળે જ છે, પછી તે મંજિલ ડીગ્રીઓ મેળવવાની હોય કે અધ્યાત્મ વિકાસની હોય.

પ્રભુ સાથે સંકલિત થતો સાધક શિષ્ય ગુરુના ચરણમાં, શરણમાં અત્યંત સમીપ રહેવા ઇચ્છે છે. સમીપતાથી સમર્પિતતા આવે છે. સમર્પિત શિષ્ય સમગ્ર સદ્‌ગુરુને સોંપીને જવાબદારીથી હળવો થઇ જાય છે, ગુરુના સમગ્ર વ્યવહાર સાથે એકરૂપતા અનુભવે છે. શિષ્ય ગુરુની તમામ આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું ચાલકબળ છે, તો ગુરુ પણ શિષ્ય માટે વિનયવિવેક, મૃદુતા, પ્રભુપ્રેમને બક્ષવાનું કેન્દ્ર છે. પરસ્પરનો સંબંધ ગુરુ ગૌતમ અને મહાવીર પ્રભુ જેવો હોવો જોઇએ. મહાવીર શ્રેષ્ઠતમ ગુરુ, સંશય છેદનમાં અતિ પારંગત અને ગૌતમ વિનયથી સઘળું સંગીન, નક્કર ઠોસ સત્ય સ્વીકારવામાં વિના ક્ષોભ આજ્ઞાપાલક. આવી ગુરુશિષ્યની જોડી આ જગતમાં બેનમૂન છે. તેથી ગુરુકૃપા વિના આત્મકલ્યાણ શક્ય નથી. સદ્‌ગુરુ સાધક શિષ્યની જીવનનૈયાના હિતેચ્છુ

સુકાની છે. બેડો પાર કરી કિનારે હેમખેમ ઉતારનાર નાવિક છે. આવા નિઃસ્વાર્થ, નિર્વ્યાજ, નિરીચ્છ, નિઃસ્પૃહ, સદ્‌ગુરુની મંગલપ્રદ કૃપામાં સ્નાન કરવાનો અને આત્મામાં જળો થઈને ચોંટેલા સમગ્ર દોષોને ધોઈને સ્વચ્છ કરવાનો આ સર્વોત્કૃષ્ટ દિવસ છે.

"સદ્‌ગુરુ મિલા તો સબકુછ મિલા, નહીંતર મિલા ન કોઈ,
માત, તાત, અરુ સ્નેહીજન, સો તો ભવોભવ હોઈ."

અનંતકાળથી ચાલતા ચોરાશી લાખ યોનિના અને ચાર ગતિના ચક્કરમાં અનેકવાર મા બાપ, ભાઈ-બહેન, સ્નેહીજન બહુ બહુ મળ્યા, સાથે સાથે છોડવા પણ પડ્યા, સહુને રુદન કરાવ્યાં. એક જન્મમાં ભવોભવની ભાવઠમાંથી સદાય માટે મુક્ત કરાવનાર, સદ્‌ગુરુની શરણાગતિ મળી જાય તો, સંસારના મૂંઝવતા કોઈપણ વિકલ્પોમાં પડવા જેવું રહે જ નહીં, અને સાંપડેલા સ્વજનોને કલ્પાંત કરાવવાનો ક્રમ પણ આવે નહીં.

ગુરુપ્રેમી એકલવ્યનું દૃષ્ટાંત આપણી નજર સામે છે જ. માટીની મૂર્તિ બનાવી, ગુરુની સ્થાપના કરી, ધનુર્વિદ્યામાં પારંગત પણ થયા. ગુરુદક્ષિણાના સ્વરૂપમાં, ગુરુજીનું ઋણ ચૂકવવા જમણા હાથનો અંગૂઠો પણ કાપીને સમર્પી દીધો. ગુરુમાં ઓળઘોળ થયેલો શિષ્ય પોતાનું સર્વસ્વ આપી દેતાં અચકાતો નથી.

સદ્‌ગુરુ વિના બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા અને કર્મથી મુક્તિમાર્ગ મળવો અશક્ય છે. ગુરુજી શિષ્યને સ્વ-વત્સ અથવા સ્વ-આત્મવત્ સ્વીકાર કરીને વાત્સલ્યનો વિશાળ વારિધિ તેના પ્રતિ વહેવડાવી દે છે. પ્રેમનો પારાવાર અર્પણ કરી દે છે. જ્ઞાન-ખજાનો જે જડ-ચેતનનો ભેદ સમજાવે. ચૈતન્યની વિશેષતાઓથી પરિચિત કરાવી દે, સ્વમાં સદૈવ નિવસવાનું મગજમાં જડબેસલાક બેસાડી દે, પરમાં પોતાપણું તજી દેવાનું કહે, આત્મજ્ઞાનથી મળતી અલૌકિક સિદ્ધિઓ પ્રયત્નપૂર્વક પ્રાપ્ત કરવાનો પ્રબળ પુરુષાર્થ પ્રારંભી દેવાની વાત કહી દે, સન્મતિ અપાવે, સન્માર્ગે પહોંચાડે, અંતમાં અનંત સુખ આપતા સિદ્ધપ્રભુની વાટ પકડી લેવાનું સૂચવે-તે છે સદ્‌ગુરુ. "સંત, હરિ, ગુરુદેવ એક હૈ, ભિન્ન કરો મત કોઉં." હરિ લોકાગ્રે સ્થિત છે, સંત ત્યાં પહોંચવાની પેરવીમાં, અને સદ્‌ગુરુદેવ પણ તે સ્થાને સ્થિર થવાની સંપૂર્ણ તૈયારીમાં છે. ત્રણેનું લક્ષ એક જ છે - કોઈ ભિન્ન નથી, કોઈ તેઓને ભિન્ન માનતા પણ નહીં.

ગુરુકુળમાં રહીને સદ્‌ગુરુનું સાન્નિધ્ય સતત સેવવું, સદૈવ તેમની આજ્ઞા મુજબ વર્તવું. અહમ્‌ને સદ્‌ગુરુની નજીક કદી ફરકવા ન દેવો. ઠપકો સહન કરવા માટે સદા સજ્જ રહેવું, તે પણ ગુરુજીના અતિ સ્નેહમાંથી આવે છે અને તેના માટે લાભકર્તા છે. ગુરુનું પારતંત્ર્ય સ્વાત્મા માટે અતિ કલ્યાણકર્તા છે તેવી સમજ કેળવવી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના કથન મુજબ-જ્ઞાન એ સારાસારનો વિવેક છે. જ્ઞાન એ જડ-ચૈતન્યની સમજૂતી છે. જ્ઞાન એ અધ્યાત્મના અંતરદ્વારનો ઉઘાડ છે. જ્ઞાન એ આત્મ-ઉન્નતિની ચાવી છે. જ્ઞાન જો આચારમાં ઉતરે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું સુંદર પરિણામ લાવી દે. તેથી સદ્‌ગુરુ પાસે જ્ઞાનક્ષુધિત, જ્ઞાનપિપાસુ બનીને સાધક શિષ્યે તેમનો મહત્તમ ફાયદો ઉઠાવવો અને પોતાના અમૂલ્ય માનવભવને સફળ કરી લેવો.

"અજ્ઞાનથી રખડ્યો સંસાર, જ્ઞાનથી ઉતર્યો ભવપાર,
જો જ્ઞાનમાં ભળે આચાર, તો થઈ જાય તેનો બેડો પાર."

જ્ઞાન એ આત્માનું ભાવસૌંદર્ય છે, ભીતરનો મબલખ અણખૂટ ખજાનો છે. ગુરુ ભગવંતોએ જ્ઞાન-પ્રાપ્તિને દેદિપ્યમાન અતિ તેજયુક્ત કિંમતી રત્ન ગણ્યું છે. જ્ઞાનદિવાકર મિથ્યાત્વ-તમસની દૂર કરે છે. ભૌતિક પદાર્થોની ક્ષરતાને સમજાવીને ત્યાગ-વૈરાગ્યની ભાવનાને દૃઢ સંકલ્પી બનાવે છે. આત્માનું શાશ્વત સ્વરૂપ સમજાવીને તેમાં સ્થિરતાની અગત્ય દર્શાવે છે. રાગદ્વેષ, કષાયો, વિભાવોથી છેડા કાયમ માટે છોડીને નિર્ગ્રંથ, નિર્વિકલ્પ બનવાની પ્રેરણા આપે છે. આ જ મોક્ષમાર્ગ છે તેવું મજબૂતીથી ઠસાવીને તે ભણી પગલાં મંડાવે છે.

તેથી જ આપણે આ પંક્તિઓ વારે વારે દોહરાવીએ છીએ -

"ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગું પાય,
બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયા દિખાય,"

સૌ સાધક શિષ્યોને સમર્થ સદ્‌ગુરુ મળો અને જીવનપંથને ઉજાળો-એવી સદ્‌ભાવના સૌ પ્રતિ.

●●●

# ગુરુપૂર્ણિમા

પૂર્ણિમાબેન શાહ

### ગુરુપૂર્ણિમા એટલે

માગ્યા વિના જ આપવાનો અવસર ! સર્વ પ્રકારની ગણતરીથી મુક્ત થવાનો અવસર, આત્મા જેમને સમર્પિત છે તે 'ગુરુ' ના જેવા બનવાનો અવસર ! તમે જેમના છો એવા બનવાની પ્રેરણા પામવાનો અવસર !!, જ્યાં સુધી ગુરુ જેવા ન બનાય ત્યાં સુધી ગુરુના જ બની રહેવાનો અવસર !,

જ્યાં સમર્પણતા આવતી નથી, ત્યાં સુધી સત્યની પ્રાપ્તિ થતી નથી. ગુરુ ગૌતમને સમ્યક્પ્રાપ્તિ ત્યારે થઇ, જ્યારે તેઓ પ્રભુ મહાવીરના ચરણ અને શરણમાં સમર્પિત થયા ત્યારે !!,

પરમાત્મા કહે છે કે હે આત્મન્ ! યુગાંતર વીતી ગયા .... તું હજી પણ નિદ્રામાં છે ! તને મળેલી આ સોનેરી ક્ષણો વ્યર્થ જઇ રહી છે ! માટે હે આત્મન્ ! તું જાગી જા ! તારે માટે આ જ ક્ષણ છે-જાગૃત થવાની, નહીંતર ફરીને યુગાંતર વીતી જશે !!

### ગુરુવંદનથી .... ગુરુના શરણથી ....

સમકિતની પ્રાપ્તિ થાય છે. ચારિત્રમોહનીય કર્મ તૂટે છે. જ્ઞાન ગુણ વિકાસ પામે છે. ગુરુભગવંત પ્રત્યે બહુમાન વધે છે. સ્વયં ગુરુ જેવા બનવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. ઉચ્ચ ગોત્રની પ્રાપ્તિ થાય છે. અઠ્યાસી હજાર દાનશાળા બંધાવવાથી જે પુણ્યબંધ થાય, તેટલું પુણ્ય ગુરુને વંદન કરવાથી બંધાય છે, એમ વીરપ્રભુએ ગુરુગૌતમને તેમના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું હતું.

તેથી આપણે સંકલ્પ કરીએ - આપણે આપણા ગુરુભગવંતોને નિત્ય વંદન કરીશું. જો ગુરુભગવંત ઉપસ્થિત નહીં હોય તો ગુરુવંદનાના સંસ્કાર ટકાવી રાખવા તેમના ફોટાને પણ વંદન કરીશું.

### ગુરુ મહત્ત્વના કે ગુરુઆજ્ઞા ?

ગુરુનું મહત્ત્વ તો ઘણાને હોય પણ ગુરુ આજ્ઞાનું મહત્ત્વ ત્યારે જ સમજાય કે જ્યારે સમર્પણભાવ હોય ! જો સમર્પણભાવ ન હોય તો શંકા રહે કે મારાથી આજ્ઞાનું પાલન થશે કે નહીં ? પરંતુ જ્યાં સમર્પણભાવ હોય ત્યાં વિશ્વાસ હોય કે, હું જરૂરથી ગુરુની આજ્ઞાનું પાલન કરી શકીશ.

એમ કહેવાય છે કે ગુરુની આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને ગુરુની આજ્ઞાનું આરાધન એ જ તપ. ભક્તને જ્યારે ગુરુના પ્રત્યક્ષ દર્શન થાય છે, ત્યારે અંતરમાં આનંદ ઉભરાય છે,

ગુરુપૂર્ણિમા તો વર્ષમાં એક દિવસ આવે છે, પરંતુ ગુરુનું સાન્નિધ્ય હોય તો હરદિન અને હર પળ, હરેક પળ ગુરુપૂર્ણિમા છે.

એકવાર જે ગુરુના શરણ અને ગુરુના ચરણમાં રહેવાના ચેનને અનુભવે છે તેને જગતમાં બીજે ક્યાંય ચેન પડતું જ નથી !!

ગુરુ તો શિષ્યના અંતરમાં પ્રેરણારૂપે સાક્ષાત્ બિરાજમાન હોય !!

ગુરુ ગૌતમ મહાવીરપ્રભુ પાસે પ્રથમ વાર ગયા ત્યારે અહંકારથી ઉભરાતા હતા, પરંતુ થોડી વાતચીતમાં જ એમનો અહંકાર ઓગળી ગયો અને "હું કોણ છું ?" એ જાણવા માટે એમના શરણમાં જ રહી ગયા. એમને સમર્પિત થઇ ગયા. કારણ કે એમ કહેવાય છે - કે

ગુરુને વંદન, ગુરુને પૂજન,
તો ભવ દુઃખ ભંજન, પાપ નિકંદન.

ગંગા કરતાં પણ ગુરુ મહાન છે, કારણ કે ગંગા પાસે આપણે જવું પડે છે, અને ગંગામાં સ્નાન કરવાથી પાવન થવાય એવું માનવામાં આવે છે, જ્યારે ગુરુના દર્શન, સ્મરણ અને વંદન માત્રથી પાવન થવાય છે.

મુનિને વંદન કરવાના ભાવથી મહાબળવાન શ્રી બાહુબલીજી કેવળજ્ઞાન પામ્યા.

**(અનુસંધાન પાના નં. ૨૧ પર...)**

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઇ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી)

(૧) **પુસ્તકનું નામ : સ્વરૂપ-સિદ્ધિ**

**પ્રવચનકાર :** બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહ

**આવૃત્તિ :** પ્રથમ **પ્રત :** ૧૦૦ **પાના :** ૭૦ **મૂલ્ય :** આત્મકલ્યાણ

**પ્રકાશક :** સહજાત્મસ્વરૂપ પરમગુરુ ટ્રસ્ટ, સેટેલાઇટ, અમદાવાદ - ૧૫.

**પ્રાપ્તિસ્થાનો : (૧) પૂજ્યશ્રી ગોકુળભાઈ** (મો) ૯૪૨૭૫૦૮૮૬૮

(૨) **શ્રી નરેશભાઈ શાહ,** અમદાવાદ (મો) ૯૮૨૫૦૨૭૦૭૨

(૩) **શ્રી ધારિણીબેન,** (મો) ૯૪૨૮૬૧૨૨૦૫

(૪) **ડૉ. મિહિરભાઈ,** ઘાટકોપર, મુંબઇ (મો) ૦૯૩૨૪૦૩૭૧૭૩

(૫) **શ્રી ક્રિષ્નાબેન,** ચેન્નઇ (મો) ૦૯૮૪૦૯૯૦૩૩

પાકું બાઈન્ડીંગ, આકર્ષક મુખપૃષ્ઠ અને સારા કાગળનો ઉપયોગ કરેલ છે. આ પુસ્તકમાં દશ પરમાર્થ સત્ય બતાવવામાં આવ્યા છે અને તેના પર સુંદર વિવેચન કરવામાં આવ્યું છે. આત્માનુભવ થવાના ક્રમનું દૃષ્ટાંતો તથા પ્રશ્નોત્તરી સહ વિવેચન કર્યું છે. આ ૧૦ પરમાર્થ સત્ય આપણને સત્પુરુષાર્થ તરફ દોરી જાય તેવા છે. ખરેખર આત્મકલ્યાણ કરવું છે એના માટે આ પુસ્તક ઉત્તમ માર્ગદર્શકરૂપ પુરવાર થશે.

(૨) **પુસ્તકનું નામ : મહાવીર - અહિંસાના અવતાર**

**રચયિતા :** ભાનુબેન ડી. શાહ **આવૃત્તિ :** પ્રથમ, સને ૨૦૧૯ **પાના :** ૨૧૪ **મૂલ્ય :**રૂ.૨૫૦/-

**પ્રાપ્તિસ્થાન :** શ્રી ભાનુબેન ડી. શાહ, ૨૬ મીલપરા, તપોવન એપા. નં. ૨, કાંતા શ્રી વિકાસગૃહ રોડ, રાજકોટ. ફોન (૦૨૮૧) ૨૨૩૯૦૬૨

આકર્ષક મુખપૃષ્ઠ અને સારા કાગળનો ઉપયોગ કરેલ છે. પ્રભુ મહાવીરના જીવનચરિત્રને લગતા રંગીન ફોટાઓ પુસ્તકને સુંદર ઓપ આપે છે. આ પુસ્તકમાં ૩૫ પ્રકરણમાં ભગવાન મહાવીરના પાવન જીવનચરિત્રને આકર્ષક શૈલીમાં ગૂંથી લેવામાં આવ્યું છે. ભગવાન મહાવીરના જન્મથી માંડી વૈરાગી વર્ધમાન, મહાવીરનો સાધનાકાળ અને તેમાં થયેલ ઉપસર્ગોના પ્રસંગો, પ્રભુ મહાવીર થકી અનેક જીવોનો ઉદ્ધાર, પ્રભુ મહાવીરે આપેલા નવ જીવનસંદેશ વગેરે બાબતોનું રસપ્રદ શૈલીમાં આલેખન છે.

(૩) **પુસ્તકનું નામ : દૃષ્ટાંતો - ફોરમતાં ફૂલડાંઓ**

**રચયિતા :** શ્રી ભાનુબેન શાહ **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૯ **પાના :** ૧૨૬

**પ્રાપ્તિસ્થાન :** શ્રી ભાનુબેન ડી. શાહ, ૨૬ મીલપરા, તપોવન એપા. નં. ૨, કાંતા શ્રી વિકાસગૃહ રોડ, રાજકોટ. ફોન (૦૨૮૧) ૨૨૩૯૦૬૨

ભગવાને કહેલા ચાર અનુયોગો પૈકી પ્રથમાનુયોગ (ધર્મકથાનુયોગ) ને પણ સ્થાન આપવામાં આવ્યું છે. સામાન્ય જનને કથા રુચિકર લાગે છે અને કથાના માધ્યમથી વાતને અસરકારક રીતે રજૂ કરી શકાય છે. આ પુસ્તકમાં અંગુલિમાલ, માબાપ-પ્રથમ તીર્થ, કરો પ્રભુ સંગ પ્રીત, સાચું ભણતર, ગુરુજીના સોનેરી સૂત્રો, મૃત્યુની સતત સ્મૃતિ, સુદર્શન શ્રાવક વગેરે ૩૦ જેટલી કથાઓનું રોચક આલેખન કરવામાં આવ્યું છે.

# બાળ વિભાગ

**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## વિશ્વાસઘાત

એક વાર જંગલમાં એક માણસ જઇ રહ્યો હતો ને અચાનક એક વાઘ એ માણસની પાછળ પડ્યો. વાઘથી બચવા માટે એ માણસ ખૂબ દોડ્યો, પણ વાઘે પીછો ન છોડ્યો. આખરે એ માણસ થાકી ગયો.

ત્યાં જ એક વૃક્ષ ઉપર એક વાંદરો બેઠો હતો. તેણે માણસને વૃક્ષ ઉપર આવી જવા ઈશારો કર્યો. માણસ તરત વૃક્ષ ઉપર ચઢી ગયો. વાઘને ભૂખ લાગી હતી. તે રાહ જોતો ઊભો રહ્યો કે કોઇ એક તો નીચે ઉતરશે જ. ધીરે-ધીરે દિવસ પૂરો થયો. રાત પડી. માણસે અને વાંદરાએ નક્કી કર્યું કે ક્રમશઃ એકબીજાએ સૂવું, એક સાથે નહીં.

માનવે આજે ઘણો પરિશ્રમ કર્યો હોવાનાં કારણે થાકેલો હતો. તેથી પ્રથમ તેણે સૂવાનો નિશ્ચય કર્યો. મધરાત સુધી તેણે નિદ્રા કરી ને વાંદરો જાગતો રહ્યો. માણસ સૂતો હતો ત્યારે વાઘે વાંદરાને સમજાવવા પ્રયાસ કર્યો : ''આપણે તો જાતભાઇ કહેવાઇએ તેથી તારે તો મને સહાયતા કરવી જોઇએ, આને નહીં. એને નીચે ફેંકી દે એટલે મારું પેટ ભરાઇ જાય. પછી તને જીવતો છોડી દઇશ.''

''ના, એ મારો શરણાગત છે. મેં એને સામેથી આશ્રય આપ્યો છે. પછી વિશ્વાસઘાત કેવી રીતે કરી શકું ?''

વાઘ રાહ જોતો નીચે બેસી રહ્યો. મધ્યરાત્રી પછી વાંદરો સૂઈ ગયો ને માણસ જાગ્યો. વાઘે માણસને પણ સમજાવવા પ્રયાસ કર્યો :

''આ વાંદરાને નીચે ફેંકી દે.''

''પછી મારું શું ?''

માણસ વિચાર કરવા લાગ્યો.

વાઘે કહ્યું, ''અમારી જાતનો એક નિયમ છે કે કારણ વિના શિકાર ન કરવો. આજે મને બહુ ભૂખ લાગી છે. મારે કોઇ પણ એક શિકારની જરૂર છે. તેથી તને કહું છું કે તારે જીવવું હોય તો આ વાંદરાને નીચે ફેંકી દે. મારું પેટ ભરાઇ જશે ને તને જીવન મળી રહેશે.''

માનવને આ વિચાર વ્યવસ્થિત લાગ્યો એટલે ધીરે રહીને તેણે વાંદરાને ધક્કો માર્યો. જેવો ધક્કો વાગ્યો કે વાંદરો તરત જાગી ગયો. તરત જ તેણે ઝાડની નીચેની ડાળી પકડી લીધી, ને ઉપર નજર કરી.

માણસ શરમનો માર્યો નીચું જોવા લાગ્યો. પોતાની ભૂલ સમજાઇ કે જેણે મને આશ્રય આપ્યો તેને જ હું મરાવવા તૈયાર થયો. દુઃખ સાથે તેણે વાંદરાની માફી માંગી.

વાંદરાએ શાનમાં એટલું જ કહ્યું, ''આજ પછી ક્યારેય તમે માનવો વાનરોમાંથી આવ્યા છો એવું કોઇને કહેશો નહીં. અમે વાનરો ક્યારેય આવો વિશ્વાસઘાત કરતા નથી. તમે લોકો આવું કહો છો તેમાં અમારું નાક કપાય છે !''

## 'ચાર્લી, તેં આ શું કર્યું ?'

દીનબંધુ એન્ડુઝના બચપણનો એક પ્રસંગ છે. એ હતા તો અંગ્રેજ, પણ ભારત આવીને રહેલા અને છેવટ સુધી આ દેશની એમણે ભારે સેવા કરી. એમનું નામ હતું ચાર્લ્સ એન્ડુઝ. ગરીબો પ્રત્યે એમને ભારે હમદર્દી હતી અને ગરીબોની સેવામાં એમણે જાત ઘસી નાખી, એટલે એમને 'દીનબંધુ' દીન-દુખિયાના બંધુનું બિરુદ મળ્યું હતું. જીવમાત્ર પ્રત્યેની અનુકંપાના આ સંસ્કાર એમને મા પાસેથી મળ્યા હતા.

એક દિવસ બાગમાં ચાર્લ્સે ઝાડ ઉપર એક પક્ષીનો માળો જોયો. તેમાં સરસ મજાનાં ત્રણ ઇંડા હતાં. બાળક ચાર્લ્સે તો માળામાંથી ઇંડા ઉપાડી લીધાં

અને ઘેર જઈ માને હોંશથી બતાવવા લાગ્યો, "મા, જો, કેવાં સરસ ઇંડા છે !" તેને હતું કે માને પણ તે બહુ ગમશે અને તે એની પ્રશંસા કરશે.

પરંતુ તેની મા તો લગભગ ચીસ પાડી ઊઠી, "અરે બેટા ચાર્લી ! તેં આ શું કર્યું ? જરા વિચાર તો ખરો કે આ ઇંડા મૂકનારી મા પોતાના માળામાં પાછી ફરી હશે અને ત્યાં એને પોતાનાં ઇંડાં નહીં જડ્યાં હોય, ત્યારે તેને કેટલું દુઃખ થયું હશે ? કલ્પના કર! તે વખતે એ પોતાના માળાની આસપાસ બેબાકળી થઇને કેવી ચક્કર લગાવતી રહી હશે ! અને દુઃખી દુઃખી થઇ કેવી ચીસો પાડતી હશે ! દીકરા મારા, તેં આ શું કર્યું ?"

માની આ વાત સાંભળી ચાર્લ્સને પોતાની ભૂલ સમજાઇ. તે દિવસ તો અંધારું થઇ ગયું હતું અને બાગ બહુ દૂર હતો એટલે ત્યાં જવાયું નહીં. રાતે બાળકને ઊંઘ ન આવી. સવારમાં બાગમાં ગયો, પણ એ માળો ફરી મળ્યો નહીં. પણ આ પ્રસંગની ભારે ઘેરી છાપ ચાર્લ્સના ચિત્તમાં પડી ગઈ. એણે તેના હૃદયમાં અનુકંપાના તાર ઝણઝણાવી દીધા. પોતાના કોઇ કૃત્યથી બીજાને દુઃખ તો નથી પહોંચતું ને ? એમ વિચારવાની ત્યારથી એને આદત પડી ગઇ, અને એવું પગલું કદી ન ભરાય એમ એના મનમાં ઠસી ગયું.

એન્ડ્રુઝ ઘણી વાર આ પ્રસંગને યાદ કરીને કહેતા કે માનો એ કોમળ છતાં મધુર ઠપકાભર્યો અને દુઃખી સ્વર હજી મને સાંભરે છે, "અરે, બેટા ચાર્લી ! તેં આ શું કર્યું ? " અને કોઇનાયે દિલને કદી ઠેસ ન પહોંચે એ રીતે વર્તવા હું કોશિશ કરું છું.

## એક પૈસાની રોટી અને મફત દાળ

ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓને પણ ઘણી વાર અત્યંત મુસીબતમાંથી પસાર થવું પડતું હોય છે. ઘણા તો એટલી બધી ગરીબીમાં જીવન ગુજારે છે કે બે ટંક પૂરતું ખાવાયે નથી મળતું. અને છતાં જેનામાં અંતરની લગન હોય છે, તેઓ ગમે તેવી મુસીબતોનો સામનો કરીને પણ આગળ વધે જ છે.

તીર્થરામ પણ આવો જ એક ગરીબ પણ બહુ તેજસ્વી વિદ્યાર્થી હતો. એ ભણવામાં એટલો બધો હોંશિયાર હતો કે તેને શિષ્યવૃત્તિ મળતી. પણ તેમાંથી જ ખાવાપીવાનો અને બીજો બધો ખર્ચ કાઢવો પડતો. ઘણી વાર તો શિષ્યવૃત્તિની ઘણીખરી રકમ પુસ્તકો ખરીદવામાં જ ખર્ચાઇ જતી અને ખાવાપીવા માટે બહુ જૂજ રકમ બચતી. એક વાર આવું જ થયું. તીર્થરામે હિસાબ લગાડ્યો તો જણાયું કે આ મહિને રોજના ત્રણ પૈસા ખાવા પાછળ ખર્ચવા માટે બચ્યા હતા. એટલે તે રોજ સવારે બે પૈસાની રોટી લઇને ખાતો અને સાંજે એક પૈસાની.

પરંતુ બે-ચાર દિવસ થયા અને દુકાનદારે તેને કહી દીધું "એ છોકરા, તું રોજ એક પૈસાની રોટી સાથે દાળ મફતમાં ખાઇ જાય છે. જા, હું એક પૈસાની રોટી નથી વેચતો !"

તીર્થરામે નક્કી કર્યું કે કાંઇ નહીં, બીજી રકમ ન આવે ત્યાં સુધી હમણાં રોજ એક ટંક જ ખાઇશ.

આટલી ગરીબી અને બેહાલી છતાં તીર્થરામ હંમેશાં મસ્તીમાં જ રહેતો. એ કદી નિરાશ ન થતો અથવા પોતાનાં રોદણાં ન રડ્યા કરતો. તે દિલ દઇને ભણતો. એ એટલો બધો તેજસ્વી હતો કે ૧૩ માંથી ૯ સવાલ કરવાના હોય ત્યારે એ તો તેરેતેર સવાલ કરી નાખે ! એટલા વખતમાં બીજા વિદ્યાર્થીઓ માંડ ત્રણ-ચાર સવાલ કરી શક્યા હોય !

આમ, આગળ વધતો વધતો એ બી.એ. થયો, એમ.એ. થયો. બી.એ.માં તો આખી યુનિવર્સિટીમાં પહેલો આવેલો. પછી અધ્યાપક બન્યો. એ પોતાની તંગીભર્યા દિવસો ભૂલ્યો નહોતો. દર મહિને પગાર આવતાવેંત કૉલેજના જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને અને ચપરાશી વગેરેને થાય તેટલી મદદ કરતો. પૈસાનો એને કદી મોહ ન થયો. આ સંસારમાં પણ તેનું દિલ ન લાગ્યું. એ તો ઈશ્વરની ખોજમાં હિમાલય ચાલ્યો ગયો.

આ તીર્થરામ તે બીજા કોઇ નહીં, પણ આગળ જતાં દુનિયા આખીમાં વિખ્યાત થયેલા, સ્વામી રામતીર્થ !

# જીવનસુમન : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૬**

(૧) કવર સાથે **'જીવનસુમન'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૮/- (આઠ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ એક નંગના રૂા. ૧/- (અંકે એક પૂરા) ચૂકવવાના રહેશે.

(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે ઓર્ડરફોર્મ સાથે જ મોકલવાની રહેશે. **ઓર્ડરફોર્મ સાથે જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**

(૪) તા. ૨૦-૧૦-૨૦૧૯ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું. **સંપર્ક : શ્રી વિજયભાઈ પટેલ : મો. ૯૩૨૭૦૯૦૩૯૩, ૭૬૯૮૭૫૭૩૧૯**

## દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? _______હા/_______ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ :______________________________ ફોન: ______________**

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન:(૦૨૨)૨૮૮૨૯૨૪૯/૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮૨૨૮૫૬, ૦-૯૯૮૦૭૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦૮૫૮૪૯/૪૭

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**PUNE**

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨૫૪૫૫૯

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩૫૫૯૨૧, ૯૪૨૬૭૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨૧૬૨૬૬

## OVERSEAS

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૬-૮-૨૦૧૯ થી ૨-૯-૨૦૧૯ | શ્રાવણ વદ - ૧૧થી ભાદરવા સુદ - ૪ | સોમવાર થી સોમવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૩-૯-૨૦૧૯ થી ૧૨-૯-૨૦૧૯ | ભાદરવા સુદ-પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | મંગળવારથી ગુરુવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૧૪-૧૦-૨૦૧૯ | આસો વદ એકમ | સોમવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૨૬-૧૦-૨૦૧૯થી ૨૯-૧૦-૨૦૧૯ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | શનિવારથી મંગળવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પાંચમ | શુક્રવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૧૨-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પૂનમ | મંગળવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૯થી ૩-૧૨-૨૦૧૯ | | રવિવારથી મંગળવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ

સંસ્થામાં તા. ૨૬-૦૮-૨૦૧૯ થી તા. ૦૨-૦૯-૨૦૧૯ દરમિયાન શ્રી પર્યુષણ મહાપર્વની ઉજવણી કરવામાં આવશે. આ મહાપર્વ દરમિયાન આદ.બા.બ્ર.સુરેશજી સિદ્ધર્ષિ ગણિની રૂપકકથા 'ઉપમિતિભવપ્રપંચકથા' ના આધારે સ્વાધ્યાયનો લાભ આપશે. આ કથા વૈરાગ્યપ્રેરક છે. નિગોદથી માંડીને મોક્ષ સુધીની જીવની યાત્રાનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે. કષાયાદિને કારણે જીવની કેવી હેરાનગતિ થાય છે તેનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે. વૈરાગ્યની વૃદ્ધિ અર્થે આ ગ્રંથનું અધ્યયન આવશ્યક છે. આ ઉપરાંત પૂજ્યશ્રીના સ્વાધ્યાયની વીડિયો કેસેટ, જિનપૂજા, ધ્યાન, ભક્તિસંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાપર્વની ઉજવણીમાં પધારવા સૌને નિમંત્રણ છે. આપના આગમનની અગાઉથી જાણ સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી છે.

## સંસ્થામાં દર સોમવારે મૌનનો અભ્યાસ

વ્યક્તિગત સાધનામાં મૌન તથા ધ્યાનનું ઘણું મહત્ત્વ છે. સાધકને મૌનથી અનેકવિધ ફાયદાઓ થાય છે. આપણી સંસ્થામાં દર સોમવારે સવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી ફરજિયાત મૌન સાધના કરવાની રહેશે.

માત્ર સ્વાધ્યાય, ભક્તિ, પૂજા દરમ્યાન બોલવાની છૂટ રહેશે. સંસ્થા સાથે જોડાયેલા મુમુક્ષુ ભાઇ-બહેનો પણ પોતાના નિવાસસ્થાને આ સમય દરમિયાન મૌનસાધનામાં જોડાઇ શકે છે.

## આપણી સંસ્થામાં 'શ્રી તત્ત્વાર્થસૂત્ર' ની સ્વાધ્યાયશ્રેણી તથા લેખિત કસોટીનો પ્રારંભ

મુમુક્ષુ ભાઇ-બહેનો જ્ઞાનાર્જન દ્વારા તત્ત્વચિંતનનો અભ્યાસ કરી શકે તેવા હેતુથી સંસ્થામાં જૈનદર્શનના બાઇબલ અથવા ગીતા મનાતા 'શ્રી તત્ત્વાર્થસૂત્ર' ગ્રંથના નિયમિત સ્વાધ્યાયનો પ્રારંભ થાય છે. આ સ્વાધ્યાય સંસ્થાના પ્રખર પ્રજ્ઞાવંત સાધક બા.બ્ર. શ્રી સુરેશભૈયા દ્વારા રચિત 'તત્ત્વાર્થ પ્રબોધિની' ટીકાના આધારે યોજાશે. તત્ત્વાર્થસૂત્ર પરની આ ટીકા સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક, શ્લોકવાર્તિક, તત્ત્વાર્થસાર, અર્થપ્રકાશિકા, તત્ત્વાર્થમંજૂષા વગેરે તત્ત્વાર્થસૂત્રની અનેક મહાન ટીકાઓના આધારે સરળ ભાષામાં, અધ્યાત્મશૈલીમાં અને અધિકાંશ પ્રશ્નોત્તરશૈલીમાં રચાયેલ છે. ગુરુપૂર્ણિમા બાદ સ્વાધ્યાયશ્રેણી શરૂ થશે. સંસ્થામાં ન રહેનારા મુમુક્ષુ ભાઇબહેનોને સ્વાધ્યાયનો લાભ મળે તે હેતુથી પ્રતિદિન આ સ્વાધ્યાય વોટ્સ-એપ આદિ દ્વારા મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે. આ માટે બા.બ્ર.કપિલભૈયાનો (મો. ૯૪૨૭૩૦૬૪૭૩) સંપર્ક કરી પોતાનો વોટ્સ-એપ નંબર નોકલવા વિનંતી છે.

વિશેષ બાબત એ છે કે આ અભ્યાસક્રમની નિયમિત પરીક્ષા લેવામાં આવશે. પ્રથમ લેખિત કસોટી દીપાવલી આરાધના શિબિરના આગલા દિવસે તા. ૨૫-૧૦-૨૦૧૯ ના દિવસે પ્રથમ આઠ સૂત્રોની ટીકાના આધારે લેવાશે. આ કસોટીની વિષયસામગ્રી સંસ્થામાંથી ઉપલબ્ધ થઇ શકશે અથવા સંસ્થાની વેબસાઇટ પરથી મેળવી લેવા વિનંતી. ધર્મપ્રેમી સાધકોને આ શ્રુતયજ્ઞમાં જોડાવા અને લેખિત કસોટી આપવા નમ્ર અનુરોધ છે.

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં શ્રી જિનમંદિરમાં અષાઢી બીજ તા. ૦૪-૦૭-૨૦૧૯ ના દિવસે નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ ભક્તિસભર વાતાવરણમાં સાનંદ સંપન્ન થયો. સવારે શ્રી જિનાભિષેક બાદ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પૂજા કરવામાં આવી. ત્યારબાદ ધર્મોલ્લાસમય વાતાવરણમાં નૂતન ધ્વજારોહણ કાર્યક્રમમાં સૌ ભાવપૂર્વક જોડાયા. નૂતન ધ્વજારોહણના કાયમી લાભાર્થી આદ. શ્રી શાંતિભાઇ મહેતા પરિવાર (મુંબઇ), આદ. શ્રી પ્રકાશભાઇ હેમેન્દ્રભાઇ શાહ પરિવાર (અમદાવાદ) તથા આદ. શ્રી નલીનભાઇ ચંદ્રકાંતભાઇ શાહ પરિવાર (અમદાવાદ) ખાસ પધાર્યા હતા.

ધ્વજારોહણ બાદ બા.બ્ર.સુરેશભૈયાનો સ્વાધ્યાય શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત હાથનોંધ-૧ ના આધારે યોજાયો હતો. પૂજ્યશ્રીનો સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે થયો હતો. આ શુભ પ્રસંગે શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, અમદાવાદના ટ્રસ્ટી આદ.શ્રી અરવિંદભાઇ પી. શાહ, આપણી સંસ્થાના ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ તથા સંસ્થા સાથે જોડાયેલા અનેક મુમુક્ષુ ભાઇ-બહેનો પધાર્યા હતા અને સમસ્ત કાર્યક્રમમાં ભાવપૂર્ણ રીતે સહભાગી થયા હતા.આ શુભદિને આદ. શ્રી નલીનભાઇ ચંદ્રકાંતભાઇ શાહ તરફથી નવકારશી (કાયમી લાભાર્થી) તેમજ આદ. શ્રી શાંતિભાઇ મહેતા પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય (કાયમી લાભાર્થી) રાખવામાં આવ્યું હતું. આમ, પ્રભુ કૃપાથી આનંદપૂર્વક નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ સંપન્ન થયો.

## છાશકેન્દ્ર અને ચોપડાવિતરણના કાર્યનું સમાપન

શ્રી પ્રભુ-ગુરુની અસીમ કૃપાથી અને પૂજ્ય સાહેબજી અને પૂજ્ય બહેનશ્રીના આશીર્વાદથી તેમજ સર્વે દાતાઓ, મુમુક્ષુઓના સહયોગથી સંસ્થા દ્વારા આ વર્ષે પણ છાશકેન્દ્રો શરૂ થયા હતા, જે ૭૮ દિવસ સુધી ચાલુ રહ્યા; જેમાં રોજ લગભગ ૯૦ લિટર દૂધની છાશ બનાવી જુદા જુદા છ ગામોના કેન્દ્રોમાં સવારે ૬

વાગ્યા સુધીમાં પહોંચાડવામાં આવતી હતી, જેનું ખૂબ સફળતાપૂર્વકનું આયોજન થયેલ હતું. આ સત્કાર્ય સારી રીતે સંપન્ન થયેલ છે.

આ શૈક્ષણિક વર્ષ દરમિયાન સંસ્થા દ્વારા કુલ ૨૫,૦૦૦ ફૂલસ્કેપ ચોપડા છપાવ્યા હતા, જે વિદ્યાર્થીઓને રાહત દરે વેચાણથી આપવાના હતા. આ કાર્ય પણ પ્રભુ-ગુરુની કૃપાથી અને શ્રી તરલાબેન દિનેશભાઇ બાવીસી (રાજકોટ) પરિવારના આંશિક આર્થિક સહયોગથી સંપન્ન થયેલ છે.

આ બન્ને કાર્ય સફળતાપૂર્વક સંપન્ન કરવા બદલ સર્વે દાતાઓ, મુમુક્ષુઓ, સેવકો અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ અને આવા સત્કાર્યો અવિરતપણે ચાલતા રહે અને સર્વેનો સહકાર પ્રાપ્ત થતો રહે એ ભાવના સાથે... સૌને જય પ્રભુ .... જય સદ્ગુરુ વંદન

**વિશેષ આભાર :**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબાથી સેવા આપનાર :** શ્રી રામજીભાઇ ચૌધરી (મંડાલીવાળા), શ્રી શ્યામસુંદર ગુપ્તા, શ્રી જોઇતારામ પરમાર, શ્રી વિપુલભાઇ પટેલ, શ્રી જીવણભાઇ પરમાર, શ્રી કાંતિભાઇ વાઘેલા, શ્રી બાદરજીભાઇ (કાકા) ઠાકોર, શ્રી નરપતભાઇ આચાર્ય તથા રસોડાનો સ્ટાફ.

**જૂના કોબામાં સેવા આપનાર સેવાભાવી સેવકો :** શ્રી વિષ્ણુભાઇ શકરાભાઇ રાવળ, શ્રી મંગાભાઇ ખોડાભાઇ રાવળ, શ્રી ઇશ્વરભાઇ બીડાજી ઠાકોર

**નવા કોબા :** શ્રી દશરથભાઇ પટેલ, શ્રી રામભાઇ રાવળ, શ્રી નટવરભાઇ પટેલ

**બોરિયા તલાવડી :** શ્રી દીપકભાઇ કાળીદાસ વાઘેલા, શ્રી બળદેવસિંગ યાદવ, શ્રી રામભાઇ ગગાભાઇ રાવળ (ઓમશાંતિ)

**નભોઇ :** શ્રી મહેન્દ્રભાઇ (ગોપાલજી) ભીખાજી ઠાકોર, શ્રી બાબુજી જેણાજી ઠાકોર, શ્રી શકરાભાઇ મથુરજી ઠાકોર, હીનાબેન શકરાભાઇ ઠાકોર

**ચોપડાવિતરણ :** શ્રી નીતાબેન લોઢીયા, શ્રી દીપિકાબેન ગઢવી, શ્રી નિશાંતભાઇ ગઢવી, શ્રી કાંતિભાઇ વાઘેલા, શ્રી હરીશભાઇ વાઘેલા તથા શ્રી સુનીલભાઇ રાવળ - શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા


## શ્રી નરસિંહભાઈના નિવાસસ્થાને પ્રભુ-ગુરુના ચિત્રપટાદિ સ્થાપનાનો પ્રસંગ સાનંદ સંપન્ન

તા. ૦૧-૦૬-૨૦૧૯ ના રોજ સંસ્થાના સેવાનિષ્ઠ, સરળ, શાંત સ્વભાવવાળા અને કાર્યકુશળ મુમુક્ષુ ભાઇશ્રી નરસિંહભાઇના નવા નિવાસસ્થાને ગૃહપ્રવેશ પ્રસંગે ભગવાન તથા શ્રી ગુરુના ચિત્રપટની સ્થાપનાનો મંગલ પ્રસંગ સાનંદ સંપન્ન થયો.

તા. ૧ જૂન શનિવારે સવારે ૯.૦૦ વાગ્યે પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્ય બહેનશ્રી તથા સૌ સાધક ભાઇ-બહેનો આદ. શ્રી નરસિંહભાઇના અમદાવાદના નિવાસસ્થાને ગયા હતા. તેમના સમગ્ર પરિવારે પૂજ્યશ્રી તથા સૌનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. પૂજ્યશ્રીના મંગલાચરણ બાદ સૌએ મંત્રજાપ કર્યા હતા. આદ. બા.બ્ર.શ્રી સુરેશજી, બા.બ્ર. શ્રી કપિલભાઇ તથા બા.બ્ર. અલકાબેને પ્રસંગને અનુરૂપ ભાવભરી ભક્તિ કરાવી હતી. ત્યારપછી તેમના પૂજાના રૂમમાં સુંદર મંદિર બનાવેલ છે ત્યાં પૂજ્યશ્રીના શુભહસ્તે

ભગવાન શ્રીરામ, પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી તથા પૂજ્યશ્રીના ચિત્રપટોની સ્થાપના ભક્તિભાવપૂર્વક કરવામાં આવી હતી. સમગ્ર પરિવારમાં ઘણો ઉલ્લાસભાવ વર્તાતો હતો. સૌએ પ્રસાદી લઇ ભાવભીની વિદાય લીધી હતી.

## સાડા છ દાયકા સુધીની અવિરત સફર
## ગુજરાતી પત્રકારત્વમાં 'ઈંટ અને ઇમારત'ની આગવી, યશસ્વી સિદ્ધિ



ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં ૨૦૧૯ ની છઠ્ઠી જૂને અને ગુરુવારે એક સીમાચિહ્નરૂપ ઘટના બની. 'ગુજરાત સમાચાર' ના દર ગુરુવારે તંત્રી પાનાં (લીડર પેજ) પર પ્રકાશિત થતાં કુમારપાળ દેસાઇનાં 'ઈંટ અને ઈમારત' કોલમે લાગલગાટ અવિરત સળંગ ૬૫ વર્ષ પૂર્ણ કર્યા. પાંચમી જૂન, ૧૯૫૪ ના રોજ સાહિત્યકાર જયભિખ્ખુ (બાલાભાઇ દેસાઇ)એ આ કોલમનો પ્રારંભ કર્યો હતો. ૨૪મી ડિસેમ્બર, ૧૯૬૯ ના રોજ જયભિખ્ખુનું અવસાન થયા પછી, ગુજરાત સમાચારના તત્કાલીન તંત્રી શાંતિલાલ શાહે આગ્રહપૂર્વક ડૉ. કુમારપાળ દેસાઇ પાસે આ કોલમ ચાલુ રખાવી. પિતા જયભિખ્ખુએ ૧૯૫૪ થી ૧૯૬૯ આશરે ૧૫ વર્ષ અને પુત્ર કુમારપાળ દેસાઇએ ૧૯૬૯ થી ૨૦૧૯ આશરે ૫૦ વર્ષ સુધી આ કોલમ ચલાવી છે. કોઇ કોલમ એક વખત શરૂ થયા પછી સતત ૬૫ વર્ષ ચાલુ રહી હોય તેવી ગુજરાતી પત્રકારત્વની આ પ્રથમ અને એકમાત્ર ઘટના છે. પુત્રો પિતાનો સંપત્તિ સહિતનો અનેક પ્રકારનો વારસો સંભાળતા હોય છે, પણ કોઇ પુત્રએ સત્ત્વશીલ કોલમનો વારસો સંભાળીને તેને દીપાવ્યો હોય તેવી પણ આ પહેલી ઘટના છે.

સાહિત્યના ક્ષેત્રમાં દલપતરામ અને કવિ ન્હાનાલાલ કે મહાદેવ દેસાઇ અને નારાયણ દેસાઇ જેવાં પિતાપુત્રનું સર્જનકાર્ય જોવા મળે છે, પરંતુ પિતા અને પુત્ર બંનેએ સાહિત્ય અને પત્રકારત્વમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હોય અને ૬૫ વર્ષ સુધી સત્ત્વશીલ અને મૂલ્યનિષ્ઠ કોલમ ચલાવ્યું હોય તેવું એકમાત્ર 'જયભિખ્ખુ' અને કુમારપાળ દેસાઇના કિસ્સામાં બન્યું છે.

૧૯૭૦ થી અત્યાર સુધી ડૉ. કુમારપાળ દેસાઇ નિયમિતપણે આ કોલમ લખી રહ્યા છે અને તેનો કોઇ પણ હપ્તો પડ્યો નથી. વિશેષ તો રાજકીય ઉથલપાથલ, મનોરંજનની ઉપરછલ્લી વાતો અને હત્યા તેમજ બળાત્કારના સમાચારોની વચ્ચે કોઇ કોલમ એકધારું ૬૫ વર્ષ સુધી વાચકોને સાત્ત્વિક વાંચન પૂરું પાડે અને સાતત્યપૂર્ણ રીતે સમાજઘડતરની ભૂમિકા ભજવે, એ ઘટના માત્ર પત્રકારત્વને જ નહીં, પણ માનવતાને ગૌરવ આપે તેવી ગણાય. સામા પ્રવાહે તરીને 'ઇંટ અને ઈમારત' કોલમે એના ઓળખ અને અસ્તિત્વને દીપાવ્યા છે. વળી, એમાં આવતી વાચકપ્રિય બનેલી 'પ્રસંગકથા', 'આજની વાત' અને 'શાયરી' જુદા રંગ ઉમેરે છે. આ રીતે અત્યંત નિયમિતપણે કોલમનું સ્તર ઊંચું રાખીને એને લોકપ્રિય અને લોકભોગ્ય બનાવવાનું કામ ડૉ. કુમારપાળ દેસાઇએ કર્યું છે. ગુજરાત સમાચારના પીઢ અને અનુભવી પત્રકાર મહેશ ઠાકર કહે છે કે - રાષ્ટ્રભાષા હિંદી કે અંગ્રેજી ભાષામાં આવા બહુમુખી પ્રતિભાસંપન્ન કટારલેખક જોયા-જાણ્યા નથી. તેઓ કોઇ પણ વિષયને સ્પર્શે તો એને તળિયે પહોંચીને મોતી લઇને આવે છે. શબ્દનિષ્ઠા, વિચારનિષ્ઠા, વ્યવસાય માટેની પૂર્ણ સજ્જતા અને પાકું ઘરકામ - એમના કોલમ-લેખનને ઉચ્ચસ્તરીય અને લોકભોગ્ય બનાવે છે. આથી જ પત્રકાર અને સંપાદક શ્રી રમેશ તન્ના નોંધે છે, 'ઇંટ અને ઇમારત' કોલમ ગુજરાતી પત્રકારત્વનું સીમાચિહ્ન છે તો તેના લેખક કુમારપાળ દેસાઇ યુવા કોલમ લેખકો માટે આદર્શ ! આવી કોલમ આપવા માટે ગુજરાતી પત્રકારત્વ અને ગુજરાત જયભિખ્ખુ તથા કુમારપાળ દેસાઇનું સદાય ઋણી રહેશે.

સમગ્ર કોબા પરિવાર ડૉ. કુમારપાળ દેસાઈને હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે.

## સંસ્થામાં શ્રુતપ્રજ્ઞસ્વામીજીનું આગમન

સમણશ્રી શ્રુતપ્રજ્ઞસ્વામીજી જ્ઞાનાર્જન અર્થે આપણી સંસ્થામાં દસ દિવસ સુધી રોકાયા હતા. બા.બ્ર.સુરેશજી સાથે ધર્મવાર્તા દરમિયાન ગહન વિષયોની ચર્ચા થઇ હતી. છેલ્લા દિવસે આદ.શ્રુતપ્રજ્ઞસ્વામીજીએ સરળ છતાં સચોટ ભાષામાં સ્વાધ્યાય આપ્યો હતો.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **ભોજનાલય :** | (૧) | શ્રી ડૉ. રાજેશભાઇ સોનેજી પરિવાર, અમદાવાદ<br>(પૂજ્ય બહેનશ્રી જન્મદિન કાયમી તિથિ - રૂ. ૨,૦૦,૦૦૦/-,<br>સંસ્થા સ્થાપના દિન કાયમી તિથિ - રૂ. ૨,૦૦,૦૦૦/-,<br>ગુરુકુળ આજીવન સંરક્ષક - રૂ. ૧,૦૦,૦૦૦/-) | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| **મેડિકલ સેન્ટર :** | (૧) | શ્રી ૐ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ,<br>(હસ્તે શ્રી પારસભાઇ મોદી, જામનગર)<br>(મોતીયાના ઓપરેશનમાં સહાય) | રૂા. ૯૦,૦૦૦/- |
| | (૨) | શ્રી પી. વી. મોદી ચેરીટેબલ ટ્રસ્ટ<br>(હસ્તે શ્રી રશ્મિકાંતભાઇ મોદી, રાજકોટ)<br>(મોતીયાના ઓપરેશનમાં સહાય) | રૂા. ૯૦,૦૦૦/- |
| **છાશકેન્દ્ર :** | (૧) | શ્રી ભારતીબેન અરવિંદભાઇ કારાણી, મુંબઇ<br>(જીવદયા) | રૂા. ૨૫,૦૦૦/- |
| | (૨) | શ્રી હંસાબેન મોહનલાલ મચ્છર (જીવદયા)<br>(હસ્તે શ્રી દક્ષેશભાઇ મચ્છર, બોપલ, અમદાવાદ) | રૂા. ૨૦,૦૦૦/- |
| **સંતસેવા :** | | શ્રી ચંદ્રિકાબેન વીરચંદભાઇ પંચાલી, બોટાદ | રૂા. ૧૦,૦૦૦/- |

## વૈરાગ્ય સમાચાર



(૧) **શ્રી નવનીતભાઇ :** ઘણા વર્ષોથી આપણી સંસ્થા સાથે સંકળાયેલા એવા ઉત્તમ મુમુક્ષુ અને સ્વાધ્યાયકાર **શ્રી નવનીતભાઇ પ્રાણલાલ શાહ**નું અણધાર્યા હાર્ટએટેકથી રવિવાર તા. ૧૬ જૂન ૨૦૧૯ ના રાત્રે ૭૪ વર્ષની વયે, ચેન્નઇ ખાતે દેહાવસાન થયું છે, જેનો સંસ્થાને ખૂબ ખેદ છે. આપ સૌને વિદિત છે તેમ તેઓશ્રી પૂજ્ય વસંતબાના જ્યેષ્ઠ સુપુત્ર અને આપણી સેવા-સાધના સમિતિના અધ્યક્ષશ્રી અશોકભાઈના જ્યેષ્ઠ બંધુ હતા.

તેઓશ્રી જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી હતા. ઘણા વર્ષોથી ચેન્નઇ-ટી

નગરના મુમુક્ષુઓને તેઓ શ્રી વચનામૃતજી તથા શ્રી સમયસાર આદિ ગ્રંથોને સરળ ભાષામાં સમજાવી સત્સંગ કરાવતા. જ્યારે પણ કોબા આવતા ત્યારે તેમના તત્ત્વજ્ઞાન યુક્ત, પરમાર્થ પ્રેરક મનનીય સ્વાધ્યાયોનો લાભ મળતો. તેમના કુટુંબને પૂજ્ય ગુરુદેવશ્રી આત્માનંદજીનો પરિચય ૧૯૭૬ માં તેમના થકી જ થયો હતો. પછી તો બન્ને ભાઇઓના પ્રેમપરિશ્રમથી પૂજ્યશ્રીની અનેક સ્વાધ્યાયશ્રેણીનો લાભ મદ્રાસના જૈન-જૈનેતર સમાજને મળ્યો હતો. શ્રી નવનીતભાઇએ પૂજ્યશ્રી ગોકુળભાઇના ઘનિષ્ઠ સત્સંગ-સમાગમનો ખૂબ લાભ ઇડર તેમજ મુંબઇના પર્યુષણમાં લીધો છે. તેઓશ્રી દિગંબર જૈન મંદિર દેવલાલી ખાતે અનેક શિબિરોમાં હાજર રહી તત્ત્વજ્ઞાનનો ગૂઢ અભ્યાસ કરતા. શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર શ્રી નિયમસારની પાંચ ગાથાઓ (હું એક શુદ્ધ સદા અરૂપી... આદિ) નું રોજ નિયમિત પારાયણ કરતા અને કરાવતા. અંત સમયે હૉસ્પિટલ જતા પહેલાં પણ ધર્મપત્ની શ્રી સુધાબેનને આ પાંચ ગાથાઓ બોલાવી હતી. આ રીતે વીતરાગ તત્ત્વના ઊંડા સંસ્કાર સાથે લઇને તેઓ પ્રયાણ કરી ગયા.

શ્રી નવનીતભાઇ કર્મયોગી પણ હતા. ચેન્નઇની અનેક સંસ્થાઓ સાથે જોડાઇને તેમણે ઘણી સમાજ-સેવા કરી છે. વર્ષો સુધી તેઓ વાંકાનેર મિત્રમંડળના પ્રમુખ રહ્યા. તેમજ શ્રી વાંકાનેર જૈન વેલફેર સોસાયટી તેમનું brainchild હતું, જેની સુંદર યોજના બનાવી અનેક જરૂરતમંદ સભ્યોને ઘર, દુકાન, વેપાર માટે ઓછા વ્યાજે લોન અપાવી આર્થિક રીતે સધ્ધર કર્યા છે. કોઇપણ સંસ્થાને કંઇ મૂંઝવણ હોય તો તેમની સલાહ લઇ તેમના બહોળા અનુભવનો લાભ લેતા. તેમણે IIM-અમદાવાદમાં MBA નો ઉચ્ચ અભ્યાસ કર્યો હતો.

સરળ, આધ્યાત્મિક અને વાત્સલ્યયુક્ત એવા શ્રી નવનીતભાઇના નિધનથી આપણી સંસ્થાને પણ ખોટ પડી છે. આપણે સૌ તેમને ભાવભીની શ્રદ્ધાંજલી આપીએ છીએ. પ્રભુ તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તથા તેમનો પવિત્ર આત્મા જ્યાં હોય ત્યાં સત્‌દેવ-ગુરુ-ધર્મનું શરણ પામી મોક્ષમાર્ગમાં શીઘ્રતાથી આગળ વધે એ જ સમગ્ર કોબા પરિવારની પ્રાર્થના.

(૨) **અમદાવાદ :** સંસ્થામાં ઘણા લાંબા સમય સુધી રહીને સાધના કરનારા ધર્મપ્રેમી **આદ. શ્રી વિનયકાન્ત દોશી**નું તા. ૦૧-૦૬-૨૦૧૯ ના રોજ ૯૪ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ આપણા સાધનાકેન્દ્રના અંતેવાસી સાધક હતા. લગભગ ૨૨ વર્ષ સુધી તેઓશ્રી તથા તેઓના ધર્મપત્ની સ્વ. કંચનબાએ પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં રહીને સુંદર ધર્મઆરાધના દ્વારા આત્મોન્નતિ કરેલ છે. 'સાદુ જીવન અને ઉચ્ચ વિચાર' તેઓશ્રીનો જીવનમંત્ર હતો. પૂજ્યશ્રી તથા સંસ્થાની સેવામાં તેઓ નિરંતર તત્પર રહેતા. શાંત તથા સરળ સ્વભાવ એ તેઓના વ્યક્તિત્વની આગવી ઓળખ હતી. તેઓ અશાતાના ઉદયમાં ઘણી સમતા રાખતા હતા; જે આપણા સૌ માટે અનુમોદનીય અને અનુકરણીય છે. મિલનસાર તથા પરોપકારી સ્વભાવના કારણે તેઓ આશ્રમમાં સૌના પ્રિયપાત્ર બન્યા હતા. **'યથા નામ તથા ગુણ'** અનુસાર વિનય ગુણને તેઓએ આત્મસાત્ કર્યો હતો. જેમ દૂધમાં સાકર ભળી જાય તેમ આશ્રમના મધુર વાતાવરણમાં તેઓ સૌ સાથે હળીમળી ગયા હતા. આશ્રમમાં કોઇપણ સેવાનું કાર્ય હોય તો તેને માટે તેઓ સદા તત્પર રહેતા. બીજાને મદદરૂપ થવાની તેઓની ભાવના ખરેખર સ્તુત્ય હતી. તેઓની પ્રાર્થનાસભામાં પૂજ્યબહેનશ્રી સાથે કેટલાંક મુમુક્ષુ ભાઇ-બહેનોએ હાજરી આપી હતી.

આવા સદ્‌ગુણસંપન્ન મુમુક્ષુ આદ. શ્રી વિનુભાઇને સમગ્ર કોબા પરિવાર ભાવભીની શ્રદ્ધાંજલી અર્પણ કરે છે અને તેઓનો ભવ્ય આત્મા આવતા ભવોમાં વિશેષ ધર્મ આરાધના કરી શીઘ્રતાથી પરમપદને પ્રાપ્ત કરે તેવી પરમાત્માને પ્રાર્થના કરે છે.

## સંસ્થામાં ૨૧ જૂન 'યોગદિન'ની ઉજવણી વેળાએ





પ્રજાપિતા બ્રહ્માકુમારી,
બાપુનગર(અમદાવાદ) મુકામે
યોગાચાર્ય શ્રી દુષ્યંતભાઈ મોદીના
તત્ત્વાવધાનમાં યોજાયેલ
યોગશિબરના ઉદ્‌ઘાટન વેળાએ
(૦૨-૦૭-૨૦૧૯)



## આદ. મુમુક્ષુ શ્રી નરસિંહભાઈના નિવાસસ્થાને પ્રભુ-ગુરુના ચિત્રપટાદિની સ્થાપના વેળાએ (તા. ૦૧-૦૬-૨૦૧૯)









**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020**
**issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month**

## સંસ્થાના જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ વેળાએ (અષાઢીબીજ)






## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

❶ ‘દિવ્યધ્વનિ’ જુલાઈ-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**શ્રીમતી જયશ્રીબેન જ્યોતીન્દ્રભાઈ સોનેજી પરિવાર, ટોરોન્ટો, કેનેડા**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ ‘જ્ઞાનદાન’ની અનુમોદના કરે છે.

❷ ‘દિવ્યધ્વનિ’ જુલાઈ-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**સ્વ. મનુભાઈ ધનાણી પરિવાર**

**હસ્તે : શ્રી હેમીબેન મનુભાઈ ધનાણી, નૈરોબી**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ ‘જ્ઞાનદાન’ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,